અષો-બએષજ઼ે, દાતો-બએષજ઼ે, કરેતો-બએષજ઼ે,
ઉર્વરોબએષજ઼ે, માંથ્રો-બએષજ઼ે ; બએષજ઼નાંમ્
બએષજ્યોતેમો યત્ માંથ્રેમસ્પેન્તેમ્-બએષજ્યો :
યો નર્શ અષઓનો હચ ઉરૂથ્વાંન્ બએષજ્યાન્,
અએષોજ઼ી અસ્તિ બએષજ઼નાંમ્ બએષજ્યોતેમો.

અશોઇથી સાજું કરનાર (અથવા તંદરોસ્તી આપનાર), ઇનસાફથી સાજું કરનાર, શસ્ત્ર વૈદ્ય (અથવા વાહાડકાપથી સાજું કરનાર), ઝાલાપાલાથી સાજું કરનાર (તથા) માંથ્રવાણી (ભણીને) સાજું કરનાર (એ પ્રમાણે પાંચ જાતના જુદા જુદા વૈદ્યો હોય છે). (પણ) પવિત્ર માંથ્રવાણી ભણીને સાજું કરનાર (બધા) વૈદ્યોમાં ઘણોજ તંદરોસ્તી આપનાર (છે), (કારણ કે) તે અશો માણસનાં બાતેનથી (તેને) તંદરોસ્તી આપે છે; (બધા) વૈદ્યોમાં તે ખચીત ઘણોજ તંદરોસ્તી આપનાર (છે).

(અરદીબેહેસ્ત યશ્ત બા માએની.)

કા. એ. કાંગા.

તીલસમે જ઼રથુસ્ત્ર

યાને

ચમત્કારીક અસર ધરાવનારા પાક કલામો તથા નીરંગો.

[બીજી આવૃતી.]

પ્રસિદ્ધ કરનાર

દાદાભાઇ માણેકજી બીલીમોરીઆ.

મુંબઇ:
ચેરાગ પ્રીન્ટીંગ પ્રેસ, મનોરદાસ સ્ત્રીટ, કોટ.
૧૯૦૭.

દીબાચો.

જાદુને નામે અસલથી ઓળખાતી આવેલી પાપી વિદ્યા સામે તેમજ દુષ્ટ જાદુગરોનાં કાળાં કામો સામે પાક મજદયસ્નની જરથોસ્તી દીન મોટો ધીક્કાર દેખાડે છે, તથા દરેક જરથોસ્તીને તેઓ સામે મજબુત લડત ચલાવવાનું શીખવે છે. જાદુને મનના ખોટા ખ્યાલ અથવા વહેમ તરીકે ગણીને નહી, પણ ખરેખરી હસ્તી ધરાવતી બુરાઇ તરીકે ગણીને જરથોસ્તી ધર્મ તેને ધીક્કારી કાઢે છે. હાલના કેટલાક પારસીઓ જેઓ પોતાને સુધારાવાળામાં ખપાવવાનું ખાલી ગુમાન રાખે છે, તેઓ જાદુની હસ્તી માનવા ના પાડે છે, અને બેખબરીથી તેને માત્ર વહેમ તરીકે ગણી હસી કાઢે છે, જો કે જરથોસ્તી ધર્મમાં જાદુની હસ્તીને અને જાદુગરોની બુરાઇને કબુલ રાખેલી તથા વખોડી કહાડેલી જોવામાં આવે છે. જાદુ જેવી મેલી અથવા પાપી વિદ્યાની હસ્તી નહી માનનારાઓ તે વીશે ઘટતો અભ્યાસ અને શોધખોળ કર્યા વગર પારકા તકલીદી મતને વળગી રેહતા જણાય છે. જો જાદુ તથા જાદુગરો જેવી ચીજની હસ્તીજ ન હતે, તો એ બંનેને વખોડી કહાડવાની જરૂર અવસ્તા કલામમાં કદી રેહતે નહી. અને તેટલાજ માટે એને લગતા કેટલાક ઇશારાઓ અવસ્તામાંથી મલી આવતા અત્રે ટાંકેલા વધુ ઉપયોગી થઇ પડશે :—

"એ (બધું) હું માંગુ છું કે જેથી કરીને તમામ દ્વેશ રાખનારાઓની, દેવોની, માણસોની, **જાદુગરોની**,...ખરાબીઓને હું તોડું"

(યજશનેનો હા ૯ મો, ફકરો ૧૮ મો.)

"**જાદુગરોની, જાદુગરને** લગતાઓની, હયાતી ભોગવનારાઓમાંના કોઇણી બુરાં (માણસ)—(એ બધાઓની) સરદારીને (મારા) મને કરીને, વચને કરીને, કામોએ કરીને (તથા) જાહેર રીતે હું ખરેખર ધીક્કારૂં છું."

(યજશને હા ૧૨ મો, ફકરો ૪ થો.)

"ભયંકર (માણસો) ના તથા **જાદુગરોની** સામે થવાને તથા (તેઓને) બહાર કાહડી નાખવાને...હમો (યથા, અષેમ તથા યંડહે હાતામને પુરતી રીતે આશકારા કરીએ છીએ.)."

[યજશને હા ૬૧ મો., (યુરોપીઅન ગણત્રી મુજબ) ફકરો ૩ જો.]

જરથોસ્તી ધર્મમાં નેકી અને પાકીજગી અખત્યાર કરવાની એક જરથોસ્તીની પહેલી અને ખાસ ફરજ જેટલી છે તેટલીજ અગતની અને જોડેજોડ જતી ફરજ તે બદી તથા નાપાકીની સામે બળતવારીથી લડાઇ ચલાવવાની છે, અને જેટલા ઉમંગથી નેકીનો સ્વીકાર કરવાની અગત પાક જરથોસ્તી દીન જાહેર કરે છે તેટલીજ ઉલટ અને ઠરાવથી બદીનો તુચ્છકાર કરવાની પણ ફરજ આપે છે. આપણો પુરાણો જરથોસ્તી મજહબ કે જે, ઉંડી ધર્મ—ફીલસુફી અને મીનો જ્ઞાનથી પ્રકાશી રહયો છે, કે જે એક નાકેથી બીજે સુધી, "કેમના મજદા" ની શરૂઆતથી તે યજશને વંદીદાદના છેડા સુધી ભલી અને બુરી શકતીઓની હસતીથી નીપજતી સારી માઠી અસર વીશે અનેક

રૂપે અને અનેક રૂપે સમજાવે છે. જે ધર્મ **અહુરહે દકેશો** એટલે હોરમજદના તરીકા યા કાયદાને નામે ખાસ કરી જાહેર કરે છે તેને વળી **વીદએવો** એટલે 'દેવથી જુદો' એવી રીતે બાર મુકીને ઓળખાવ્યો છે—જે દીન "ક્નોશ્ર અહુરહે મઝ્દાઓ" (હોરમઝદની ખુશનુદી) ની જોડેજોડ "તરોઇદીતે અંગ્રહે મઇન્યે-ઉશ" (એહરેમનને તોડવાની ઇચ્છા) ના કલામ ખાસ આપવાની જરૂર જોય છે તે દીન બદરૂહી શકતીઓની હસ્તીનો ઇનકાર કરે છે એમ કોણ કહી શકશે? જરથોસ્તી દીન બુરી હસ્તીઓનો ખોટો ઇનકાર નહી પણ ખરો, જીગરનો, દીનની શરીયત મુજબનો ધીક્કાર કરતાં શીખવે છે, અને તેઓને કશી રીતે નહી ગણ-કારવાનો બોધ દે છે. અને એવી રીતે ખુલ્લી રીતે જરથોસ્તી ધર્મમાં જાદુ જેવી હસ્તીને કબુલેલી જોયા પછી આપણે જાદુ જેવી મેલી વિદ્યા વીશેની અત્રે થોડીક તપાસ લેવાની જરૂર છે.

જાદુ જેવી મેલી વિદ્યામાં કાંઇ ખોદાઇ જ્ઞાન અથવા મોટાઇ સમાયલી નથી તેમજ એ મેલી વિદ્યા મેળવવામાં કોઇ જાતની અશોઇ કે પાક એબાદત કરવી પડતી નથી; ઉલટું અન-અશોઇ યા અપવિત્રાઇ તેનો મદદગાર છે. મેલી વિદ્યાને લગતા કેટલાક નીયમો પાલી તે વિદ્યાના કોઇ ઉસ્તાદ પાસે થોડી તાલીમ લેવાથી, અથવા કોઇ જાતની હલકી તપજપ કરવાથી એ જાતની બુરી ઠગારી શક્તી પ્રાપ્ત કરી શકાય છે; અને એ શકતીથી ચોકસ વીસ્તાર ઉપર તે (જાદુગર) પોતાનો કાબુ ચલાવી શકે છે.

શેતાની શકતી ઘણી જાતની હોય છે, અને તેથી તેમના વર્ગ પણ ઘણા કરી શકાય. મરણ પામેલાં માણસોના 'આકાશી'

કાલબુદના અણદીઠ છાયારૂપો, જે પોતાના હવસો અથવા સંસારના અભખરાને લીધે ખાકી તબક્કાના આકર્ષણમાં જાણે પકડાઇ રહે છે, તે પણ એક જાતના દરૂજી વર્ગમાં આવી શકે છે. વિષયી અથવા હવસી માણસોના બદવિચાર–આકારો, તથા કીના, કપટ લોભ, લાલચ, વગેરેના વિચાર–આકારો ચોક્કસ મુદ્દત લગી ચોકસ જાતનાં કામચલાઉ દરૂજ રૂપો, કુદરતી કાયદે, ધારણ કરે છે. આ "દરૂજો" દુન્યાઈ તબક્કામાં ભટકતા રહેતા હોવાથી દુન્યામાં ખરાબી કરે છેજ; પણ જ્યારે તેઓનું "સાધન" કરવામાં આવે છે યાને જાણી જોઇને તેઓ સાથે સંબંધ સ્થાપવામાં આવે છે, અને તેઓની ખાસીઅતને અનુસરતી અપવિત્ર આરાધના તથા ખોરાક. જેવો કે લોહી, દારૂ, વગેરે ચીજોથી, તેમજ જુદી જુદી જાતનાં બદબોઈ ભરેલાં ધુપથી તેમને તૃપ્ત કરવામાં આવે છે, ત્યારે તેના બદલામાં તેઓ તે પાપી પુંજારીના તાબેદાર થઈ રહે છે, જે હવે એક જાદુગર બને છે. દરૂજી સાધનોની મારફતે આ સંસારને લગતાં કેટલાંક કામો તે પોતાની મરજી મુજબ કરાવે છે; ભુવા વગેરેના ધુણવાના મેલાવડા, પીર સેવરાની માનતા, વગેરે, ઘણું કરીને છાયારૂપ "ખોખાં" ની પુંજાનાં પરીણામો હોય છે. એવી સાધનાનું કામ જાદુઇ વર્ગમાં આવે છે; કારણ કે તેથી તેના સંબંધમાં આવનાર દરેક માણસના મીનોઇ વધારાનો અટકાવ થઇ ખાકી ભુવનપર ભટકતાં હલકી ખાએશનાં વિનાશી રૂપોની અસર નીચે વધતું ઓછું તે જઇ પડે છે. આ વર્ગના જાદુગરોને યાને મેલી વિદ્યાના સેવકોને અજ્ઞાન લોકો ભોળવાઇને તેને કોઇ મહાત્મા કે "પરહેજગાર" તરીકે માને છે, અને આગળ વધી કેટલીકવાર તેમની

પુંજા અથવા પરસ્તેશ એક યા બીજે આકારે કરે છે. એવા વેહમાયલા લોકો છેવટે પોતાનાં રવાનને, કુદરતી કાયદા મુજબ, મરણ પછી દરૂજોનાં રહેઠાણમાં લઇ જવાનો રસ્તો મોકળો કરી આપે છે. એવા ભુતપુજારી અથવા દેવપરેસ્ત લોકોની વલાણ અથવા ખાહેશ ખાકી તબક્કાના આકર્ષણમાં ઘેરાઇ રહેલાં ખાહેશ–તત્વનાં ખોખાંઓ તરફ હોવાથી, મરણ પછી તેઓના રવાનો પાધરાંજ એ હાલત (દરૂજો–દેમાન) માં ખેંચાઇ જાય છે. કારણ કે જીંદગી દરમ્યાન તેઓનો ઉંચામાં ઉંચો બીચાર આ દરૂજ "લોક" સંબંધ હોવાથી તેઓનું ત્યાંજ જવું થાય છે.

પણ એટલું ખુબ યાદ રાખવું કે, શેતાની શકતીઓ સારી કરણીના મણસ ઉપર અસર કરવા જેટલી અથવા ફાયદા જેટલી કશી પણ અંગત શકતી ધરાવતી નથી. દાખલા તરીકે જેમ અંધકાર ખરેખર હસ્તી ધરાવતો નથી–તે તો રોશનીની ગેર-હાજરીનું માત્ર પરીણામ છે; જેમ થંડી જેવી ખરેખરી 'ચીજ' નથી, પણ ગરમીની ગેરહાજરીનું એક કુદરતી પરીણામ છે, તેમ પલીદ શકતીઓ અથવા આપણે જેને સાધારણે "દેવો" કહીએ છીએ તેઓમાં અંગત એવી શકતી નથી અથવા જાતી જોર નથી કે જે ભલાઇ યા અશોઇનાં જાતી બળ ઉપર ફાવી શકે. એ વીચાર અરદીબેહેસ્ત યસ્તની "નીરંગ" માં વધારે ખોલાસાથી તથા મજબુતાઇથી અપાયલો મલી આવે છે. "અહેરેમન્ઁ હીચ્, નાદાન્"—એહરેમન કંઇજ નથી, નાદાન છે; એટલે કે સર્વ શકતીવાન ખરી હસ્તી (સત) સાથે સરખાવતાં એહરેમન કંઇજ નથી, જોણે ખરી હસ્તી ધરાવતોજ નથી. વળી અંગ્રહે મઇન્યેઉશને "નાદાન" કેહવામાં આવ્યો છે તેનો સબબ

તેની સીફ્તો ધ્યાનમાં લેતાં માલમ પડશે. ખાકી શરીર વીનાની મીનો હસ્તીઓનું બળ અથવા તેમની શકતી તેમના ઉંચા "હોશ" યા બુદ્ધિને લીધે છે. અને આતો જાણીતું છે કે બુરાઇનો કર્તા પોતેજ અશોઇને લગતા ઉંચા "હોશ" થી બે-નસીબ છે, ખરાં જ્ઞાનથી ખાલી છે—કે જેથી તેને હમેશાં ભવી-શનાં જ્ઞાનથી બીનવાકેફ, એટલે "પસ્છમ બુદ્ધી" નો (પાછળ-થી આવતી સમજવાળો) કરી વારંવાર જણાવવામાં આવ્યો છે.

જ્યારે ખુદ બુરી શકતીઓ પોતે પવીત્ર નુરમંદ અકલથી બેનસીબ હોય, ત્યારે તેની પેદાયશ ઉંચી બુદ્ધીથી ખાલીજ હોવી જોઇએ. અને આપણે જે ધ્યાનમાં રાખવાનું છે તે એજ કે અશોઇને લગતી અક્કલ અથવા હોશ જે છે તે પોતેજ ઉંચા પ્રકારની નુરી શકતી અથવા મીનોઇ બળ છે. એમ હોવાથી દેવો, કે જેઓમાં નુરી હોશ હોતો નથી તેઓમાં અંગત બળ પણ નથી—બીજા બોલોમાં દેવો યા દુષ્ટ શકતી-ઓમાં સ્વભાવીક બળ અથવા જાતી જોર હોતું નથી. જે કંઇ શકતીઓ તેઓ ધરાવે છે તે એક જાતની ઉછીની શકતી કહી શકાય—જે મીસાલે ચંદ્ર સુર્યની રોશનીથી દીપે છે તે ઉછીની રોશની છે, તે મીશાલે દેવોની શકતી ઉછીની છે. અને તેટ-લાજ માટે પલીદ રૂહાની શકતીઓ નેક માણુસોની ઉપર ખરાબ અસર કરે એવું પોતાનામાં જીવ જેવું બળ ધરાવૃતી નથી, કે જેનાં કારણોનો સાર ઉપર જણાવવામાં આવ્યો છે.

પણ કેટલીક વાર બદરૂહી હસ્તીઓની સતાવણી વીશે આપણે સાંભળીએ છીએ તેનું મુખ્ય કારણ તે માણુસનાં મનની

તથા શરીરની અપવીત્રાઇ અથવા નાપાકીજગી છે. બદ શકતીઓ, બદ વીચાર તેમજ તનની નાપાકીજગી ભરી હાલત તરફ જલદી ખેંચાય છે. અને એ માત્ર કુદરતી નીયમને અનુસરતું છે. **નબળું મન** શેતાની શકતીઓને માટે એક ફળદ્રુપ જગા છે, કે જેમાં તેઓ જાણે ઉછરીને "જીંદગી" લઇ શકે છે. મનની નબળાઇથી ખોટા વીચારોનો છાપ નબળાં મનના આદમી ઉપર વહેલો થાય છે. એવા વીચારો **ખોટા** માર્ગે ઉપરથી **ખરાબ** માર્ગે આવતાં, જો કંઇ અટકાવ નહી મળે તો, વીલંબ લાગે તેવું નથી. આ પ્રમાણે ઉતરતી પંકતીની બદરૂહી હસ્તીઓ નબળા માણસ ઉપર પોતાની નાપાક અસર ચલાવી શકે છે. મનની નબળાઇથી એક આદમી પોતાનાં મનનો કબજો બીજાને હસ્તક જવા દે એવી હાલતમાં હોય છે. પારકાના હસ્તકમાં મનનો કબજો જવા દેવો તેનો ખોલ્લો અર્થ એજ કે પારકી તાબેદારી તળે તે માણસ પોતાને મુકે છે. નબળાઇથી કે બીકથી (બીક મનને નબળું કરવાનું એક સાધન છે) એક માણુસ પોતાના મન ઉપર અખત્યાર નહી રાખી શકે અને તેથી પારકાની નાપાક શીખવણી તેમજ અસરોને ધીમે ધીમે વશ થાય છે અને પરીણામમાં તેનાં કમતાકાત મનનો કબજો બદકાર આદમીઓ કે બદરૂહી શકતીઓ લઇ શકે છે. એ તેના હકમાં ઘણુંજ નુકસાનકારક છે.

નાપાક માણસોની તથા પલીદ દેવદરૂજોની ભુંડી અસર સામે બળતવારીથી થવાની દરેક જરથોસ્તીની એક અગતની ફરજ છે. જેટલી અગત અશોઇની બાજુમાં રહી ચાલવાની છે, તેટલીજ અગત બદીનો તીરસ્કાર પુર હીમત અને ઠરાવથીં કરવાનું

આપણને ફરમાન અપાયલું છે. અવસ્તા માંહેલા "કેમ્ ના મજ્દા" ના પાક કલામ પઢતાં એક જરથોસ્તી જે પહેલી અરજ ગુજારે છે તે દેવોની પલીદ અસરથી પોતાનો બચાવ ચાહવાની છે. અશો અહુરમજદ આગળ તે પેહેલે એજ વીનંતી કરે છે કે જ્યારે દરવંદ તેની ઉપર કીનો લેવાની હીમત કરે ત્યારે તે ખોદાવંદ સીવાય બીજો કોણ તેનો પાસબાન છે, "કોણ તેનાં **મનનો** બચાવ કરનાર છે?" મનને ખરાબ અસરોથી બચાવવાની આ અરજ ઘણી ધ્યાન પહોંચાડવા જોગ છે; કારણ કે મન જ્યાં સુધી નેકી તરફ મજબુત વળગેલું હોય ત્યાં સુધી તે "દેવો" ના કબજાની બહાર કહેવાઇ શકાય. દેવોની દુષ્ટ **અસરો** તોડવામાં એ "કેમ્ ના મજ્દા" એટલી બધી તો અસરકારક બંદગી ગણાતી આવી છે કે તેને વંદીદાદમાં વારંવાર "ઘણાજ ફતેહમંદ તથા તંદરોસ્તી આપનાર" કલામ કરીકે જાહેર કીધેલી છે અને તે ભણવાની તાકીદ કીધેલી છે.

જાદુગરોની જાદુઇ અથવા બુરી અસર પરહેજગાર માણસ પર ચાલી શકતી નથી. કારણ કે તન અને મનની પવીત્રાઇ રાખનાર માણસની આસપાસ એવું બળવંત "ખુરેહ" રહે છે કે જેથી ગમે તેવાં જાદુની બુરી અસર અથવા શક્તી તેમાં પેવસ થઇ શકતી નથી. જો એક સંપુર્ણ અશો તથા પરહેજગાર પુરૂષ પર કોઇ જાદુગર પોતાનું જાદુ ચલાવે તો જાદુઇ બળ પેલા અશો અને પરહેજગાર શખસને કંઇબી નુકશાન કર્યા વગર તેની ઉપરથી કુદરતી પાછું ફેંકાઇ ખુદ જાદુ ચલાવનારની ઉપ-રજ જઇ પડી તેને નુકશાન કરે છે, અને વખતે તેનું મરણ પણ નીપજાવે છે. અને એવી રીતે મજબુત મન, સાબેત

2020

એકીન, તન-મનની પાકીજગી, અને માંથ્રવાણીની બરકત ભરેલી ચાલુ બંદગી હરકોઇ જાતની શેતાની અસરને આસાનીથી દફે કરી શકે છે.

હવે વાંચનાર! જે મૂળ કારણને લીધે આ બાબદ હાથ ધરવામાં આવી છે તે ઉપર આવ્યે. હાલમાં પારસી ઓરતોમાં બુતપરસ્ત માનતાઓ અને જુદદીન રસમો કંઇ પણ અંકોશ વગર ખુલ્લી રીતે ચાલતી જોવામાં આવે છે, અને સુધારાની તથા સ્ત્રી કેળવણીની સઘળી ડીંગ છતાં, આજની સુધરેલી કેહવાતી ઘણીક પારસણો વઝીક એવા વહેમો અને બુતપરસ્તીને શરણે થયલી જણાય છે. એવી ઓરતો દેવ દેહડાંની માનતા કરતી ફરે છે, કુવાઓ માંહેના પીર કે દેવીને માટે ઘીના દીવા, ફુલના હાર અને નાળીએર ચડાવવામાં મરી ફીટે છે, પરીઓની માનતા કરવામાં આવે છે, અને 'પરીઆંના રોજા' ભરવાનાં નામથી તરેહવાર ફલ ફુલો અને મીઠાઇ મેવાઓના ભરપુર સુપરાઓ પર તેઓને માન અને ગંભીરાઇથી યાદ કરવામાં આવે છે, અને બાજે વખત "કાળીચઉદસ" ને દીને મરઘાં કે બીજા પ્રાણીનો ભોગ અપાવવા જેટલી હીણપસ્તી ભરી દેવદરૂજપરસ્તી પર ઉતરી પડે છે. અને એવી રીતે પારસી કોમમાં આવી નઠારી જુદદીન રાહરસમો તથા માનતાઓ કરવાની ગુનાહ ભરેલી બુતપરસ્તી આપણી નજર સામે દીવસો સુધી વગર હરકતે ચાલતી આવી છે, જે ખરેજ! જરથોસ્તીઓનાં ઇમાનની જોત ઝાંખી થતી જવાની નીશાની છે! એમ હોવાથી જેઓ પોતાને સાચા જરથોસ્તી કેહવાડે છે, અને માને છે, તેઓની ખાસ ફરજ તો હાલ એ છે કે, જેમ બને તેમ પોતાના મહા કદીમ અને

અતી ખાલેસ મહજબને ટેકવી રાખવાને તથા તેની સ્વચ્છતા જાળવી રાખવાને પોતાથી બનતા સઘળા ઉપાયો લેવા, અને ટોલામાં પસરતી જતી જુદદીનની માનતાઓને તેમજ છુપી અનીતીને ઉખેડી કાઢવાને પોતાથી બની શકતી ફરજ બજાવાની છે.

આપણા પાક મહજબમાં ગુનાહભરી બુતપરસ્તીને કોઇબી કારણથી આધીન નહી થવાની, બલકે ધીક્કારી કાઢવાની સખત તાકીદ કરવામાં આવેલી છે. જે ચીજને અથવા કામને આપણા અંતઃકરણથી ભુડું, નુકસાનકારક કે ગેરફાયદાનું જાણીએ તે ચીજ યા કામની સામે, જો આપણાથી બની શકતી સઘલી રીતે, થઇએ નહી તો, જરથોસ્તી દીનનાં ધોરણે જોતાં, ફરજ નહી બજાવવા બરોબર થાય છે, એટલુંજ નહી પણ ભલાંને તેટલી હદ સુધી કમજોર કરવા સરખું પાપી કામ થઇ પડે છે. દુષ્ટ માણસ કે ચીજથી બીહવાને બદલે તેનો ખોલ્લો તુચ્છકાર કરવો તેમજ તેનો પરાજય શોધવો એ સાચા જરથોસ્તીની ફરજ છે.

"ઇથા -ઇ હઇથ્યા નરો અથા જેનયો દ્રૂજો હચા રાથેમો યેમે સ્પષુથા ફ્રાઇદીમ્, દ્રૂજો આયેસે હોઇથા તન્વો પરા, વયૂ-બેરેદુબ્યો દુશ્-ખરેથેમ્ નાસત્ ખ્રાથ્રેમ્, દ્રેગ્વોદેબ્યો દેજીત્-અરેતએઇબ્યો અનાઇશ આ મનહીમ્ અહૂમ્ મેરેન્ગેદુયે.

.(ગાથા વહિશ્તોઇશ્ત. યજશને હા ૫૩મો)

"અએ નરો તથા નારીઓ! દરૂજના માર્ગને (તથા તેના) વધારાને જાહેર રીતે તમો બંધ કરજો. 'દરૂજની આરાધનાથી તમારાં તનનો સંબંધ છોડવજો.' ખરાબ ખોરેહવાલું સુખ

માણસોને માટે નાશ કારક (છે). રાસ્તીની હાની કરનારા ખુરા માણસોથી (અએ નર તથા નારીઓ) (તમો તમારી) મીનોઇ જીંદગીને (યાને આવતા ભવની હૈયાવીને) ખરાબ કરો છો.”

(એરવદ કા૦ એ૦ કાંગાનો તરજુમો.)

એક હાથ ઉપર અંદરખાનેથી ઉપર જણાવ્યા જેવી ગુનાહ ભરેલી બુતપરસ્તી ચાલે છે ત્યારે બીજા હાથ ઉપર જાહેરમાં જુદીજ રૂપે શરમ ભરેલી દરૂજપરસ્તી તથા શયતાનીયતપણાએ પણ ઘર ઘાલેલું જણાય છે. આપણી કોમની કેટલીક અભણ વેહમી અને બુબખ પારસણો, વહેમને વશ થઇને જુદદીનની સંગતમાં ભરાઇને ધુણવા વગેરેનું ચેટક લઇ બેઠેલી સાંભળવામાં આવી છે. અને એવી રીતે પારસણો ધુણે અને બુતપરસ્તીને ઉતેજન આપે એ ખ્યાલ ઘણોજ દુઃખ ઉપજાવનારો છે. અને માત્ર સ્ત્રીઓજ આવી બદીમાં ખરાબ થાય છે એમ નથી પણ કેટલાક મરદો પણ પોતાના ઘરની ઓરતોની ફુસલવણીને તાબે થઇ તેવા વહેમને તાબે થાય છે જે ઘણીજ અફસોસની વાત છે. આવા વહેમમાં અને વહેમમાં ચેટક લાગવાથી આખરે ધર્મથી અધર્મી બની જુદદીન એતેકાદ યા ધર્મ તરફ ઢળી જઇ પોતાનો પાક મહજબ છોડી પરકોમમાં વટલી જવાના ખેદકારક દાખલાઓ બન્યા છે. અને એવી રીતે કોમમાં પસરતી જતી બુતપરસ્તી, અને જુદદીન આચારવીચારનો વધતો જતો જોર એ પારસી કોમની ખરાબીનું ભયંકર મુળ જણાય છે! અરે! એથી પણ વધુ જે કોમની આબરૂ નીતીનો, તેમજ સંસારનું સત્યાનાશ વાળનારી જે અતી ભયંકર શેતાની બદીએ જડ ઘાલેલી જણાય છે તે કાંઇજ નહી પણ પારસી સ્ત્રીઓનું સેવરા બ્રાહ્મ-

ણોમાં ફરી જાદુકોટલ કરાવાનું સૌથી પાપી અને દોજખી કામ છે. આ બદકાર ઓરતો, જેઓ ધર્મ, એટલે પોતાની ફરજ, સરજત શી છે, તે જાણવાનું છોડી સંસારનાં ખ્યાલી તથા ફાની સુખનેજ સર્વોત્તમ માને છે, તેઓ સંસારમાં શારીરીક ઉધ્યોગ કે ઉપાયોથી સુખ મેળવવાને બદલે કોઇ અણદીઠ કે ગેબી 'સાધન' વડે થોડી સગવડ કરી આપનાર વીશે ઉંચુ મત બાંધી તેના ઉપર ઇમાન લાવે છે, અને તેમ કરી ખરા મીનોઇ માર્ગ તરફથી હાથે કરીને હડીને જાદુગરીનાં કીચલમાં પોતાને હોમાવે છે, કે જે ખરા ધર્મ જ્ઞાનની કોતાઇનું શોકકારક પરીણામ છે.

આવી શેતાની ખવાસની ઓરતોને જુદ્દીની જાદુઇ માર્ગ તરફ ઢળતી જવાનાં કેટલાંક કારણોમાં એક પોતાના ધણીને હાથમાં લેવાનું છે. જ્યારે ધણી ધણીઆણીને બોલાચાલી થતાં કજીઆનું બી રોપાયછે, બોલવાનો વેહવાર રેહતો નથી, અને આખરે તેઓ છુટાં પડે છે. ત્યારે ધણીઆણી પોતાના ધણીને હાથમાં લેવાને ખાતર આવો દોજખી રસતો પકડવાની હીમત કરે છે.

પોતાના ધણીના હોકમને અને ફરમાનોને માન આપી તેનો પ્યાર અને વીશ્વાસ પોતા તરફ ખેંચવાને અવસ્તા જમાનાની સ્ત્રીઓ હમેશાં ખાહેશમંદ રહેતી હતી. જરથોસ્તી• ધર્મમાં તન અને મનની અશોઇ ભરેલી જીંદગી ગુજારવાનું અને નેક વીચાર, નેક બોલ અને નેક કામો કરવાનું મજબુત ફરમાન હોવાથી, તથા બુરા વીચાર, બુરા બોલ અને બુરાં કામો તર્ક કરવાની

તાકીદ હોવાના સબબથી, તેમજ તે વખતે લોકો ધર્મી વલણના હોવાથી, તે વખતના સ્ત્રી પુરૂષો નેક રાહ તથા સુતરી અને સ્વચ્છ જીંદગીને ચાહનારાં હતાં; અને તેથી એક નેક અને લાયકીવાલા ભરથાર તરફ તેની તેવીજ નેક અને સદગુણી સ્ત્રી તાબેદારીથી વર્તવામાં પોતાને માન અને શોભા મલેલી સમજતી હતી. સંસારમાં દરેક ઠેકાણે જોશો તો જણાશે કે જે ઘરમાં છોકરાંઓ મા બાપને તથા સ્ત્રી પોતાના ભરથારને માન આપી તાબે રહે છે ત્યાં સલાહ સંપજ રહે છે. પોતાના ધણીની તાબેદારી કરવામાં તથા તેનાં વાજબી ફરમાનો પ્રમાણે ચાલ-વામાં કંઇ પણ ખોટું નથી; તેમ કરવાથી માન મરતબો સચવાય છે તથા સંસાર હોય તે કરતાં વધુ સુખી બની શકે છે.

એક સ્ત્રી પોતાના ભલા વાહાલા ધણીના હોકમ પ્રમાણે ચાલવાને બંધાયલી છે. અને એવી રીતે તેણી ધણીને તાબેદાર રહ્યાથી જરથોસ્તી ધર્મનું ફરમાન બજા લાવવાની ફરજ અદા કરે છે અને સંતોશ મેળવે છે. પોતાના ધણીના કેહવા પ્રમાણે ચાલવાથી પોતાનાં છોકરાંઓને તેણી સારો ધડો આપે છે. અને તેઓ તરફની તાબેદારી મેળવવાનો ફાયદો તથા સુખ હાંસલ કરે છે. એક તાબેદાર ઓરતને ધણીનો અણગમો અને નાફરમાન છોકરાંનું દુઃખ ઘણું કરીને ખમવું પડતું નથી. એક તાબેદાર ઓરત તરફ તેણીના ધણીનું ચોખું હેત વધારે રહે છે, અને ધણી તરફનાં એવાં હેતથી તેણીની જીંદગી સુખી નીવડે છે. એક તાબેદાર બાયડી પોતાના દાખલાથી પોતાની બહેનપણીઓને સારો દાખલો આપી શકે છે, તેમજ નાફરમાન સ્ત્રીઓને શરમમાં

નાખી ધણીની તાબેદારી કરવા તરફ તેઓને દોરવી શકે છે. એક તાબેદાર બાયડીને તેનો ધણી જેમ પોતાના પૈસાનો તેમ જ્ઞાનનો લાભ ખુશીથી આપી શકે છે; જ્યારે નાફરમાન બાયડી એવા સર્વ લાભો ખોહે છે.

તેમજ જો એક બુરો ભરથાર પોતાની સ્ત્રીને આડે રસ્તે જવા અથવા જુઠું બોલવા કેહતો હોય; કેફી પીણું પીવાની બહોંશ કરતો હોય, તન અથવા મનની પવીત્રાઇ જાળવવાનાં જરથોસ્તી ફરમાનોનો ભંગ કરવા કેહતો હોય, અથવા કોઇબી બુરૂં કામ કરવા ફરમાવતો હોય તો તેની સ્ત્રીએ તે પ્રમાણે કરવું નહી જોઇએ, કારણ કે આપણા ધર્મમાં કોઇબી જાતની અને કોઇ પણ શખસ તરફની બુરાઇને વશ થવાનો હોકમ નથી, અને તેથી એક બુરા, વ્યસની અને પાપી પુરૂશના બુરા હોકમ પ્રમાણે ચાલવાની સ્ત્રીની ફરજ નથી.

પારસી સ્ત્રીઓને હાલમાં જે જાતની કેળવણી મલે છે તે એવી જણાઇ છે કે તેઓ માબાપને તથા પોતાના ધણીને તાબેદાર રહેવાને બદલે તુંદ અને નાફરમાન બને છે. (અલબતાં અત્રે હું કાંઇ બધીજ સ્ત્રીઓને માટે કહેતો નથી.) છોકરીઓને પરણાવવા અગાઉ ઘરસંસારી કામોનો અનુભવ આપવાથી તથા નીતી અને ધર્મનાં ફરમાનો તેઓ ઉપર 'મજબુતીથી ઠસાવવાથી હાલના જમાનાની સ્ત્રીઓ સ્ત્રી તરીકેની પોતાની ફરજ બજાવવાને લાયક થશે તથા પોતાના ધણીની મરજીને માન આપતી થશે.

ઓરત જાતની પોતાના ખાવીંદ તરફ કેવી ફરજો છે તે વીશે **સદ્દરે બેહરે તવીલ** નામની એક ધાર્મીક કેતાબ નીચે પ્રમાણે જણાવે છે:—

"ઓ પરહેજગારીના લેબાસના ભલી દીનના જવાં મરદ આ પાંસઠમાં દરવાજાની વાતને તું ખુબ સાંભળવાથી જાણવી કર કે...... ઓરતને મોટી નીઆએશ તથા બંદગી એ ફરમાવેલી છે કે હરરોજ ત્રણ મરતબે—સહવાર, બપોર, તથા સાંજની વેળાએ—પોતાના ધણીની ખીદમતમાં જઇને અદબના તરીકા સાથે પોતાના બેઉ હાથે બકશ કરી તેની નજદીકમાં ઉભી રહીને ખુશી ભરેલાં મોહ સાથ હરેક વાત પુછવી કરે. જે કાંઇ ધણીનો હોકમ થાય તે પોતાના જાનોદેલથી હરેક વેલાએ બજા લાવે... ..હમેશ હરેક કામ તથા હરેક બાબદમાં ધણીનો પ્રથમ હોકમ લઇને તેની સલાહ તથા મસલહત મુજબ ચાલવું કરે......કે ગુજરવા પછી તે ઓરતને મીનો જેહાન મધે કશી શરમીંદી હાસેલ નહી થાય......જે બદબખત ઓરત પોતાના મરદને ખોશહાલ નહી રાખે તથા તેના કેહવા મધે નહી રહે, યા તો જે કાઇ ધણી કહે તેનાં ફરી ફરીને જોબાંદરાજથી પાછા જવાબ વાલે......અથવા તો રાત દહાડો ધણી સંગાતે લડવું કરે તો તે ઓરતને નીશચે ગુનાહગાર તથા દોજખી જાણવી."

(બાબ ૬૫ મો, પાનુ ૨૮૯—દસ્તુર જામાસ્પજી મી૦ જામાસ્પઆશાના **તરજુમાની નવી આવૃત્તિ.**)

હાલની તેવી કોઇક અભણ બુબખ ઓરતો, જેઓને નીતી કે ધર્મ ફરમાનો ઉપર આસ્થા કે યકીન નહી, તેવી પાપી ઓરતો પોતાના ધણીનાં ફરમાનોને માન આપી તેની તાબેદાર થઇ રહે-વાને બદલે નાફરમાન અને તુંદ મીજાજી બની હરવખત કજી-

આનું બી રોપે છે. અને આખરે ભારે વેરભાવ બની બોલ-ચાલનો વેહવાર ન રેહતાં છુટાં પડે છે. ત્યારે ધણીઆણી પોતાના ધણીને હાથમાં લેવાને યા તેને વશ કરવાને સેવડા બ્રાહ્મ-ણોમાં ફરી જાદુ કોતલ કરાવવાનો સૌથી પાપી અને દોજખી રસ્તો પકડવાની હીમત કરતી જણાય છે. તેમજ વળી કોઇક સાસુ, નરણ, કે વહુને બીઆબારૂ ચાલતું હોય તો તેઓ એક બીજાનું કાટલું કઢાવી નાંખવાને યા તેને વશ કરવાને ફાંફાં મારતી જણાય છે. તો વળી કોઇક બીમાર આદમીને દવા દારૂથી જલ-દીથી આરામ ન થતાં તેને એકદમ સારૂં કરાવવાની ખાહેશમાં ધુતમ ધાતમીઓને વશ થાય છે. તો વળી કોઇને છોકરાં થતાં ન હોય તો તેઓ છોકરાં જણવાની ખાહેશમાં એવા ધુતમીઓને વશ થઇ ઢેકલા ખાતી જણાય છે. કોમને નામોશી લગાડ-નારી એવી કેહેવાતી " પારસણો " તરફ કયો જરથોસ્તી બચો ધીકકારની લાગણીથી જોઇ નહીં શકે? અરે ઓ પાપી શયતાની ખવાસની ઓરતો! આ તમારૂ ધર્મીપણું અને ચીવટપણે જડ ઘાલેલી વહેમીપણાનો લાભ લઇ તમારો ભુત પુંજારી તમોને ફાવે એમ લુટી ખાય છે. તે તમોને છોકરાં આપવાની કબુલાત આપે છે; કોઇને પૈસા ટકા તો કોઇને ધારેલી મકસદ પાર પાડવાનો વચન આપે છે, પણ આ સઘળું કરણીના કાયદાથી બનતું હોવાને લીધે, કરણીના કાયદા વચે—એટલે કુદરતી ઇનસાફ અને જગતના કાયદાની વચે—કોઇથી જવાઇ શકાતું નથી અને કાંઇ ફેરવી શકાતું નથી, અને તેથી જે બન-વાનું ઠરેલું હોય છે તેજ બને છે. માટે જ્યારે કોઇ ધારેલું કામ કુદરતી રીતેજ પાર પડે ત્યારે તે કોઇ ખાકી આદ-

મીની મેહેરબાની અથવા શક્તીથી બન્યું એમ માનવું ખોટુંજ છે.

અત્રે લખી જણાવવાને હું દીલગીર છું કે ઘણા શેહેરો કે ગામોમાં આ બદી પેવસ્ત થયલી જણાય છે. તેવી ગણુત્રીની કોઇ કોઇ બુરી ખલતની ઓરતો ઉપર જણાવ્યા પ્રમાણે જાદુ કોતલનાજ લખમાં, કોઇના પણ આંકોશની ગેરહાજરીનો લાભ લઇને, રાત દહાડો એવાજ ધખારામાં ભમતીઓ જણાય છે. એવી ઓરતો કદાચ બીજાંઓને પોતાના જેવા વીચારના કરવાને છુપો સડો ચલાવે એ ધાસ્તી ભરેલું છે. પોતાના જરથોસ્તી ધર્મ અને કોમને એબ લગાડનારી, શેતાની, દોજખી બદીમાં ચકચુર થયલી આવી બેહયા અને પાપી ઓરતો રીતી નીતીનો ખરાબો, તેમજ પારસી સંસારનું સત્યાનાશ વાળનારીઓ છે. આવી પાપી દોજખી ઓરતો ટોલામાંથી દુર થયલી ભલી. આવી શેતાની ઓરતોનું જરથોસ્તી ધર્મ ઉપર એકીન તો હોતુજ નથી, અને એવી ચંડાલ દોજખી ઓરતોને પવીત્ર મકાનો કે ક્રીયાઓમાં સામેલ કરવી કે તેઓ પાસે પવિત્ર ફરૂન કરાવવા તદન નારવા છે. તેમજ આવી નાપાક કોતલખોરી ઓરતોનાં છોકરાંઓની સાથે સગાઇનો ગાંઠ બાંધવો એ સંસારનું સત્યાનાશ વાળવા બરાબર છે.

આવા નાપાક માણસોની તથા પલીદ દેવદરૂજોની ભુંડી અસર સાંમે બળત્વારીથી થવાની, અને એવા દુષ્ટ માણસનો ખોલ્લી રીતે તુચ્છકાર કરી તેનો પરાજય શોધવાની દરેક સાચા જરથોસ્તીની એક અગતની ફરજ છે.

દીનનો તરીકો અને રોજની બંદગી વીસારી બેઠેલાં પારસી મરદ ઓરતો જેઓ પોતાના સંસારના ખ્યાલી તથા ફાની સુખને માટેજ જુદદીન વહેમો તથા એતેકાદ તરફ ખેંચાઇ જઇ જાદુઇ માર્ગ તરફ ઢલી જતા જણાય છે, તેઓ બાપડાઓને પોતાના પવીત્ર મહજબના પાક અવસ્તા કલામો કેવા ચમત્કારીક અસર ઉપજાવનારા અને માણસ તરફ ફરેસ્તાઇ શકતીનું ખેંચાણ કરનારા છે તેનો થોડોજ ખ્યાલ હોય! આગલા વખતમાં બંદગીઓ અને ક્રીયાઓથી અજાયબ જેવી અસરો થતી આપણે સાંભળેલી છે. અને આજે તે અસરો તદન નાબુદ થઇ જવાથી સઘળે ફરીયાદો માલમ પડે છે, એનું કારણ શું? જુદા જુદા ઘણાક કારણોમાં એક મુખ્ય કારણ તરીકે આટલુ જણાય છે કે ખરી બંદગીની મુળ મતલબને ઉલટાવી નાંખવામાં આવી છે. બંદગીથી થઇ શકતી અસરો વીશેનું જ્ઞાન જતુ રેહવા સાથે એકીન ઉઠી ગયું છે, અને તેથી ખરો **ભકતીભાવ,** જેની બંદગીમાં મુખ્ય જરૂર છે, તે સદંતર નાબુદ થઇ ગયો છે.

બંદગી કરવા સાથ કાંઇ પણ લોભ, લાલચ કે આપસ્વાર્થી ફાયદાનો અંશ મુદ્દલ ભેલાવો ન જોઇએ; અને "ખરી જરથોસ્તી બંદગી" થી જે પવીત્રાઇ ભરેલી મોરાદ અને નેમ પાર પાડવાની છે તે આ દુન્યાને લગતાં કોઇ સુખની નહી, પણ અમર સુખ, અશો અહુરમજદના દર્શન, અને અમર જ્ઞાનનેજ લગતી મોરાદ છે, પણ જેઓ બાપડા આ ફાનીજ સુખને હમેસનું ગણી પોતાનો કોઇ સ્વાર્થી લાભ મેળવવાના ફાંફાં મારતા જણાય છે, અને પવીત્ર મહજબના પાક અવસ્તાની

ફક્ત મોંહડેથી બંદગી કરીને તેના બદલામાં જે જાતનો ફાયદો મેળવવાને તેઓ પોતાની કરણીને લીધે લાયક હોય કે ન હોય, તે મેળવવાની આશા રાખે છે, તેઓને કેહવાનું એટલુજ કે ફક્ત મોંહડેથી બંદગીના શબ્દો બબડી જવામાંજ સઘળી ફરજ સમાઇ જાય છે એવી સમજથી પોતાનું સૌથી મુસ્કેલ કામ અને ફરજ બીજા પાસે—પછી તે ઇશ્વર હોય કે કોઇબી માણસ હોય તેની પાસે—કરાવવાની ધારણા રાખવી, એ તદનજ હસવા સરીખું તેમજ તેને પોતાને હીણું લગાડનારૂં છે.

બંદગી કરવા અગાઉ બંદગીના કરનારનું મન યા ચીત્ત એકાગ્ર અને શાંત હોવું જોઇએ. તેમજ બંદગી કરતી વખતે એકીન રાખવું એટલે કે, એવું સમજવું જોઇએ કે ખોદાની ભલાઇ અને દયા બેહદ છે, અને તેથી તેના બંદાઓની અરજ કદીબી ફોકટ જતી નથી. જે કોઇ ખોદાના ગુણ ગાય છે, તેણે માનવું જોઇએ કે, જેઓ ખોદાની મદદ માંગે છે તેઓને ખોદા મદદ આપે છે. તેમજ આટલું તો ખુબ યાદ રાખવું કે અપવીત્ર કામોને માટે બંદગી કદી પણ થવી ન જોઇએ. બંદગી કરનાર શખસે બંદગી કરતી વખતે બહુ મજબુત ઠરાવ ભરી કોશેસથી પોતાના વીચારોને બુરી અસરોથી દુર રાખીને મીનોઇ ચીજ ઉપર સાબુત ચીત ચોંટાડી સ્થીર ધ્યાને મનમાં એક દ્રઢ ઇચ્છા રાખવી; જેથી બંદગી ફળદાતા નીવડવાનો અને ઇચ્છેલી ચીજની પ્રાપ્તિ થવાનો દરેક સંભવ છે.

હવે ટુંકમાં જણાવવાનું કે આપણે ઉપર જણાવી ગયા તેમ ઘણાક જરથોસ્તીઓ પોતાની ધારેલી કોઇ પણ મોરાદ પાર

પાડવાને માટે જુદદીન રસમો અને એતેકાદ તરફ એકદમ ઢળ્યાં જાય છે, તો તેઓને મારે જણાવવાનું કે આપણા જરથોસ્તી મજહબમાં કોઇ પણ મોરાદ ચાહવાના બાબમાં અવસ્તાના પવીત્ર કલામો તથા ક્રીયાઓ તેમને માટે સૌથી ઉત્તમ સાધન છે. અને તેટલા માટે દરેક મોરાદ પર તેને લગતી જુદી જુદી બંદગી તથા ક્રીયા કરવાના અવસ્તાના કલામો તથા ધરમને લગતાં તેવા પરહેઝગારોના હાથથી લખાયલા પુરાણા દફતરો ઉપરથી મલી આવતાં બ્યાનોનો આ નાનાં પુસ્તકમાં સંગ્રહ કરવાની કોશેસ કરવામાં આવી છે. અને તેમાં કંઇ પણ રીતનો ફેરફાર ન કરતાં તેના લખેલા અસલ કલામોજ તેની જણાવેલી તરકીબ સાથ બોલે બોલ આપયા છે. કે જેને માટે હું પોતે જવાબદાર હોઇ શકુંજ નહીં. અને આ નાનાં પુસ્તક માંહે જણાવેલા કલામો સંબંધી કોઇ કોઇ બાબદની ખાત્રી થયા પછીજ તેની અસલ હાલતમાં મારા જરથોસ્તી ભાઇઓની રૂબરૂમાં જાહેર મેલવાની શેવકની ઇચ્છા થઇ.

કોઇબી મોરાદને લગતી બંદગી કે ક્રીયા શરૂ કરવાની આગમચ મોરાદના ચાહનારાએ પ્રથમ પવીત્રાઇથી પાદીઆબ કુસ્તી કરી ખોરશેદ ઇજદની તરફ મોહડું કરી અદબથી ઉભા રહી, યાતો આતશના નુરી કેબલા સામે વાંકા વળી ભારે અંદાજાથી નમન કરી, સર ખાક સાથ નમાવી શાંત ચીત્તે એ•રીતે કેહવું કે ‘અએ કુલ આદમના પેદા કરનાર સાહેબ! પાક દાદાર અહુરમજદ તારી દરગાહમાં હું ખાકી બંદો એવી ઉમેદ રાખું છું કે મારૂં ફલાનું કામ નેકી સાથે સરંજામે થવા સારૂ ફરેસ્તાઓની

મદદ માંગું છું કે તારાં ફરમાનથી તેઓ મારી મદદ અને દસ્તગીરી કરે. વાસ્તે હું મારા એકીનથી એ નઇઅત રાખું છું કે હું ફલાના અવસ્તા વાણીનું પઢવું અથવા પઢાવવું તથા ઇજાવવું શરૂ કરૂં અથવા કર્યું.'—એવી રીતે નઇઅત ધાર્યા પછી જે પ્રમાણે આ નાનાં પુસ્તકમાં હરેક બાબદસર અવસ્તા પઢવાનું તથા ઇજાવવાનું જણાવેલું છે તે પ્રમાણે તે ફરેસ્તાને નામે પઢવાનું ઇજાવવાનું કામ જારી કરવું કે તેથી ખોદાતાલા તે ધારેલાં કામને નેકી સાથે સરંજામ પહોંચાડે.

બંદગીના કરનાર તથા કરાવનારે પોતાનાં આંગ માંહેલાં કપડાં ઘણાંજ સાફ અને પવીત્ર રાખવાં, તથા તન સફાઇ સાથ રાખવું. જુઠું બોલવું નહી તથા તેવી બાબદો વીશે વીચાર લાવવોજ નહી. પણ પોતાનાં દીલમાં નેકીનીજ યારી રાખવી. અને કોઇબી રીતે પોતાના હાથથી માણસ કે પ્રાણી માત્ર કોઇને પણ કશી ઇજા ન થાય તેની સંભાળ રાખવી. તેમજ ખોરાક પણ સાદો સુતરો લેવો. દારૂ જેવાં જલદ પીણાથી તદનજ દુર રહેવું. ખાન પાન અંદાજાંસર લેવું. ભાજી તરકારી, અનાજ, કઠોળ, દુધ, મેવો વગેરેનો ખોરાક લેવો. તમો જાણો છો કે હીંદુઓમાં તો માંસનો ખોરાક ખાવાની મનાઇ છેજ પણ તે સાથ મુસલમીનો સુધાં આવી ફરેસ્તાઇ આરાધના કે બંદગી કરવાના વખતમાં ચાલીસ કે એકવીસ કે એથી વધુ ઓછા દહાડા કોઇબી મોરાદ મેળવવાને 'ચીલ્લા' ચઢાવે છે. તે વખતના દરમ્યાનમાં કોઇ પણ વખત માંસ મછીનો કદી પણ ઉપયોગ કરતા નથી, પણ તેથી દુરજ નહાસે છે. સબબ કે આવી ક્રીયા

કરવામાં તેવી ચીજ વાપડવાની સખત મનાઇ છે. યા જો મુરખાઇપણાથી વાપડવાની ભુલ કીધી તો તે પોતાનાં કામમાં નીશફ્ળ થાય છે અને મહેનત વ્યર્થ જાય છે. માટે તેઓ આવા વખતમાં ફ્કત ચાવલ, દુધ, સાકર વગેરે મીઠાં ખાણાનોજ ઉપયોગ કરે છે. તો મારા જરથોસ્તી ભાઇઓને પણ એવી બાબદની સંભાળ લેવાની હું સખત ભલામણ કરૂં છું.

જેમ માંસનો ખોરાક ખાવાની મનાઇ કરવામાં આવી છે તેમ પવીત્ર ક્રીયા વગેરે કામોમાં પણ એ નજીસ ખોરાક મુદલ વાપડવો નહી. અને એવાં જબુન કામથી હાથજ ઉઠાવવો. લોહીથી ભરેલો માંસનો ખોરાક તથા દારૂ, વગેરે કેફી પ્રવાહીને ક્રીયાઓની વસ્તુઓ તરીકે મુકવામાં આવે છે, જે વસ્તુઓ તરફ દરૂજી શકતીઓ શીવાય કોઇ પણ યજદી શકતીઓનું ખેંચાણ થતું નથી, અને એવી રીતે જે પવીત્ર ક્રીયાઓ યજદ અમશાસ્પંદોની આરાધના સારૂ અશો ફરોહરોની યાદ તથા ખોદાની સેતાયશ કરવાની છે, તે ક્રીયામાં જે જે ચીજો હાજર કરીએ છીએ તેમાં હાથે કરીને એહરેમનની ખાસીઅતની માંસ અને દારૂ જેવી ચીજો કે જેવી રીતે હલકી વરણના લોકો ભુત પલીદ વગેરે બુરી શકતીઓને ખેંચવા સારૂ જે દારૂ અને લોહીનું બલીદાન આપે છે, તેવી અપવીત્ર ચીજો ધરમની પવીત્ર અને ભેદી ક્રીયાઓમાં મુકી ફરેસ્તાઓની આમદાની થતાને બદલે તેથી ઉલટી ખાસીઅતની હસ્તી ખેંચાઇ આવે એવું ધારવું તદન વાજબી કહેવાશે, અને એ પ્રમાણે જ્યારે યજદો અને અમશાસપંદોને લોહીયાર માંસ અર્પણ કરવામાં આવે ત્યારે એવા

મહા જબુન પાપ અને અપમાનના બદલામાં આપણા ઉપર કુદરતી ફેજ કેવો ઉતરતો હશે તે વીચારવું સહેલ છે.

બંદગી કરતી વખતે અવસ્તા કલામો આસ્તે આસ્તે શુદ્ધ ઉચ્ચારે આખર લગી તમામ બરોબર પઢવા. એ વખતે પોતાના તન તથા મનની પવીત્રાઇ રાખવાની ખુબ સંભાળ રાખવી. તેમજ ક્રીયાનો કરનાર તથા કરાવનાર એ બંને જણે ઉપલી પરહેજગારી પાળવાની સખત સંભાળ રાખવી. તેમાં ક્રીયાના કરનાર મોબેદને માટે હું ફરીથી ભાર મુંકીને જણાઉં છું કે તેણે ઉપર મુજબની દરેક રીતની પરહેજગારી રાખવામાં ખુબ સંભાળ રાખવી. કશી પણ રીતની ખામી થાય નહી. કુદરતથી એમાં બંનેને આયંદે લાભ છે. ખરી પરહેજગારી અને ખરી તરકીબ મુજબ પવીત્રાઇ, ભકતી ભાવથી તથા કંઇ પણ ખલલ યા ભુલ નહી થાય તેની મજબુત સંભાળથી ક્રીયા કીધી કે મીનોઇ મદદ મળ્યા વગર રહેશે નહી. અને જણાવવાની જરૂર છે કે ક્રીયા કરનાર મોબેદોએ મીનો નાવરની ઇજશનેથી મોટી ખુબ કરીને ક્રીયા શરૂ કરવી.

છેલ્લે મારે એટલુંજ જણાવવાનું છે કે જે જરથોસ્તી મરદ કે ઓરતો પોતાની કાંઇ મોરાદની ખાહેશ રાખતા હોય તેઓએ એકદમ વગર જાણવે બુતપરસ્ત માનતાઓ અને જુદદીન-રસમો તથા એતેકાદ તરફ ખેંચાઇ જઇ દોજખી દરૂજ આરા-ધના કરાવવા જેવાં ગુનાહ ભરેલાં કામથી દુરજ રહી, પોતાના પવીત્ર મજહબના પાક અવસ્તા વાણીના કલામો ઉપર પુરતો ઇતબાર રાખી આ પુસ્તક માંહે જણાવેલી બંદગી કે ક્રીયા કરા-

વાનું જો જારી રાખશે તો જરૂર પોતાની ધારેલી મોરાદમાં ફતેહ પામ્યા વગર રહેશે નહી.

અત્રે મને જણાવવાની જરૂર છે કે આ નાના પુસ્તકનો દીબાચો લખવામાં તેની ઘટતી જોઇતી વલણમાં સાહદતો ટાંકી બતાવવાને "રાહે રોશન" ચોપાન્યાની મદદ મને લેવી પડી છે. જે માટે તેના લખનાર માનવંત અધિપતીનો હું ભારે હેશાનમંદ થયો છું. તેમજ આ પુસ્તક માંહે શરીરના ચોકસ ભાગો ઉપર થતાં કેટલાંક દુઃખ દરદો માટે કયા કયા ફરેશતાઓની આરાધના કરવી જોઇએ તે સંબંધી "મદદે ફરેશતા" નામના એક પુરાણા નાના પુસ્તકની મદદ લીધી છે. જેને માટે તેના કર્તાનો મારે ઉપકાર માનવો જોઇએ. તેમજ આ નાના પુસ્તક માંહે જરથોશતીઓએ અખત્યાર કીધેલી જુદદીન રાહરસમોનો ટુંક સંગ્રહ આપવાની કોશેશ કરવામાં આવી છે. જેને માટે મોટે ભાગે રાહનુમાએ મંડળી તરફથી નીકળેલાં ચોપાન્યાઓની મદદ મેળવવાને માટે હું એ મંડળીનો આભાર માનું છું.

બંદર સ્ત્રીટ, બીલીમોરા, તા૦ ૧૪ મી ઑગસ્ટ ૧૯૦૭.

દાદાભાઇ માણેકજી બીલીમોરીઆ.

તીલસમે જરથુસ્ત્ર

યાને

ચમત્કારીક અસર ધરાવનારા પાક કલામો તથા નીરંગો.

માથ્રવાણીના કલામો દુઃખ દર્દ કાપનાર અને સુખાકારી તથા તંદરોસ્તી આપનાર તરીકે, બીજા દુન્યાદારીના ઉપાયો કરતાં ચઢતે દરજ્જેના ઉપાય છે. અને ખુદ એ ઉપાયનાબી ચઢતા ઉતરતા તબકકા છે; યાને માથ્રવાણીનો એક કલામ જે અસર ધરાવે છે, તે કરતાં વધુ અસર તેનો બીજો કલામ ધરાવી શકે છે. જેમ જુદી જુદી દવાઓ વધતા ઓછા ગુણ ધરાવે છે, તેમ જુદી જુદી માથ્રવાણી પણ ધરાવતી દીસે છે.

આપણા અસલી ન્યાગાનો માથ્રવાણી પર પુરતો કાબુ ધરાવતા હતા. આ પવિત્ર કલામના જોરથી તેઓ હરેક કામમાં ફતેહમંદી પામતા, આફતો ટાળતા, દુઃખ દર્દો દફે કરતા, જાદુઇ જેવા પલીદી અસરને તોડી શકતા, અને પોતાની ધારેલી નેક મોરાદો બર લાવતા.

તેમજ પાછલા વખતના અસલી વીચારના અને ધર્મચુસ્ત, એવા કેટલાક જરથોસ્તીઓ દુઃખ દર્દો જ્યારે દવા દારૂથી કે તેવા બીજા કોઇપણ ઉપાયથી સારાં થતાં નહી, ત્યારે ચોકસ અવસ્તા ભણીને, અથવા તે ભણવા સાથે પીછી જેવી કંઇ કંઇ ક્રીયા કરીને, પોતાની તંદરોસ્તી તથા મનશાંતી મેળવવાની તજવીજ કરતા હતા.

હાલમાં પારસીઓમાં અવસ્તા ભણીને, કે "અરદીબેહેસ્ત યસ્તની પીછી" કરીને એ ઉપાય કામે લગાડયા છતાં કોઇનાં દુઃખ દર્દો સારાં થતાં નથી. તેમનાં ભણતર, મંત્ર કે માથ્ર સૌ જ્યાંનાં ત્યાં રહી જાય છે, અને કદાચ આરામ જો મલે છે તો તે આપણા ડાકટર સાહેબની દવા અને વાહાડકાપથીજ! એ ખરી વાત છે; જેમ જમાનાની સઘળી ઉત્તમ વાતો અને ચીજોના, તથા તેમની ઉપરના ભાવ (દીલની લાગણી) આજે જેમ નીકળી ગયા છે, તેમ એ ઉપરનો ભાવ પણ પડી ભાગ્યો છે. પેહેલે તો માથ્રથી દુઃખ દર્દો સાજાં થાવ એ યકીનજ લોકોમાં નહી મલે અને જ્યાં યકીન નહી ત્યાં ઉપાય નહી. ફકત તનનાં સાધારણ દર્દો, અને તે પણ દવા દારૂથી યકીન અથવા વિશ્વાસ વગર લાગુ પડી શકતા નથી, તો તન મનના અસાધારણ અણદીઠ અને સાદી બુધીથી નહી સમજી શકાય એવાં દુઃખો, બલાગતો અને નેહસીઅતોનો, માથ્ર જેવો ગેબી અને ચમતકારીક ઉપાય યકીન વગર કેમ લાગુ પડી શકે? ગુંદર વીના બે ચીજનું વળગાણ કેમ થાય? વગર ઇમાનનુ જે નાલાયક બદન તે ઇમાન અને પવિત્રાઇવાળો એક અણદીઠ

ગુણ પોતા તરફ કેમ ખેંચી શકે? સબબ આ જમાનાના લોક અસલી જમાનાના એ ચમતકારીક એલમનો લાભ ભોગવવાને પોતાની ફેરવાઇ ગયલી બુદ્ધિથી લાયક રહયા નથી.

આજે પણ આપણા કોઇકિ મોબેદો અવસ્તા ભણીને, અથવા "અરદીબેહેસ્ત યસ્તની પીછી" કરીને દુ:ખ સાજા કરવાનો દેખાવ દેતા જણાય છે, અને તેમના ધર્મચુસ્ત પારસી જજમાનો તેનો લાભ લેછે. પણ તેમને માટે આપણે ટુંકમાંજ કહીશું કે, એ "નહી મામાના કાણા મામા." પોતાને મોંહડે આવડે તેમ ફકત ચોકસ અવસ્તા ભણ્યાથી કે તે ભણતા જઇ પીછી ઉડાવ્યાથી, તેની ખરી અસર થઇ શકે નહી. તે અસર ઉપજાવવા માટે, યકીન ઉપરાંત સંપુર્ણ પવિત્રાઇ અને તે પ્રયોગ કરવાની કલા કુંચી વગેરે આવડવું જોઇએ.

હવે વધુ ન લંબાવતાં અત્રે મારે એટલુંજ જણાવવાનુ કે, દુ:ખ દર્દો કે શેતાનીઅતને તોડવા કે હરકોઇ મોરાદ બર લાવવા બદલ આ નાના પુસ્તકમાં જે કાંઇ કલામો કે નીરંગો આપવામાં આવી છે તેનો પુરતી પવિત્રાઇ અને યકીનથી માંહે જણાવેલી તરકીબ મુજબ હુશીઆરીથી ઉપયોગ કરવો. એટલું ખુબ યાદ રાખવું કે જેઓ તન મનની પવીત્રાઇ અને અશોઇ ઉપર વધુ ચાહ રાખતા જશે તેઓને આ કામનો ઝટ ફાયદો માલમ પડશે. અને જ્યાં અવસ્તાના કલામો કે નીરંગો લખવાને જણાવ્યા છે તે નીરંગો તેની અસલ ભાષા ઝંદ હરફમાંજ લખવાથી ફાયદો થશે. બીજી કોઇ પણ ભાષામાં લખવું નહી. એ કલામો ગાથામાંથી તેમજ યજશને વંદીદાદમાંથી પણ મલી આવશે.

તેમજ જે કલામો કે નીરંગો કોઇ પણ ચોકસ બાબદસર પઢવાને જણાવ્યા છે તે જો ઉષહેન ગેહમાં બામદાદનો વખત શરૂ થતાંજ બીછાનું છોડી નાહી ધોઇ પવિત્રાઇથી શાંત મને અને એક ચીતથી પઢવામાં આવે તો તુરત થોડા વખતમાંજ તેની અસર માલમ પડી જશે. કોઇબી બાબદમાં એકદમ અધીરા બની જવું નહી. પણ સઘળો આધાર પઢનારની તનમનની પવિત્રાઇ અને યકીન પર સમજવો. કોઇને ઝટ ફાયદો માલમ પડી આવશે, તો વળી કોઇને ધીરે ધીરે; માટે તેથી કદી હારી ખાવું નહી. પણ ચીવટ લાગણીથી પોતાને ધારેલો ફાયદો મળે ત્યાં સુધી ખંતથી પઢવાનું કે કીયા જારી રાખવી. અને એવી રીતે આયંદે તમારી અજાએબી વચે ચમતકારીક અસર થયલી જોશો!

દેવોની ખાસીઅતના, શકમંદ અને નાસ્તીકોએ એવી બાબદના ચેડાં કહાડવા નહી. અને તેથી દુરજ રહેવું. નહી તો નાહક પોતાને આફતમાં લાવી મેલસે!

"પાક દાદાર અહુરમજદનાં ૧૦૧ નામ."

દીવસના કોઇભી ગેહમાં યા ખશુશ કરીને બામદાદના વખતમાં નાહી ધોઇ સ્વચ્છ કપડાં પેહેડી પુરતી પવિત્રાઇ સાથ, શાંત મને નીચે લખેલાં પાક દાદાર અહુરમજદનાં ૧૦૧ નામો એકસોને એક વખત જો હમેશાં પઢવાને જારી રાખે તો, પઢનાર ધણી હરએક આફ્ત યા મુશકેલીમાંથી પોતાનો અજાયબ રીતે બચાવ થયલો જોશે. અને પોતાના સારા ઉમદા પવિત્ર વીચારોથી મીનોઇ ગેબી ચમતકારોના કાંઇક જાંખા ખ્યાલો સાથ પાક અહુરમજદી રાહ તરફનો રસ્તો લેતો જોશે.

૧ યજદ.
૨ હરવસપ તવાંન.
૩ હરવસપ આગાહ.
૪ હરવસપ ખોદા.
૫ અબદહ.
૬ અવી અનજાંમ.
૭ બુનશતહ.
૮ ફ્રરાખ્તુંતહ.
૯ જમગ.
૧૦ પરજતરહ.
૧૧ તુમ અફ્રયહ.
૧૨ અબરવંત.
૧૩ પરવંદહ.
૧૪ અનઅયાફ્રહ.
૧૫ હમઅયાફ્રહ.
૧૬ આધરો.
૧૭ ગીરા.
૧૮ અચીમ.
૧૯ ચીમના.
૨૦ સપીના.
૨૧ અફ્રજા.
૨૨ નાશા.

૨૩ પરવરા.
૨૪ આયાનહ.
૨૫ આયઇન આયાનહ.
૨૬ અનઆયાનહ.
૨૭ ખરોશીદતુમ.
૨૮ મીનોતુમ.
૨૯ વાસના.
૩૦ હરવસતુમ.
૩૧ હુસીપાસ.
૩૨ હરહેમીત.
૩૩ હરનેકફરેહ.
૩૪ એશતરના.
૩૫ તરોનીશ.
૩૬ અનોશક.
૩૭ ફરશક.
૩૮ પંજુહહદહદ.
૩૯ ખવાપર.
૪૦ અવખશીઆ.
૪૧ અબરજા.
૪૨ અસીતોહ.
૪૩ રખોહ.
૪૪ વરૂન.
૪૫ આફ્રીપહ.
૪૬ અવેફ્રીફ્રતેહ.
૪૭ અદ્યવી.
૪૮ કામેરત.
૪૯ ફરમાંન કામ.
૫૦ આયેખતન.
૫૧ અફરમોશ.
૫૨ હમારના.
૫૩ સીનાયા.
૫૪ અતરસ.
૫૫ અબીશ.
૫૬ અફરાજદુમ.
૫૭ હમચુન.
૫૮ મીનોસતીગર.
૫૯ અમીનોગર.
૬૦ મીનોનહબ.
૬૧ આદરબાદગર.
૬૨ આદરનમગર.
૬૩ બાદઆદરગર.
૬૪ બાદનમગર.
૬૫ બાદગેલગર.
૬૬ બાદગીરદતુમ.
૬૭ આદરકીબરીતુતુમ.
૬૮ બાદગરજાએ.
૬૯ આબતુમ.
૭૦ ગેલઆદરગર.

૭૧ ગેલવાદગર.
૭૨ ગેલનમગર.
૭૩ ગરગર.
૭૪ ગરઓગર.
૭૫ ગરઆગર.
૭૬ ગરઆમરગર.
૭૭ અગરાગર.
૭૮ અગરાઅગરગર.
૭૯ અગુમાન.
૮૦ અજમાન.
૮૧ અખુઆં.
૮૨ આમુશતહુરાચાર.
૮૩ ફશુતનાં.
૮૪ પઘમાંની.
૮૫ પીરોજગર.
૮૬ ખુદાવંદ.
૮૭ અહુરમજદ.
૮૮ અગરીનફુહન તવાન.
૮૯ અગરીનનોતવાન
૯૦ વસપાંન.
૯૧ વસપાર.
૯૨ ખાવર.
૯૩ અહુ.
૯૪ અવખશીદાર.
૯૫ દાદાર.
૯૬ રયોમદ.
૯૭ ખોરહેમંદ.
૯૮ દાવર.
૯૯ કેરફેગર.
૧૦૦ ગોખતાર.
૧૦૧ ફરશોગર.

જેને ખોખાર આવતી હોય તે દુર કરવાના બાબમાં.



પવિત્રાઇથી પાદીઆબ કુસ્તી કરી અરદીબેહેશત અમશાસ્પંદની બાજ* લઇ નીચલા કલામો સાત વખત પાકીથી અને હુશીઆરીથી પઢવા:—

"નામે અહુરમજ્દ, પ નામે નીવૂ ખોરેહ્ ફરીદુન્, ફરીદુન આથબ્યાન્.

ઇનતાઓ નોમેમ્, ઇનતાઓ ગરેમેમ, યકૂરોજ
હોરોજ સેજ્દ રોજ ચેજદરોનીમમ, આદરો
વીદરો દરે ગોવીયો વીમનો જરથુશ્ત
બે અવજુન અષોને અષેમ વોહૂ (૧)."

ઉપલા કલામો સાત વખત પઢતાં એક દોરો બનાવવો. (કુસ્તી વણવાના ઉનના સુતરના સાત તરાકના હાથની બાજુએ બાધાય

*** બાજ અરદીબેહેશત અમશાસ્પંદની:—**

"ક્ષનઓથ્ર અહુરહે મજદાઓ. અષેમ્ વોહૂ (૧)."

પનામે યજદાન્ અહુરમજદ ખોદાએ અવજુની, ગોરજે ખોરેહ્ અવજાયાદ; અરદીબેહેશત અમશાસ્પંદ બેરસાદ. અજહમા ગુનાહ્ પતેત પશેમાનુમ; અજ હર્વસ્તીન્ દુશ્મત દુજૂખ્ત દુજ્વરશ્ત, મેમ્

એટલો લાંબો દોરો બનાવવો) તેમાં ઉપલા કલામ એક વખત પઢી રહયા કે એક ગાંઠ વાળવો. એવી રીતે સાત વખત પઢતાં સાત ગાંઠ વાળીને દોરો કરવો, અને તે દોરો લોબાનની ધુપ દઇને જે માણસને બોખાર લાગુ પડેલી હોય તેના ડાબા હાથની બાજુએ બાંધવો અને તે બાંધ્યા બાદ હાથમાં રૂમાલ લઇ તે દરદીના શરીર ઉપર ફેરવતા જઇ નીચલી નેરંગો સાત વખત પઢવી:—

"કુલ્ બલા દફે શવદ્, ઓ દીવ્ ઓ દરૂજ્ ઓ પરી ઓ કફ્તાર્ ઓ સેહેરાંન્, ઓ બાદ્ અબ્તહેદ્ અખી દરદે શેકમ્ હેફ્ત અન્દાંમ્; ખલલે શઇતાંન ઓ ખાતર પરીશાંન્, ઓ ખલલે દેમાઘ્ શઇતાંન્ ખાતર્ પરીશાંન્ બાદ;

પ ગેતી મનીદ્, ઓએમ્ ગોફ્ત, ઓએમ્ કદ્, ઓએમ્ જરત્, ઓએમ્ બુન્ બુદ્ ગેસ્તેદ્. અજ આંન્ ગુનાહ્ મનશ્ની ગવશ્ની કુનશ્ની, તની રવાની ગેતી માનેઆંની, ઓખે અવાખ્શ પશેમાન્ પ રો ગવશ્ની પ પતેત્ હોમ્. ક્ષ્નઓથ્ર અહુરહે મજદાઓ. તરોઇદીતેઅ અ્રહે મઇન્યેઉશ્; હઇથ્યાવરશ્તાંમ્ હત્ વરના ફ્રેરપોતેમેમ્. રતઓમિ અષેમ્. અષેમ્ વોહૂ (૩) ફ્રવરાને મજદયસ્નો જરથુશત્રિશ્ વીદએવો અહુરતકએષો (જે ગેહ હોય તે પઢે) ક્રસસ્તયએચ. અષહે વહિશ્તહે સ્રએશ્તહે, અઇરયમનો ઇષ્યેહે સૂરહે મજદધાતહે, સઓકયાઓ વંઘુહુયાઓ વોઉરૂ-દોઇથ્રયાઓ મજદધાતયાઓ અષઓન્યાઓ, ક્ષ્નઓથ્ર યસ્નાઇચ વહ્માઇચ ક્ષ્નઓથ્રાઇચ ફ્રસસ્તયએચ, યથા અહૂ વઈર્યો જઓતા ફ્રા મે મ્રતે, અથા રતુશ્ અષાત્ચિત્ હચ ફ્રા અષવ વીદ્વાઓ મ્રઓતૂ. અષેમ્ વહિશ્તેમ્ સ્રએસ્તેમ્ અમેષેમ્ સ્પેન્તેમ્ યજમઇદે; અઇરયમનેમ્ ઇષીમ્ યજમઇદે, સૂરેમ્ મજદ-

ઓ દર્ નજ઼ર્ બર્વીજ઼ન્ તા દીદને નવશ્ત્ ઓ માનન્દ્
હમ્ચનીન્ બલા દફે શવદ્. અષઓને અષેમ્ વોહૂ (૧)–
(સાત વખત પઢે).

—તેમજ નીચલી નેરંગ સાત વખત રૂમાલે પીછી કરતાં પઢવી.

" કુ શેકનમ્, ઓ વાઓનુમ્ , ઓ નેજ઼ાર્ કુનમ્
કાલ્બુદે શુમા દીવાંન્ , ઓ દરૂજાંન્ ઓ જાદુઆંન્ ,
ઓ પરીઆંન, પ હોમ્ વ બર્સમ્ , વ દીનેરાસ્ત્
વ દોરોસ્ત્ વેહ્ , કે દાદાર અહુરમજ઼્દ ઓએ
મન્ ચાર્શાદ્ અષઓને અષેમ્ વોહ્ (૧) "—
(સાત વખત પઢવી.)

ધાતેમ્ યજ઼મઇદે ; સઓકાંમ્ વંઘુહીમ્ વોઉરૂ-દોઇથ્રાંમ્ મજ઼દધાતાંમ્ અષઓનીમ્ યજ઼મઇદે.—(હયાં સુધી પઢી રહયા કે આરદીબેહેસ્ત અમશાસ્પંદની બાજ લીધેલી કેહેવાય. અને બાજ લીધા પછી ઉપર જણાવેલા કલામો પઢવા. અને એવી રીતે પઢી રહયા પછી ઉપલી બાજ પાછી મુકવી. નીચે પ્રમાણે) :—

(બાજમાં પઢે) અહુરમજ઼દ ખોદાએ, અવજ઼ુનીએ મરદુમ્, મરદુમ્ સર્દગાંન્, હમ્ણાયરતે વેહાંન્ ઓએમ્ બેહેદીન માંજ઼દયસ્નાન્ આગહી આસ્તવાની નેકી રસાનદ્ ; અએદુન્ બાદ્. (પ્રગટ પઢે) યથા અહૂ વઇર્યો (૨) યસ્નેમ્ચ વહ્મેમ્ચ અઓજસ્ચ જવરેચ આફ્રીનામિ, અષહે વહિશ્તહે સ્રએશ્તહે, અઇર્યમનો ઇષ્યેહે સૂરહે મજ઼દધાતહે, સઓકયાઓ વંઘુહુયાઓ વોઉરૂ-દોઇથ્રયાઓ મજ઼દધાતયાઓ અષઓન્યાઓ. અષેમ્ વોહૂ (૧)—અહમાઇ રએશ્ચ ; હજ઼ંઘ્રેમ્; જસમે અવંઘહે મજ઼દ ; કેરફેહ્ મોજ઼દ્.

દરદીને નરમ પડે ત્યાં સુધી દરરોજ દીવસના બે ત્રણ વખત (સવાર, બપોર, સાંજ) જો પવિત્રાઇથી અને યકીન સાથ શાંત દીલે ઉપર જણાવેલી કીયા કરવામાં આવશે તો ખોદાતાલાના હોકમથી જરૂર દરદીને આરામ થઇ જશે. શરૂઆતમાં ઉપર નેરંગ પઢી જે દોરો બનાવી દરદીની બાજુએ બાંધવા જણાવયું છે તે દોરો બાંધેલો રેહેવાજ દેવો. કાંઇ દરરોજ નવો બનાવી બાંધવાની જરૂર નથી. પણ દોરો બનાવવાના જે કલામો સાત વખત પઢવા જણાવેલા છે તે કલામો બાજ લઇ દરદીની આગળ રૂમાલની પીછી ફેરવતાં સાત વખત પઢવા, અને એની સાથે સાથે ઉપલી બે નેરંગો પણ સાત વાર પઢવી જારી રાખવી.

હાંસો થયલો હોય તેના બાબમાં.



અગર જો કોઇને હાંશો થયલો હોય અને તેથી તે માણસ ઘણું હેરાન થતું હોય તો તે ઘણીએ તીર રોજને દીને તેસ્તર તીર યજદની ઇજશને, દરૂનબાજ, આફ્રીગાન કરાવવું. અને દરરોજ તેસ્તર તીર યશત પઢવી જારી રાખવી.

પેટમાંનું દરદ દુર કરવાના બાબમાં.



અગર જો કોઇને પેટમા વારંવાર દુખાવો થયા કરતો હોય, અથવા એવી કોઈ રીતની વ્યાધી થયલી હોય તો, પવિત્રાઇથી પાદીઆબ કુસ્તી કરી અરદીબેહેસ્ત અમશાસ્પંદની બાજ લઇ, શાંતીથી દરદીના પેટ ઉપર હાથ ફેરવતાં જઇ પુર યકીન સાથ નીચલી નેરંગ સાત વખત પઢવી, કે યજદાંના હોકમથી તેના પેટમાંનું થતું દરદ ધીમે ધીમે દફે થતું જશે. પણ જ્યાં સુધી દરદીને ફેર પડે ત્યાં સુધી દરરોજ દીવસના બે યા ત્રણ (સવાર, બપોર, સાંજ) વખત એ ક્રીયા કરવી જારી રાખવી,

"પ નામે યારેશે અહુરમજ્દ, અમેશાસ્પંદાન્,
યજ્દાંન્ મીનોઆંન્, યજ્દાંને ગેતીઆંન્,
કુલ્ બલા દફે કુનમ્, આજાર દફે કુનમ્,
ઓ આજારી દફે કુનમ્, ઓ પાકી અહુરમજ્દ
બેઅવજુન અષોને અષેમ્ વોહૂ (૧)"---(સાત વખત પઢે)

ઉપાય બીજો.



અગર પેટમાં કાંઇ હમેશનું દરદ થયા કરતું હોય તો અરદીબેહેશત અમશાસ્પંદની ઇજશને, દરૂનબાજ, આફરીગાન કરાવતા રેહેવું. અને દરરોજ અરદીબેહેશત યશ્ત પઢવી જારી રાખવી.

ઓરતને દુધ નહી આવતું હોય તેના બાબમાં.



જો કોઈ ઓરતને દુધ ન આવતું હોય તો, પવિત્રાઇથી પાદીઆબ કુસ્તી કરી બાજ અરદીબેહેશત અમશાસ્પંદની લઇ, પાકી અને હોશીઆરીથી શાંત મને યકીન સાથ નીચલા કલામો સાત વખત પઢી ગોલાબ અને કેશરના પાણીથી (ગોલાબમાં કેશર નાંખી મેલવી પાણી કરવું) એ કલામો સોજા કાગજના ટુકડા ઉપર લખીને તે પવિત્ર પાણીમાં ધોઇને તે ઓરતને પાવું. એમ દીવસના એક વખત, જ્યાં સુધી તેને દુધ આવે ત્યાં સુધી દરરોજ પાવું જોઇએ. યજદાંના હોકમથી થોડા વખતમાં તે ઓરતને દુધનો પુરતો વધારો થશે (નીચલા કલામો સાત વખત પઢી તે કલામો કાગજના ટુકડાપર લખીને બાજ મુકવાની છે.)

[illegible]

[illegible]

ચોઇ વહિશ્તાત્ અષાઉનો

મઝ્દા રારેષ્યાંન્ મનંઘ્રહો.

ઓરત કશટાતી હોય તેનો છુટકારો કરવાના બાબમાં.



જો કોઇ હમેલદાર ઓરત કશટાતી હોય અને તેનો છુટકારો ન થતો હોય તો, પવિત્રાઇથી પાદીઆબ કુસ્તી કરી, બાજ અરદીબેહેશત અમશાસ્પંદની લઇ, પુરતાં યકીન સાથ શાંત મને નીચલા કલામો કેશર ગોલાબના પાણીથી કાગજની ચીઠીપર લખી તે ચીઠી કશટાતી ઓરતને પાયે તો, યજદાંના હોકમથી તુરત તેનો છુટકારો થશે.

[illegible]

[illegible]

ચોઇ વહિશ્તાત્ અષાઉનો

મજ્દા રારેષ્યાંન્ મનંઘ્હો.



ઉપાય બીજો.



ઉપર મુજબ પાકીથી અરદીબેહેશત અમશાસ્પંદની બાજ લઇ નીચલી તાવીજની એક ચીઠી લખી કશટાતી ઓરતને પાએ તો યજદાના હોકમથી તુરત તેનો છુટકારો થઇ જશે :—

[illegible]

[illegible]

[illegible]

[illegible]

۴	۹	۲
۳	۵	۷
۸	۱	۶

[illegible]

[illegible]

ઓરતને દસતાંન જતું બંધ કરવાના બાબમાં.



જો કોઇ ઓરતને દસતાંન વધુ જતું હોય અને બંધ ન થતું હોય તો, પવિત્રાઇથી પાદીઆબ કુસ્તી કરી બાજ ગરદી. બેહેસ્ત અમશાસપંદની લઇ, યકીન સાથ શાંત મને કેશર ગોલાબના પાણીથી નીચલા કલામ કાગજના ટુકડા પર લખી, એવી સાત ચીઠીઓ બનાવવી, અને બાજ મુકવી. અને દસતાંનની ઓરતને એક આખા દીવસમાં એ સાત ચીઠીઓ લોબાને ધુપાવી દર અકેક કલાકે એક ચીઠી એ પ્રમાણે સાત કલાકમાં સાત ચીઠીઓ ધોઇને પાઇ દેવી. અને જો એથી કાંઇ ફેર માલમ પડતો જણાય તો બીજે દીવસે પણ એવાજ રીતે બીજી ચીઠીઓ બનાવીને પાવી.

[illegible]

[illegible]


આકમૂચા બચાનેમૂ આકત

બચનેમૂ યમૂ બનેમૂ.

ઉપાય બીજો.



ઉપર મુજબ પાકીથી અરદીબેહેશત અમશાસ્પંદની બાજ લઇ નીચલી તાવીજની એક ચીઠી લખી. તેને ચોખાના ધુનમાં (ચાવલ પકાવાને પેહેલા ચોખાને પાણીમાં ધોઇએ છીએ તે પાણીમાં) ધોઇને, દસતાંનવાળી ઓરતને નીરંગે કુશતી કરાવીને તેની પાસે બાજ ધરાવી* આંખ વીંચાવીને પાઇ દેવું. એવી રીતે દસતાંન બંધ થાય ત્યાં સુધી સવાર સાંજ મલી દીવસનાં બે ચીઠી પાવી. યજદાંના હોકમથી તુરત ફેર પડી જશે.



*** બાજ જમવાની :—**

બનામે યજદે, બક્ષાયંદેહ્ બક્ષાયેશ્ગરે મેહેરબાન્ અહુરમજદ ખોદાએ, ઈથા આત યજમઇદે અહુરેમ્ મજદાંમ્, યે ગાંમ્ચા અષેમ્ચા દાત્, અપસ્ચા દાત ઉર્વરાઓસ્ચા વંધ્હુહીશ્, રઓચા-ઓસ્ચા દાત્ બૂમીમ્ચા વીસ્પાચ્યા વોહૂ. અષેમ્ વોહૂ ૩.

(એટલુ પઢાવી તે દસતાંનવાળી ઓરતને ચીઠીનું પાણી પીવરાવી દેવું, અને ગોહોડું સાફ કરાવી નીચે મુજબ બાજ મુકાવવી.)

અષેમ્ વોહૂ ૪, યથા અહૂ વઇરયો ૨, અષેમ્ વોહૂ ૧; અહમાઇ રએશ્ચ; હજ્ધ્રેમ્; જસ મે અવંધ્હે મજદ; કેરફેહ્ મોજદ.

આંખમાં ફુલુ પડયું હોય તેના બાબમાં.



અગર જો કોઇની આંખમાં ફુલું પડયું હોય તો, પવિત્રાઇથી પાદીઆબ કુસ્તી કરી શરેશાની બાજ* લઇને નીચલા કલામો યકીન સાથ શાંત મને સાત વખત પઢવા. પઢતી વખતે ફુલું પડનાર ધણીને પોતાની પાસે બેસાડવો. અને પઢતી વખતે એવું દ્રઢ ઇચ્છાથી ચીતવું કે ફલાણા ધણીનું

---

* **બાજ શરેશની :—**

"ક્ષનઓથ્ર અહુરહે મજદાઓ અશેમ વોહૂ (૧).

પ નામે યજદાંન્ અહુરમજદ ખોદાએ અવઝુની, ગોરજે ખોરેહ્ અવઝ્યાદ્. સરોશ્ અશો, તગી, તન-ફર્માન્, શેકફ્ત જીન્, જીન્ અવઝાર, સાલારે દામાને અહુરમજદ્ બેરસાદ્. અઝ હમા ગુનાહ્ પતેત્ પશેમાનુમ; અઝ હર્વસ્તીન્ દુશ્મત દુઝુખ્ત દુઝુવરશ્ત, મેમ્ પ ગેતી મનીદ્ ઓએમ્ ગોફ્ત, ઓએમ્ કરદ્, ઓએમ્ જસ્ત્, ઓએમ્ બુન્ બુદ્ એરતેદ્, અઝ આંન્ ગુનાહ્ મનશ્ની ગવશ્ની કુનશ્ની, તની રવાની ગેતી મીનોઆંની, ઓખે અવાખ્શ્ પશેમાન્, પસે ગવશ્ની પ પતેત્ હોમ્. યથા અહૂ વઇર્યો (પ) અષેમ્ વોહૂ (૩); ફ્રવરાને મજદયસ્નો જરથુશ્ત્રિશ્ વીદએવો અહુરત્કએષો (જે ગેહ હોય તે પઢે) ફ્રસસ્તયએચ. અઓયહે અષ્યેહે, તખ્મહે, તનુ-માંથ્રહે, દરષિ-દ્રઓશ્, આહૂઇર્યેહે, ક્ષનઓથ્ર યસ્નાઇચ વહ્માઇચ ક્ષનઓથ્રાઇચ ફ્રસસ્તયએચ, યથા અહૂ વઇર્યો જઓતા ફ્રા મે મ્રૂતે, અથા રતુશ્ અષાત્ચિત્ હચ ફ્રા અષવ વીદ્વાઓ મ્રઓતૂ. અહુનેમ્ વઇરીમ્ તનૂમ પાઇતિ; અહુનેમ્ વઇરીમ્ તનૂમ્ પાઇતિ; અહુનેમ્ વઇરીમ્ તનૂમ્ પાઇતિ. યથા અહૂ વઇર્યો (૧) કેમ્ ના મજદા

☞ પાના ૪૪-૪૫-૪૬ માં નીચે નોટમાં જે "બાજ શરોસની" આપેલી છે તે રદ સમજવી. ઉપયોગમાં લેવી નહી. અને એની જગ્યાએ આ નીચે આપેલી "બાજ શરોસ" ની ઉપયોગમાં લેવાની છે.

---

* **બાજ શરોસની :—**

"ક્નઓથ્ર અહુરહે મજદાઓ. અષેમ વોહૂ (૧).

પ નામે યજદાંન અહુરમજદ ખોદાએ અવજુની ગોરજે ખોરેહ અવજુયાદ; સરોશ અશો, તગી, તન્-ફ્ર્માન, શેકફ્ત જીન્, ઇન્-અવજુર, સાલાર દામાંને અહુરમજદ બેરસાદ. અજ હમા ગુનાહ પતેત્ પશેમાનુમ; અજ હર્વસ્તીન્ દુસ્મત દુજૂખ્ત દુજ્વરસ્ત, મેમ પ ગેતી મનીદ્, ઓએમ ગોફ્ત્, ઓએમ કર્દ, ઓએમ જસ્ત, ઓએમ બુન્ બૂદ્ એસ્તેદ્. અજ આંન્ ગુનાહ્ મનશ્ની ગવશ્ની કુનશ્ની, તની રવાની ગેતી મીનોઆંની, ઓખે અવાખ્શ પશેમાન પ સે ગવશ્ની પ પતેત્ હોમ. ક્નઓથ્ર અહુરહે મજદાઓ, તરોઇદીતે અંઘ્રહે મઇન્યેઉશ; હઇથ્યાવરશ્તાંમ હ્યત્ વસ્ના ફેરષોતેમેમ. સ્તઓમિ અષેમ; અષેમ વોહૂ (૩).

ક્રવરાને મજદયસ્નો જરથુશ્ત્રિશ વીદએવો અહુર-ત્કએષો (જે ગેહ હોય તે પઢે) ફ્સરતયએચ. અએ ષહે અષ્યેહે, તખ્મહે, તનુ-માંથ્રહે, દરષિ-દ્રઓશ, આહૂઇર્યેહે, ક્નઓથ્ર યસ્નાઇચ વહ્માઇચ ક્નઓથ્રાઇચ ફ્સરતયએચ, યથા અહૂ વઇર્યો જઓતા ફ્રા મે મ્રૂતે, અથા રતુશ અષાત્ચિત્ હચ ફ્રા અષવ વીદ્વાઓ મ્રઓતૂ. (આંહી સુધી પઢી રહ્યા કે સરોશ ઇજદની બાજ લીધેલી કહેવાય.

અને બાજ લીધા પછી જે કલામો જેટલી વખત પઢવાને જણાવેલા છે તે પઢી રહ્યા પછી બાજ નીચે મુજબ પાછી મુકવી):—

(**બાજમાં પઢે**) સરોશ્ અશો, તગી. તન-ફર્માન્, શેકફ્તે-જીન્, જીન્-અવજાર, સાલારે દામાંને અહુરમજદ બેરસાદ; અએદૂન્ બાદ્ (પ્રગટ પઢે) યથા અહૂ વઇરયો (૨) યસ્નેમ્ચ વહ્મેમ્ચ અઓજસ્ચ જવરેચ આફ્રીનામિ, સ્રઓષહે અષ્યેહે, તખ્મહે, તનુ-માંથ્રહે. દરષિ-દ્રઓશ્, આહૂઇરયેહે. અષેમ્ વોહૂ (૧)—અશાહ રફેધ્ર; હજંઘ્રેમ; જસ મે અવંઘે મજદ; કેરફેહ મોજદ.

પુલું કપાઇ જાએ. એમ દીવસના બે વખત સવાર સાંજ પઢવું. અને પુલું કપાતું જાય ત્યાં સુધી દરરોજ પઢયા કરવું.

[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

અવો અનાઇશ્ આ વી-નેનાસા યા
કરપોતાઓસ્ચા કેવીતાઓસ્ચા

મવઇતે પાયૂમ્ દદાત્, હયત્ મા દ્રેગ્વાઓ દીદરેષતા અએનં ઘ્ને,
અન્યેમ્ થ્વહ્માત્ આથ્રસ્ચા મનં ઘ્નહ્સ્ચા, યયાઓ શ્યઓથનાઇશ્
અષેમ્ થ્રઓશ્તા અહુરા, તાંમ્ મોઇ દાંસ્તવાંમ્ દએનયાઇ ફ્રાવઓચા.
કે વેરેથ્રેમ્-જા થ્વા પોઇ સેન્ગહા યોઇ હેન્તી, ચિથ્રા મોઇ દાંમ્
અહૂબિશ્ રતૂમ્ ચીઝ્દી ; અત્ હોઇ વોહૂ સેરઓષો જન્તૂ મનં ઘ્નહા,
મજ્દા અહ્માઇ યહ્માઇ વષી કહ્માઇચીત્. પાત-નો ત્બિષ્યન્તત્
પઇરિ, મજ્દાઓસચ આરમઇતિશ્ચ સ્પેન્તસ્ચ, નસે દએવી દ્રુક્ષ
નસે દએવો-ચિથ્રે, નસે દએવો-ફ્રકરસ્તે, નસે દએવો-ફ્રદાઇતે,

અવાઇશ્ અઇપી ચેંગ્ દઇન્તી
નોઇત્ જયાતેઉશ્ ક્ષયમ્નેંગ્ વસો
તોઇ આખ્યા બઇરયાઓન્તે
વંઘ્હેઉશ્ આ-દેમાને મનંઘ્હો.

ઉપાય બીજો.



અગર જો આંખ ઉપર દરદ થયું હોય તો શ્રી ખોરશેદ યજદ-ની નીઆએશ પઢવી જારી રાખવી. તથા ખોરશેદ રોજને દીને

અપ કુક્ષ્ નસે, અપ કુક્ષ્ દ્વાર, અપ કુક્ષ્ વીનસે, અપાખ્રે અપ-નસ્યેહે, મા મેરેનચઇનીશ્ ગએથાઓ અસ્તવઇતીશ્ અષહે. (હયાં સુધી પઢી રહયા કે સરોશની બાજ લીધેલી કેહેવાય. અને એ પ્રમાણે બાજ લીધા પછી ઉપર જણાવેલા અવસ્તાના કલામો જે પઢવાને જણાવેલા છે તે પઢવા. અને કલામો જેટલી વખત કહેલાતેટલી વખત પઢી રહયા બાદ ઉપલી બાજ નીચે મુજબ પાછી મુકવી) :—(બાજ-માં પઢવું) "સરોશ્ અશો, તગી, તન્-ફર્માન, શેકફ્ત જીન્, જીન્-અવજાર, સાલારે દામાંને અહુરમજદ બેરસાદ્; અએદુન બાદ્ (પ્રગટ પઢવું) યથા અહૂ વઇરયો (૨) યસ્નેમ્ચ વહમેમ્ચ અઓજ-સ્ચ જવરેચ આફ્રીનામિ, સ્રઓષહે અષ્યેહે, તખ્મહે, તનુ-માંથ્રહે, દરષિ-દ્રઓશ્, આહૂઇરયેહે. અષેમ્ વોહૂ (૧)—અહમાઇ રએશ્ચ; હજંઘ્રેમ્; જસમે અવંઘ્હે મજદ; કેરફેહ્ મોજદ્.

ઇજશને, બાજ, આફ્રીગાન કરાવવું. અગર આંખને રોશનાઇ કમ હોય તો શ્રી આતશબેહેરામની દરગાહમાં ખુશબો ચહડાવી દરરોજ નીઆએશ કરવી જારી રાખવી.

માથું દુખતું નરમ કરવાના બાબમાં.



પવિત્રાઇથી પાદીઆબ કુસ્તી કરી અરદીબેહેશત અમાં શાસ્પંદની બાજ લઇ, યકીન સાથ શાંત મને, હાથમાં રખપ-લઇ જેનું માથું દુખતું હોય તેને માથે (નીદારે) હાથ ફેરવતા નીચલી નેરંગ સાત વખત પઢવી. અને એવી રીતની ક્રીયા માથું દુખતું તદન બંધ પડે ત્યાં સુધી દીવસના બે કે ત્રણ વાર કરવી. અને જો માથાંનો દુખારો લાંબો વખત સુધી રેહેતો હોય તો તે બંધ પડે ત્યાં સુધી દરરોજ એજમુજબ પઢવું.

"કુ શેકનમ્, ઓ વાએનુમ્, ઓ નેજાર્ કુનમ્
કાહ્બુદે શુમા દીવાંન્, ઓ દરૂજાંન્ ઓ જાદુઆંન્,
ઓ પરીઆંન,' પહોમ્ વ બર્સમ્, વ દીને રાસ્ત્
વ હોરોસ્ત્ વેહ્,' કે દાદાર અહુરમજ્દ ઓએ મન્
ચાશીદ્ અષઓને અષેમ્ વોહૂ (૧)—(સાત વખત પઢે).

ઉપાય બીજો.

અગરજો માથાંનું દરદ અને દુખારો થતો હોય, અને નરમ નહીં પડતું હોય તો બેહેરામ રોજને દીને બેહેરામ ઇજદની ઇજશને, દરૂન બાજ, આફ્રીગાન કરાવવું. અને દરરોજ બેહેરામ યસ્ત પઢવી જારી રાખવી.

માથાંના બાલોનું ખરી જવું.



અગર જો કોઇના માથાના બાલો ખરી જતા હોય તો તે ધણીએ તીર રોજને દીને તેશ્તર તીર ઇજદની યજશને, દરૂન બાજ, આફ્રીગાન કરાવવું. અને દરરોજ તીરયસ્ત પઢવી જારી રાખવી.

ધાવણું તથા નારગોર થયલો દુર કરવાના બાબમાં.



પવિત્રાઇથી પાદીઆબ કુસ્તી કરી બાજ, અરદીબેહેશત અમશાસ્પંદની લઇ, યકીન સાથ શાંત મને દાડમેરીની ડાંખલી હાથમાં લઇ તે વડે જેને ધાવણું થયલું હોય તેને નીચલા કલામો સાત વખત પઢતાં ઝાડો પીછી કરવી. અને એ

પ્રમાણે દીવસના બે વખત સહવાર સાંજ પઢવું. જ્યાં સુધી તદન આરામ ન થાય ત્યાં સુધી એ ક્રીયા ચાલુ રાખવી.

[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

અમેરેતાતસ્ચા હ્યાત્ વાઓ અકા મનંઘ્હા
ચેંગ્ હએવેંગ્ અકસ્ચા મઇન્યુશ્

અકા ષ્યઓથનેમ્ વચંઘ્રૂહા યા
ક્રચિનસ્ દ્રેગ્વન્તેમ્ ક્ષયો.
પોઉરૂ–અએનાઓ એનાક્તા યાઇશ્
સ્રાવયેઇતી યેજી તાઇશ્ અથા
હાતા–મરાને અહુરા વહિસ્તા
વોઇસ્તા મનંઘ્રૂહા
થ્વહ્મી વી મજ્દા ક્ષથ્રોઇ
અષાઇચા સેંગ્હો વીદાંમ

તથા જો કોઇને નારગોર થયલો હોય તો બાજ અરદીબેહેશત અમશાસ્પંદની લઇ, યકીન સાથ શાંત મને સોય ચાર લેવી, અને તેમાંથી સોય એક લઇને ઉપલા કલામ ત્રણ વખત પઢીને તે દરદીની જમની બાજુએ પાણીમાં નાંખવી. એ પ્રમાણે ઉપલી ચાર સોય લઇ, દરેક સોય ઉપલા કલામ ત્રણ વખત પઢીને પાણીમાં નાંખવી. એવી રીતે તદન આરામ થાય ત્યાં સુધી સહવાર સાંજ દરરોજ બે વખત ઉપલી ક્રીયા કરવી જારી રાખવી.

કશ ખેંચવાની ક્રિયા.



આ પુસ્તકમાં જાદુઇ, કે શયતાનીઅત, ભુત, પલીદી વગેરે ટાળવાને માટે જે ક્રિયા જણાવવામાં આવી છે, તે ક્રિયા કરનારા ધણીએ, ક્રિયા કરવા આગમચ પવિત્રાઇથી પાદીઆબ કુસ્તી કરી, જે જગ્યાએ ક્રિયા કરવાની હોય તે જગ્યાએ પોતાની બેઠક લઇ, બાજ ખોરદાદ અમશાસ્પંદની* લઇ, પોતાની આસપાસ ફરી-

---

* **બાજ ખોરદાદ અમશાસ્પંદની :—**

ક્ષનઓથ્ર અહુરહે મજદાઓ. અષેમ્ વોહૂ (૧).

પ નામે યજદાંન અહુરમજદ ખોદાએ અવજૂની ગોરજે ખોરેહ્ અવજાયાદ્. ખોરદાદ્ અમ્શાસ્પંદ બેરસાદ્. અજ હમા ગુનાહ્ પતેત્ પશેમાનુમ્; અજ હર્વંસ્તીન્ દુશ્મત દુઝૂખ્ત દુઝ્વરશ્ત, મેમ્ પ ગેતી મનીદ્, ઓએમ્ ગોફ્ત્, ઓએમ્ કર્દ, ઓએમ્ જસ્ત, ઓએમ્ બૂન્ બૂદ્ એસ્તેદ્. અજ આંન્ ગુનાહ્ મનશ્ની ગવશ્ની કુનશ્ની, તની રવાની ગેતી મીનોઆંની ઓખે અવાખ્શ્ પશેમાન્ પ સે ગવશ્ની પ પતેત્ હોમ્. ક્ષનઓથ્ર અહુરહે મજદાઓ, તરો-ઇદીતે અ ંઘ્રહે મઇન્યેઉશ્; હઇથ્યાવરશ્તાંમ્ હ્યત્ વસ્ના ફ્રેરષોતેમેમ્. સ્તઓમિ અષેમ્; અષેમ્ વોહૂ (૩) ફ્રવરાને મજદયસ્નો જરથુશ્ત્રિશ વીદએવો અહુરતકએષો (જે ગેહ હોય તે પઢે) ફ્રસસ્તયએચ. હઉ-ર્વતાતો રથ્વો યાઇરયયાઓ હુષિતોઇશ્, સરેધએઇબ્યો અષહે રતુબ્યો, ક્ષનઓથ્ર યસ્નાઇચ વહ્માઇચ ક્ષનઓથ્રાઇચ ફ્રસસ્તયએચ, યથા અહુ

આની જીની રેતી વડે, નીચલા કલામો ત્રણ વખત પઢતાં કશ યાને કુંડાળું પાડવુ. તે એવી રીતે કે પોતાને બેસવાની સગવડ મળે તેવી રીતે જરા મોટું પાડવું, અને પઢતાં કુંડાળું થઇ રહે કે કુંડાળાં પર આસપાસ નઝર ફેરવતાં જઇ ફુંક મારવી, અને બાજ મુકવી. આવી રીતે 'કશ' ખેંચવાથી ક્રિયા કરનાર ધણી પોતાના તનને કોઇપણ રીતના દેવ દરૂજના હુમલાથી બચાવી શકે છે.

વઇરયો જઓાતા ક્રા મે સ્રૂતે, અથા રતુશ્ અષાત્ ચિત્ હચ ક્રા અષવ વીસ્વાઓા શ્રઓાત્. હઉર્વતાતેમ્ અમેષેમ્ સ્પેન્તેમ્ યજમઇદે; યાઇરયાંમ્ હુષિતીમ્ યજમઇદે, સરેધ અષવન અષહે રતવો યજમઇદે. (ત્યાં સુધી પઢી રહ્યા કે ખોરદાદ અમશાસ્પંદની બાજ લીધેલી કેહેવાય. અને બાજ લીધા પછી ઉપર જણાવેલી 'કશ' ખેંચવાની ક્રિયા કરવી. એ ક્રિયા પુરી કર્યા પછી બાજ નીચે મુજબ પાછી મુકવી.)

(બાજમાં પઢે.) અહુરમજદ ખોદાએ, અવજૂનીએ મરદુમ્, મરદુમ્ સર્દગાંન્ હમા સર્દગાંન્, હમ્રૂબાયસ્તે વેહાંન્, ઓએમ્ બેહેદીન્ માંજદયસ્નાંન્ આગહી આસ્તવાની નેકી રસાનદ; અએદૂન્ બાદ્. (પ્રગટ પઢે) યથા અહૂ વઇરયો (૨) યરનેમ્રૂચ વહ્મેમ્રૂચ અઓજસ્રૂચ જવરેચ આફ્રીનામિ, હઉર્વતાતો રથ્વો યાઇરયયાઓ હુષિતોઇશ્ સરેધએઇબ્યો અષહે રતુબ્યો. અષેમ્ વોહૂ (૧)— અહ્માઇ રએશ્ચ; હજ્ધ્રેમ્; જસ મે અવંધ્રહે મજદ; કેરફે મોજદ્.

કાંમ્ ચિત્ થ્વાંમ્ચ દ્રુજેમ્ચ હુઇથ્યો–અયનાંમ્ હેન્તૂમ્,
કાંમ્ ચિત્ વા અઇય્યએનાંમ્ હેન્તૂમ્,
કાંમ્ ચિત્ વા રએથ્વનાંમ્.
કાંમ્ ચિત્ થ્વાંમ્ચ દ્રુજેમ્ચ અઇરયાબ્યો પાધએઇબ્યો જનાની,

થ્વાંમ્ચ દ્રુજેમ્ચ બન્દામિ,
થ્વાંમ્ચ દ્રુજેમ્ચ નિદ્ધે,
થ્વાંમ્ચ દ્રુજેમ્ચ નિજ્ઘ્નરેમ્ દ્રુજેમ્ચ.

આ 'કશ' યાને કુંડાળાની ક્રિયા પુરી થવા બાદ જે કામને માટે ક્રિયા કરવી હોય તેમાં જણાવેલી રીત મુજબ શરૂઆતમાં બાજ લઇ ક્રિયા શરૂ કરવી.

શીતળા અથવા ગોવરાંને ટાળવાના બાબમાં.



અગર જો નાનાં બચ્ચાંને અથવા મોટાં માણસને શીતળા અથવા ગોવરૂં આવ્યું હોય તો, આશતાદ ઇજદની યજશને, બાજ, આફ્રીગાન પોતાની શકતી પ્રમાણે એકથી વધુ વખત કરવવા જારી રાખવું. તથા શ્રી આતશબેહેરાંમની દરગાહે ખુશબો ચડાવવી, તથા અરદીબેહેશત અમશાસ્પંદની તથા હોમ ઇજદની ખશનુમન જેટલી પોતાની ગુંજાશ હોય તે પ્રમાણે કરાવવી. અને દરરોજ અરદીબેહેશત યસ્ત તથા મોટી હોમ યશ્ત પઢવી યા પઢાવવી જારી રાખવી.

બચ્ચાંને શસની થવાના બાબમાં.



અગર જો કોઇ બચ્ચાંને શસની થયલી હોય તો, પવિત્રાઇથી પાદીઆબ કુશતી કરી બાજ અરદીબેહેશત અમશાસ્પંદની લઇ, યકીનં સાથ શાંત મને ગોલાબ કેશરના પાણીથી નીચલી તાવીજની બે ચીઠી લખા લોબાને ધુપાવી એક બચ્ચાંનાં ગલામાં બાંધવી. અને એક પાણીમાં ઘોઇને પાવી.

અને શસની નરમ પડી જાય ત્યાં સુધી દરરોજ એક ચીઠી કરી પાવી.

٧٦	٧٠	٣٧	٦٠
٢٧	١٦	٦٦	١٧
٢٦	٥٧	٨٦	٥٦
٩٦	۴٦	٣٦	۴٧

બચ્ચું ઘણુંજ રડયા કરતું હોય તેના બાબમાં.



અગરજો કોઇ બચ્ચું ઘણુંજ રડયા કરતું હોય તો, પવિત્રાઇથી પાદીઆબ કુસ્તી કરી બાજ અરદીબેહેશત અમશાસ્પંદની લઇ, યકીન સાથ શાંત મને કેશર, ગોલાબના પાણીમાં નીચલી તાવીજની બે ચીઠી લખીને તેને લોબાને ધુપાવી એક બચાનાં ડાબા હાથની બાજુએ બાંધવી, અને બીજી ચીઠી પાણીએ ધોઇ

પાવી. એમ રડવું નરમ પડે ત્યાં સુધી દરરોજ એક ચીઠી બનાવી પાવી.

٦١	٧	٦٣	٨۴
۴٠	٧٣	۴	۴
٦	٢	٢۴	۵٣
٣٠	٩٣	٣	۵

લોહી પડવું.



અગર જો કોઇ માણસને લોહી પડતું હોય તો તે ધણીએ તીર રોજને દીને તેશ્તર તીર ઇજદની ઇજશને, દરૂનબાજ, આફ્રીગાન કરાવવું. અને દરરોજ તીર યશ્ત પઢવી જારી રાખવી.

ગાંઠ ખીસવાના બાબમાં.



અગર જો કોઇની ગાંઠ ખીસેલી હોય તો, પવિત્રાઇથી પાદીઆબ કુશતી કરી બાજ અરદીબેહેશત અમશાસ્પંદની લઇ,

યકીન સાથ શાંત મને કેશર ગોલાબના પાણીમાં નીચલી બે તાવીજોમાંથી કોઇ પણ એક યા બંને લખી લોબાને ધુપાવી જે ધણીની ગાંઠ ખીશેલી હોય તેની કમરે બાંધવી. યજદાંના હોકમથી ગાંઠ પાછી ઠેકાણે આવી જશે.

۴۳	۷۳	۵۴	۸۳	۴
>۸	۷۲	۳۳	۸۳	۱٦
۸۲	۲۴	۲۳	۲۳	۵۱
٦۳	۱۳	۲۲	۱۱	۴

[illegible]	[illegible]	[illegible]
[illegible]	[illegible]	[illegible]
[illegible]	[illegible]	[illegible]

શીકરાંનો મરજ.



અગર જો કોઇને શીકરાંનો મરજ થયો હોય તો તે ધણીએ તીર રોજને દીને તેશતર તીર યજદની ઇજશને, દરૂનબાજ, આફ્રીગાન કરાવવું. અને દરરોજ તીર યશત પઢવી જારી રાખવી.

નાખનું દરદ.



અગર જો નાંખ ઉપર કાંઇ દરદ થયું હોય તો મોહોર યજદની ઇજશને, દરૂનબાજ તથા આફરીગાન શકતી પ્રમાણે કરાવતા રેહેવું.

કાનનું દરદ.



અગર જો કાનને કાંઇ દરદ થયું હોય તો સરોશ યજદની ઇજશને, દરૂનબાજ, આફ્રીગાન શકતી પ્રપાણે કરાવતા રેહેવું. તથા અશો•મરદને ખેરાત કરવી. અને દરરોજ સરોશ યશ્ત પઢવી જારી રાખવી.

મોહુડાનું દરદ.



અગર જો મોહડાં ઉપર કાંઇ દરદ થયું હોય તો તીર યજદની ઇજશને, દરૂનબાજ, આફ્રીગાન કરાવતા રેહેવું. અને દરરોજ તીરયસ્ત પઢવી જારી રાખવી.

ગરદનનું દરદ.



અગર જો ગરદનને કાંઇ દરદ થયું હોય તો રામ યજદની ઇજશને, દરૂનબાજ, આફ્રીગાન કરાવતા રેહેવું. અને દરરોજ રામ યસ્ત પઢવી જારી રાખવી.

હાથનું દરદ.



અગર જો હાથને કાંઈ દરદ થયું હોય તો, આવાં અરદવી-સૂરની ઇજશને, દરૂનબાજ, આફ્રીગાન કરાવતા રેહેવું. અને દરરોજ આવાં યસ્ત તથા આવાં અરદવીસૂરની નેયાશ પઢવી યા પઢાવવી જારી રાખવી. અને જો પોતાની શકતી હોય

અને બની શકતું હોય તો એક નવો કુવો જ્યાં જરૂર હોય ત્યાં બંધાવી આપવો. તેમજ બીશમાર શયલા કુવાને સમરાવી અપાવવો.

શીનાનું દરદ.



અગર શીના ઉપર કાંઇ દરદ થયું હોય તો, હોમ યજદની ઇજશને, દરૂનબાજ, આફ્રીગાન કરાવતા રેહેવું. અને દરરોજ મોટી હોમ યસ્ત પઢવી યા પઢાવવી જારી રાખવી.

ગુઠણનું દરદ.



અગર જો ગુઠણ ઉપર કાંઇ દરદ થયું હોય તો, બહુમન અમશાસ્પંદની ઇજશને, દરૂનબાજ, આફ્રીગાન કરાવતા રેહેવું.

દેલનું દરદ.



અગર દેલનું દરદ હોય તો મેહેર યજદની ઇજશને, દરૂનબાજ, આફ્રીગાન કરાવતા રેહેવું. અને દરરોજ મેહેરયસ્ત પઢાવવી જારી રાખવી.

પીટા તથા હોલેદેલનું દરદ.



અગર જો પીટો હર ઘડી ઉછળી આવતો હોય, અથવા હોલેદેલ થયું હોય તો, તમામ યજદ અમશાસ્પંદની નઇયતે ઇજશને, દરૂનબાજ, તથા આફ્રીગાન કરાવતા રેહેવું.

ખોવાબમાં બીધું હોય તેના બાબમાં.



અગર જો કોઇ શખસ ખોવાબમાં બીધો હોય તો, પવિ-ત્રાઇથી પાદીઆબ કુશ્તી કરી બાજ અરદીબેહેશત અમશાસ્પંદની લઇ, નીચલા કલામો યકીન સાથ શાંત મને સાત વખત પઢવા. અને કેશર ગોલાબના પાણીમાં એ નીચલા કલામ એક કાગજના ટુકડાપર લખી લોબાનની ધુપ દઇને ધાસતી ખાનાર આદમીના હાથની દાબી બાજુએ બાંધવા. અને દીવસના બે વખત એ કલામો પઢવા જારી રાખવા. જો ધાસતી ખાનાર ધણીને પઢતાં ન આવડતું હોય તો કોઇ બીજા ધણીએ એ ક્રીયા કરવી. અને તે વખતે ધાસતી ખાનાર શખસને પવિત્રાઇ સાથ પાદીઆબ કુશતી કરાવી પઢતી વખતે તે પોતાની પાસે બેસાડવો.

[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

હિષસત્ અચિશતહયા દેમાને મન'ઘ્હા,
અંઘ્હેઉશ્ મરેખ્તારો અહયા,
યએચા મઝ્દા જીગેરેઝત્ કામે,
થ્વહયા માંથ્રાનો દ્રુતેમ્ યે-ઇશ્
પાત્ દરેસાત્ અષહ્યા.

ઉપાય બીજો.



અગર જેને કોઇ શખસ ખોવાબ એવો ડરામણો જોય કે તેથી તેનું દીલ દેહેશત ભરેલું થયું હોય તો, શાહ ફરેદુનની નઇઅતે અરદાફ્રૂઅશની ઇજશને, દરૂનબાજ, આફરીગાન કરાવવું. યજદાંના હોકમથી દેહેશત મટી જશે.

હરેક જાતનો આજાર દુર કરવાના બાબમાં.



પવિત્રાઇથી પાદીઆબ કુશ્તી કરી સરોશ ઇજદની બાજ લઇ, યકીન સાથ શાંત મને, હરેક આજાર ઉપર નીચલા કલામો સાત વખત, સહવાર, સાંજ અને બપોર એમ ત્રણ વખત દર રોજ પઢવા જારી રાખે તો યજદાંનાં હોકમથી, આજાર દફે થાય.

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

અમેરેતાતસ્ચા હયત્ વાઓ અકા મનંઘ્‌હા.
યેંગ્ હએવેંગ્ અકસ્ચા મઇન્યુશ્
અકા ષ્યઓથનેમ્ વચંઘ્‌હા યા
ક્રચિનસ્ દ્રેગ્વન્તેમ્ ક્ષયો.
પોઉરૂ–અએનાઓ એનાક્તા યાઇશ્
સ્નાવયેઇતી યેજી તાઇશ્ અથા
હાતા–મરાને અહુરા વહિશ્તા
વોઇસ્તા મનંઘ્‌હા
થ્વહ્મી વી મજ્દા ક્ષથ્રોઇ
અષાઇચા સેંગ્હો વીદાંમ.

જાદુ, પલીદી, તથા ભુત બલા ટાળવાના બાબમાં.



અગર જો કોઇને જાદુ કીધું હોય, યા પલીદી તથા ભુત બલાનું વળગાન હોય તો, પવિત્રાઇથી પાદીઆબ કુશતી કરી અરદીબેહેશત અમશાસ્પંદની બાજ લઇ, યકીન સાથ શાંત મને નીચલા કલામો સાત વખત, સહવાર, બપોર સાંજ, એમ ત્રણુ વખત દરરોજ તેની આગળ પઢવા જારી રાખવા. અને શરૂ-આતમાં નીચલા કલામો સાત વખત પઢી રેહેતાં એ કલામો

કેશર ગોલાબના પાણીએ એક કાગજના ટુકડાપર લખી લોબાને ધુપાવીને તેના દાબા હાથની બાજુએ બાંધવા. યજદાંનાં હોકમથી થોડા વખતમાં બલા દુર થઈ જશે.

[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

અખ્યાચા ખ્એતુશ્ યાસત્
અહ્યા વેરેજ઼ેનેમ્ મત્ અઇરયમ્ના,
અહ્યા દએવા; મહ્મી મનોઇ
અહુરહ્યા, ઉર્વાજે઼મા મંજ઼્દાઓ;
શ્વોઇ દૂતાંઓઘ્હો આંઓઘ્હામા;
તેંગ્ દારયો યોઇ વાઓ દઇબિષેન્તી.
અએઇબ્યો મજ઼્દાઓ અહુરો.
સારેમ્નો વોહૂ મનંઘ્હા
ક્ષથાત્ હચા પઇતી-ર્‌ઓત્
અષા હુરત્-હખા ખેન્વાતા;
સ્પેન્તાંમ્ વે આર્મઇતીમ્.
વંઘ્ઉહીમ્ વરેમઇદી; હા-ને અંઘ્હત્.

ઉપાય બીજો.



પવિત્રાઇથી પાદીઆબ કુસ્તી કરી બાજ અરદીબેહેશત અમશાસ્પંદની લઇ, યકીન સાથ શાંત મને નીચલી નેરંગ ઝાડો પીછી કરતાં સાત વખત પઢવી. અને બાજ મુકી છેલ્લાં અરદીબેહેશત યશ્ત પઢીને એ નેરંગની એક ચીઠી કેશર ગોલ:-

બના પાણીએ પાકીથી લખીને લોબાને ધુપાવીને પાવી. એ પ્રમાણે પઢવાનું સહવાર, બપોર, સાંજ એમ દીવસના ત્રણ વખત જારી રાખવું. અને દીવસનાં એક વખત ઉપલી ક્રીયા કરી ચીઠી એક પાવી. એમ તેને લાગેલા જાદુની અસર તદન દુર થાય ત્યાં સુધી દરરોજ કરવું.

[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible] (1)

કુલ્ બલા દફે શવદ્, ઓ દીવ્ ઓ દરૂજ્ ઓ પરી ઓ કફ્તાર્ ઓ સેહેરાંન્, ઓ બાદ્ અખ્તહેદ્ અખ્ત દરૂદે શેકમ્ હફ્ત્ અન્દાંમ્, ખલલે શઇતાંન ઓ ખાતર્ પરીશાંન્, ઓ ખલલે દેમાઘ્ શઇતાંન્ ખાતર્ પરીશાંન્ બાદ્; ઓ દર્ નજ઼ર્ બર્વીજ઼ન્ તા દીદને નવશ્ત્ ઓ માનન્દ્ હમ્ચનીન્ બલા દફે શવદ્. અષઓને અષેમ્ વોહૂ (૧)

ઉપાય ત્રીજો.



પવિત્રાઇથી પાદીઆબ કુશતી કરી, ઉનના સુતરના દોરાના તરાગ સાત લઈ સાથે મેળવી ઘણીજ પાકીથી આખી અરદી-બેહેશત યશ્ત પઢી જવી. અને ત્યાર બાદ અરદીબેહેશત અમશાસ્પંદની બાજ લઇ, યકીન સાથ શાંત મને :નીચલી નેરંગ ૭ વાર પઢતાં સાત ગાંઠવાળી (એટલે કે એક વખત પઢી રહયા કે એક ગાંઠ વાળવો એમ સાત વખત પઢતાં સાત ગાંઠ-વાળવાના છે) લોબાને ધુપાવી દાબી બાજુએ બાંધવું. ખોદાના હોકમથી જાદુની અસર દફે થતી જશે.

•

દાદારે જેહાંદાર તવાંના ઓ દાના, ઓ પર્વર્તાર
ઓ આફ્રીદેગાર, ઓ કેરફેહ્ગર ઓ અવખ્શીદાર.

અહેરેમન્ હીચ્, નાદાંન્, ઓ નતવાંનદ્ બ હીચ્ ચીજ્ નશહેદ્. અહુરમઝ્દ દાદારી, અહેરેમન્ મરોચીનીદારી. દાદાર પાક્, અહેરેમન્ નાપાક્; અહેરેમન્ ખાક્ શવદ્, અહેરેમન્ દૂર શવદ્, અહેરેમન્ દફે શવદ્, અહેરેમન્ શેકસ્તેહ. શવદ્, અહેરેમન્ હલાક્ શવદ્. અવ્વલ્ દીન્ જરથુશ્તી પાક્; અહુરમઝ્દ બુલંદ્ કવી, બેહ્, અવજૂની.

અષઓને અષેમ્‌વોહૂ (૧).

ઉપાય ૪ થો.



પવિત્રાઇથી પાદીઆબ કુસ્તી કરી અરદીબેહેશત અમશાસ્પંદની બાજ લઇ, નીચલી નેરંગ ઝાડો પીછી કરતાં સાત વખત પઢવી. આ વખતે સાથે બોયની ધુપ પણ કરવી. એમ દીવસના ત્રણ વખત સહવાર, બપોર, સાંજ, દરરોજ એની અસર તદન તુટે નહી અને બલા દફે થાય નહી ત્યાં સુધી હુશીઆરી સાથ ઘણીજ પાકીથી પઢવાનું જારી રાખવું.

કુ શેકનમ્, ઓ વાએનુમ્, ઓ નેજાર કુનમ્
કાહુબુદે શુમા દીવાંન્, ઓ દરૂજાંન્ ઓ જાદુઆંન્,

ઓ પરીઆંન, ૫ હોમ્ વ બર્સમ્, વ દીને
રાસ્ત્ વ દોરોસ્ત્ વેહ્, કે દાદાર અહુરમજ્દ
ઓએ મન્ ચાશીદ્દ અષઓને અષેમ્ વોહૂ (૧)

ઉપર જણાવેલા ચારે ઉપાયો અજમાવતી વખતે જો સાથે સાથે હોમ યજદની ઇજશને, દરૂનબાજ, આફ્રીગાન શાહ સ્પાવક્ષની નઇયતે ઇજાવવાનું શકતી પ્રેમાણે ચાલુ રાખવામાં આવે તો, જરૂર થોડા વખતમાજ ફેર માલમ પડી આવશે.

જીન, પરી, તથા ખવીશનો આશેબ તોડવાના બાબમાં.



અગર જો હરેક કોઇને કોઇએ જાદું કીધું હોય, અથવા હરેક કોઇને જીન, પરી તથા ખવીશનો આશેબ પોહોંચ્યો હોય તો, હોમ યજદની ઇજશને, દરૂનબાજ, આફ્રીગાન શાહ સ્પાવક્ષની નઇયતે કરાવતા રેહેવું. અને દરરોજ મોટી હોમ ઇયસ્ત પઢવી જારી રાખવી.

કોઇ પણ જાતની બલા દફે કરવાના બાબમાં.



પવિત્રાઇથી પાદીઆબ કુસ્તી કરી શારોશની બાજ લઇ, યકીન સાથ શાંત મને નીચલા કલામો સાત વખત પઢવા. એમ

દરરોજ દીવસના બે ત્રણ વખત પઢવાનું જારી રાખવું. તેમજ સાથે શરૂઆતમાં પઢી રહી એ કલામ કેશર ગોલાબના પાણીથી લખી લોબાને ધુપાવી પાસે રાખવું. યજદાના હોકમથી બલા દફે થઇ જશે.

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

વીવંઘ્હુષે આવી યિમસ્ચીત્
યે મષ્યેંગ્ ચિક્નુષો અહ્માકેંગ્
ગાઉશ્ બગા ખ઼ારેમ્નો.
અએષામ્ચીત્ આ અહ્મી થ્વહ્મી.
મઝ્દા વીચિથ્રોઇ અઇપી.
દુશ્-સસ્તિશ્ સ્રવાઓ મોરેન્દત્, હ્વો
જ્યાતેઉશ્ સેંગ્હનાઇશ ખ્રતૂમ;
અપો મા ઇશ્તીમ્ અપયન્તા બેરેખ઼ધાંમ્
હાઇતીમ્ વંઘ્હેઉશ્ મનંઘ્હો.
તા ઉખ઼્ધા મન્યેઉશ્ મહ્યા મઝ્દા.
અષાઇચા યૂષ્મઇબ્યા ગેરેઝે.
હ્વો મા-ના.

ખરવસતર તોડવાના બાબમાં.



પવિત્રાઇથી પાદીઆબ કુસ્તી કરી બેહેરામ યજદની બાજ* લઇ, યકીન સાથ શાંત મને નીચલી નેરંગ સાત વખત આડો પીછી કરતાં દીવસના બે ત્રણ વખત પઢવી જારી રાખવી.

---

* **બાજ બેહેરામ ઇજદની :—**

"ફ્નઓઘ્ર અહુરહે મજ્દાઓ. અષેમ્ વોહૂ (૧).

પનામે યજદાંન્ અહુરમઝ્દ ખોદાએ અવઝૂની, ગોરજે ખોરેહ્

પ નામે યજદ, પ નામે નીવ ફરીદુન્,
બસ્તેહોમ. હુપતરંગ સમાન, મેઆરેનીલીન,
સસતેન હુપત બસ્તેહોમ્, ઓયમ બસ્તેહોમ.
જેરહ્મા ખરવસતરાંન, જાદુઇ બસ્તેહોમ્,
બસ્તેહોમ્. હુપતેરેશમાન અષોને અષેમ્ વોહૂ (૧)

મરકી ટાળવાના બાબમાં.



અગર હરેક જગયાએ મરકી ચાલતી હોય તો હોમ યજદની ખશનુંમનથી શાહ ફ્રેદુનની નઇપતે ખજશને, દરૂનબાજ,

---

અવજુયાદ; બેહેરાંમ્ યજદ પીરોજગર દુશ્મનૂ-જદાર, અમહે હુતાશ્તહે બેરસાદ્. અજ હમા ગુનાહ્ પતેત્ પશેમાનુમ્; અજ હર્વસ્તીન્ દુશ્મત દુઝૂખ્ત દુઝ્વરશ્ત, મેમ્ પ ગેતી મનીદ્, ઓએમ્ ગોફ્તુ, ઓએમ્ કર્દ, ઓએમ્ જસ્ત્, ઓએમ્ બુન બુદ્ એસ્તેદ્. અજ આંનૂ ગુનાહ્ મનશ્ની ગવશ્ની કુનશ્ની તની રવાની ગેતી મીનોઆંની, ઓખે અવાખશ્ પશેમાનૂ પ સે ગવશ્ની પ પતેત્ હોમ્. ક્ષનઓથ્ર અહુરહે મજદાઓ, તરોઇદીતે અંઘ્રહે મઇન્યેઉશ; હઇથ્યાવરશ્તાંમ્ હતૂ વરના ફ્રેરષોતેમેમ્. સ્તઓમિ. અષેમ્ વોહૂ (૩)

ફ્રવરાને મજદયસ્નો જરથુશ્ત્રિશ વીદએવો અહુર-ત્કએષો (જે ગેહ હોય તે પઢે) ફ્રસસ્તયએચ, વેરેથ્રઘ્નહે અહુરધાતહે વનઇન્ત્યાઓસ્ચ ઉપરતાતો, ક્ષનઓથ્ર યસ્નાઇચ વહ્માઇચ

આફ્રીગાન કરાવવું. તથા જારી રાખવું અને દરરોજ મોટી હોમ યસ્ત પઢવી જારી રખાવવી. યજદાંના હોકમથી મરકી દફે થઇ જશે.

છુપીઆં દરદ ટાળવાના બાબમાં



અગર જો કાંઇ છુપું દરદ હોય કે જેને હકીમ તથા તબીબ પીછાની નહી શકે, અથવા મનમાં અંદેશો હોય કે તેથી

કનઓઇધાઇચ ક્રસસ્તયએચ, યથા અહૂ વઈરયો જઓતા ફ્રા મે મ્રૂતે, અથા રતુશ્ અષાત્ચિત્ હચ ફ્રા અષવ વીદ્વાઓ મ્રઓતૂ. (હયાં સુધી પઢી રહયા કે બેહેરામ ઇજદની બાજ લીધેલી કેહેવાય. અને બાજ લીધા પછી ઉપર જણાવેલી નેરંગ પઢી રહયા પછી બાજ પાછી મુકવી:—

(**બાજમાં પઢે**) અહુરમજદ ખોદાએ, અવજૂનીએ મરદુમ, મરદુમ સરદગાંન, હમા સરદગાન, હમણાયસ્તે વેહાંન, ઓએમ બેહેદીન માંજદયસનાન આગહી આસ્તવાની નેકી રસાનદ; અએદૂન બાદ. (પ્રગટ પઢે) યથા અહૂ વઇરયો (૨) યસ્નેમચ વહમેમચ અઓજસચ જવરેચ આફ્રીનામિ, વેરેથ્રધ્રહે અહુરધાતહે વનઇન્-ત્યાઓસચ ઉપરતાતો. અષેમ વોહૂ (૧)—અહમાઇ રએશ્ચ; હજંઘ્રેમ; જસ મે અવંઘહે મજદ; કેરફેહ મોજદ.

તે દુખ બીજા આગળ બોલી ન શકાય, તે દુખ ટાળવા સારૂ અરદાફ્રેોહશની યજશને ઇજાવી, ગોશ યજદની ખશનુમનથી યજશને, દરૂનબાજ, આફ્રીગાન કરાવવું.

ગમ તથા દલગીરી દુર કરવાના બાબમાં.



હરેક પ્રકારનો ગમ તથા દલગીરી પેદા થાય તે દુર કરવાને આવાં યજદની યજશને, દરૂનબાજ, આફ્રીગાન કરાવવું. અને દરરોજ આવાંઅરદવીસૂરની નીઆએશ તથા યસ્ત પઢવી જારી રાખવી.

દુશમનને નેહેશત કરવાના બાબમાં.



પવિત્રાઇથી પાદીઆબ કુસ્તી કરી અરદીબેહેશત અમશાસ્પંદની બાજ લઇ, યકીન સાથ શાંત મને નીચલા કલામ સાત વખત દરરોજ દીવસના બે વખત પઢવા જારી રાખવા. ખોદાના હોકમથી તે પોતાના દુશમનને દુર કરી શકશે.

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

હુમેમ્ તત્ વહિશ્તાચીત્ યે
ઉષુરૂયે સ્યસ્ચીત્ દક્ષ્હ્યા
ક્ષયાંસ્ મજ઼્દા અહુરા યેહ્યા–મા
આઇથિશ્ચીત્ દ્વએથા
હ્યાત્ અએનંઘ્હે દ્રેગ્વતો.
ખ્રએઆનૂ ઇષ્યેંગ્ અંઘ્હ્યા.

ઉપાય બીજો.



પવિત્રાઇથી પાદીઆબ કુસ્તી કરી અરદી બેહેશત અમશાસ્પંદની બાજ લઇ, યકીન સાથ શાંત મને નીચલા કલામ સાત વખત દરરોજ બે ત્રણ વખત પઢવા જારી રાખવા. ખોદાના હોકમથી તે પોતાના દુશમનને દુર કરી શકશે.

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

હીષસત્ અચિશ્તહ્યા હેમાને મનંઘ્‌હા,
અંઘ્‌હેઉશ્ મરેખ્તારો અહ્યા,
યએચા મઝ્દા જીગેરેઝત્ કામે,
થ્વહ્યા માંથ્રાનો દ્રુતેમ્ યે-ઇશ્
પાત્ દરેસાત્ અષહ્યા.

ચોપગાં હેવાનોની વરધી થવાના બાબમાં.



ચોપગાં હેવાનોની વરધી થવા સાંરૂ ગોશ યજદની ખશનુમને ઇજશને, દરૂનબાજ, આફ્રીગાન પોતાની શકતી પ્રમાણે કરાવતા રેહેતું.

ધારેલાં કામની ફતેહમંદી ચાહુવાના બાબમાં.



પવિત્રાઇથી પાદીઆબ કુસ્તી કરી અરદીબેહશત અમશાસ્પંદની બાજ લઇ, યકીન સાથ શાંત મને નીચલી નેરંગ સાત વખત પઢવી. એમ દરરોજ દીવસના બે યા ત્રણ વખત પઢવી. ખોદાંના હોકમથી થોડાજ વખતમાં તે ફતેહમંદ પામશે.

"નામે અહુરમજ્દ, પ નામે નીવ્ ખોરેહ્ ફરીદુન્, ફરીદુન્ આથવ્યાંન્. પ નામે વનંત સેતારે, પ નામે સતવેસ સેતારે, પ નામે તેસતર સેતારે, પ નામે હફતરંગ સેતારે, પ નામે વજરે હની હુખ્ત. અવરે એકમ આરેદેવાન દાદે ચેતદ અમહે હુતાશ્તહે હુરઓધહે, વેરેથ્રઘ્નહે અહુરધાતહે, વન·

ઇનુત્યાઓસ્‌ચ ઉપરતાતો, અએહૂનૂ બાદ્‌. ખુબ્‌ બાદ્‌. અએહૂનૂ બાદ્‌. હુજશ્‌ને હુનેશાનૂ બાદ્‌. અએહૂનૂ બાદ્‌. અષઓને અષેમ્‌ વોહૂ (૧)

હરએક પ્રકારની નેક હાજત બર લાવવાનાં બાબમા.



હરેક પ્રકારની નેક હાજત બર લાવવાને માટે ખરાં દીલ અને યકીનથી દહમ યજદની ઇજશને, દરૂનબાજ, આફ્રીગાન કરાવતા રેહેવું. જેથી ખોદાના હોકમથી પોતાના કામમાં ફતેહમંદી પામશે.

કેટલાંએક કામની સલામતી ચાહવાના બાબમાં.



અગર કોઇ શખસ સફર ગયો હોય, અથવા હરેક ચીજ વેચવાનો ધંધો કીધો હોય, અથવા હરેક જણસ આંવવાની વકી હોય, અથવા કોઇ સફરમાં ફસી પડયો હોય, અથવા બંદીખાને પડયો હોય, એટલી ચીજની સલામતીને માટે, પોતાની સાફ

નઇયત રાખવી કે સરવે સલામત પોહતાથી વીફ તથા ખશેસએ-દની નઇયતે ગોશ યજદની ઇજશને, દરૂનબાજ, આફરીગાન ઇજાવશ. તો યજદાંના હોકમથી જરૂર તે ફતેહમંદી મેળવશે.

હરેક નવું કામ શરૂ કરવાના બાબમાં.



અગર કોઇ શખસ હરેક નવાં કામની શરૂઆત કરવા માંગે, અથવા ઘર અથવા વાડીની ઇમારત બાંધવા માંગે, અથવા વાહાણ બાંધવા માંગે તો પ્રથમ હપતન અમશાસપંદની ઇજશને દરૂનબાજ, આફરીગાન કરાવવું. તથા ગયોમરદ તથા શાહ જમશેદને નામે ઇજશને, દરૂનબાજ, આફરીગાન કરાવવું.

મુશકેલ કામની આશાન થવાના બાબમા.



અગર કોઇ ભલી દીનના બેહેદીનને એવું મુશકેલ કામ આવી પડયું હોય કે તેથી તેની આબરૂને ધોકો લાગતો હોય તો તે વેળા શાહ આદ્રેશરને નામે આશતાદ યજદ તથા બેહેરામ યજદની ઇજશને, દરૂનબાજ, આફરીગાન કરાવવું. તથા શ્રી આ-તશ બેહેરામની દરગાહમાં ખુશબોઇ મોકલવી. ખોદાના હોકમથી પોતાના મુશકેલ કામની આશાન થશે.

આબરૂ ઇજત ચાહવાના બાબમા.



પવિત્રાઇથી પાદીઆબ કુસ્તી કરી શરોશની બાજલઇ,, યકીન સાથ શાંત મને નીચલા કલામ સાત વખત દરરોજ સહવાર સાંજ પઢવાના જારી રાખે તો, પોતાના કામમાં ફતેહ પાંમે અને આબરૂ ઇજતમાં વધારો થાય.

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

ગેરેહ્મો આ હોઇથ્વો ની
કાવયસ્ચીત્ પ્રતૂશ્ ની દદત્
વરેચાઇ હીચા ક્રઇદિવા
યા મષ્યા અચિશ્તા દન્તો,
વક્ષેન્તે દએવો-જાશ્તા, વંધ્હેઉશ્
સીજ઼્ધમ્ના મનંધ્હો;
મજ઼્દાઓ અહુરહ્યા પ્રતેઉશ્
નસ્યન્તો અષાઅતૂચા.
તા દેઐનઓતા મષીમ્ હુજ્યાતોઇશ.

રાજ દરબારે બુજોરગી ચાહવાના બાબમા.



પવિત્રાઇથી પાદીઆબ કુસ્તી કરી દાદાર અહુરમજદની બાજ* લઇ, યકીન સાથ શાંત મને નીચલા કલામો સાત વખત

*** બાજ દાદાર અહુરમજદની :—**

"ક્ષ્નઓમ્, અહુરહે મજ઼દાઓ અષેમ્ વોહૂ (૧).

૫ નામે યજ઼દાંન્ અહુરમજ઼દ ખોદાએ અવજ઼ૂની, ગોરજે ખોરેહ્ અવજ઼ાયાદ્. દાદાર અહુરમજ઼દ રયોમંદ્ ખોરેહ્મંદ્ મીનો-આંન્ મીનો બેરેતુમ્ બેરસાદ્.

સહવાર, સાંજ, દરરોજ પઢવાના જારી રાખે તો, ખોદાના હોકમથી રાજ દરબારે બુજોરગી પામે.

[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

વીદાંમ્ અષેવાંમ્ અષેનંઘ્હામ્ નષેચીત્
વીદ્વાઓ અઓજોઇ હાદ્રોયા

અજ હમા ગુનાહ્ પતેત્ પશેમાનુમ્; અજ હર્વસ્તીન્ દુશ્મત દુજૂખ્ત દુજ્વરશ્ત, મેમ્ પ ગેતી મનીદ્, ઓએમ્ ગોફ્ત, ઓએમ્ કરદ્, ઓએમ્ જસ્ત્, ઓએમ્ બૂન્ બૂદ્ એસ્તેદ્. અજ આંન્ ગુનાહ્ મનશ્ની ગવશ્ની કુનશ્ની તની રવાની ગેતી મીનો-આંની, ઓખે અવાખ્શ્ પશેમાન્ પસે ગવશ્ની પ પતેત્ હોમ.

યા જોયા સેંગ્હુઇતે યાઇશ્
સ્રાવી ખ્એના અયંઘ્હા
યએષાંમ્ તૂ અહુરા ઇરિખ્તેમ્
મઝ્દા વએદિશ્તો અહી.
અએષાંમ્ અએનંઘ્હામ્.

હાકેમ તથા સરદારની મેહેરબાની ચાહવાના બાબમા.



હાકેમ તથા સરદારની ખેદમતમાં રહેલો ધણી પોતાના સરદારની મેહેરબાની ચાહવા માંગતો હોય તો, અરદાબામખોશ

ક્નઓથ્ર અહુરહે મજદાઓ, તરોઇદીતે અંઘ્રહે મઇન્યેઉશ્; હઇથ્યાવરશ્તાંમ્ હત્ વસ્ના ફ્રેરશોતેમેમ્. સ્તઓમિ. અષેમ્; અષેમ્ વોહૂ (૧)

ક્રસ્તુયે હુમતોઇબ્યસ્ચા હૂખ્તોઇબ્યસ્ચા હૂવરશ્તોઇબ્યસ્ચા, માંથ્વોઇબ્યસ્ચા વખેધ્વોઇબ્યસ્ચા વરશ્તવોઇબ્યસ્ચા. અઇબિગઈરયા હઇથે વીસ્પા હુમતાચા હૂખ્તાચા હ્વરશ્તાચા. પઇતિરિચ્યા હઇથે વીસ્પા દુશ્મતાચા દુઝૂખ્તાચા દુઝ્વરશ્તાચા. ફ્રેરા વે રાહી, અમેષા સ્પેન્તા, યસ્નેમ્ચા વહ્મેમ્ચા, ફ્રેરા મનંઘ્હા, ફ્રેરા વચંઘ્હા, ફ્રેરા શ્યઓથના, ફ્રેરા અંઘ્હાઓયા, ફ્રેરા તન્વસ્ચીત્ ખ્વખ્યાઓ ઉશ્તનેમ્. સ્તઓમિ અષેમ્. અષેમ્ વોહૂ (૩)

તથા ખશેસ બેદની નઇયતે ઇજશને, દરૂનબાજ, આફ્રીગાન અશો ફ્રેરોહરનું કરાવવું. ખોદાના હોકમથી ધારેલાં કામમાં ફતેહ પામશે.

હાકેમ દીવાનના કામમાં ફતેહમંદી મેળવવાના બાબમાં.



અગર જો હાકેમ દીવાનના કામમાં ફતેહમંદી મેળવવી હોય તો, પવિત્રાઇથી પાદીઆબ કુસ્તી કરી દાદાર અહુરમજદની બાજ લઇ, યકીન સાથ શાંત મને નીચલા કલામ સાત વખત

ફ્રવરાને મજદયસ્નો જરથુશત્રિશ્ વીદએવો અહુર-ટકએષો (જે ગેહ હોય તે પઢે) ફ્રસસ્તયએચ. અહુરહે મજદાઓ રએવતો ખરેનંઘૂહતો, અમેશનાંમ સ્પેનતનાંમ વહ્માઇચ ક્ષ્નઓથ્રાઇચ ફ્રસસ્તયએચ, યથા અહૂ વઈર્યો જઓતા ફ્રા મે મ્રૂતે, અથા રતુશ્ અષાતચિત્ હચ ફ્રા અષવ વીધ્વાઓ મ્રઓતૂ. (હયાં સુધી પઢી રહયા કે દાદાર અહુરમજદની બાજ લીધેલી કેહેવાય. અને બાજ લીધા પછી ઉપર જણાવેલા કલામો પઢવા. અને એવી રીતે પઢી રહયા પછી ઉપલી બાજ પાછી મુકવી:—

(બાજમાં પઢે) અહુરમજદ ખોદાએ, અવજૂનીએ મરદુમ, મરદુમ સર્દગાંન્, હમા સર્દગાન્, હમબાયસ્તે વેહાંન્, ઓએમ્

દરરોજ સહવાર, સાંજ, પઢવા જારી રાખવા. ખોદાના હોકમથી પોતાના કામમાં ફતેહ મેળવશે.

[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

બેહેદીન માંજદયસનાન આગહી આસ્તવાની નેકી રસાનદ; અએદૂન બાદ. (પ્રગટ પઢે) યથા અહૂ વઇરયો (૨) યસ્નેમ્ચ વહમેમ્ચ અઓજસ્ચ જવરેચ આફ્રીનામિ, અહુરહે મજ્દાઓ રએવતો ખરે-નંઘુહતો. અષેમ વોહૂ (૧).

વીદાંમ્ અએષાંમ્ અએનંઘ્હામ્ નએચીત્
વીદ્વાઓ અઓજોઇ હાદ્રોયા
યા જોયા સેંગ્હઇતે યાઇશ્
સાવી ખ્એના અયંઘ્હા
યએષાંમ્ તૂ અહુરા ઇરિખ્તેમ
મજ્દા વએદિશ્તો અહી.
અએષાંમ્ અએનંઘ્હાંમ્.

હાકેમનો જુલમ ટાળવાના બાબમાં.



અગર હાકેમ જુલમગાર, અને અતીશય જુલમ કરતો હોય, અને તેનાથી રૈયતને ત્રાશ હોય તો, અશો ફરોહરે તથા ફરેદુનની નઇયતે ઈજીશને, દરૂનબાજ, આફ્રીગાન કરાવવાનું જારી રાખવું.

અદાવતના કરનાર શત્રુને ટાળવાના બાબમાં.



અદાવતના કરનાર શત્રુને ટાળવાને માટે પોતાની ગુંજાશ પ્રમાણે બેહેરામ યજદની ઇજશને, દરૂનબાજ, આફરીગાન કરાવતા રેહેવું. અને દરરોજ બેહેરામ યશ્ત પઢવી જારી રાખવી.

પોતાનું તથા પોતાના ફરજંદોનું સુખ તથા તંદરોસ્તી ચાહવાના બાબમાં.



અગર જો પોતાનું તથા પોતાના ફરજંદોનું સુખ તથા તંદરોસ્તી ચાહવી હોય તો, પવિત્રાઇથી પાદીઆબ કુસ્તી કરી અરદીબેહેશત અમશાસ્પંદની બાજ લઇ, યકીન સાથ શાંત મને નીચલા કલામો સાત વખત દરરોજ સહવાર સાંજ પઢવા જારી રાખવી.

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

યા રાઓધ્હયેન્ સવંધ્હા
વહિશ્તાત્ ષ્યઓથનાત્ મરેતાનો,
અએઇબ્યો મઝ્દાઓ અકા મ્રઓત્, યોઇ
ગેઉશ્ મોરેન્દેન્ ઉર્વાક્ષ્-ઉખ્તી જ્યોતૂંમ્;
યાઇશ્ ગેરેહ્મા અષાત્ વરતા.

યસ્યા વાઓ મશ્ યજઇતે
ફ્રજસ્યા પઇરિમનોઇશ્યા;
બ્યઓમાંમ્ અઇપી દઇબિતાના
યાઇશ્ અસૂઢ્રમ્ બૂમ્યાઓ હસઇથે.

ઉપાય બીજો.



પોતાની તથા પોતાના ફરજંદની તંદરોસ્તી ચાહવાના બાબમાં ઉપર જણાવ્યા પ્રમાણે પવિત્રાઇથી પાદીઆબ કુસ્તી કરી બેહેરામ યજદની બાજ લઇ, યકીન સાથ શાંત મને, નીચલી નેરંગ સાત વખત દર રોજ સહવાર સાંજ પઢવી જારી રાખવી.

નામે અહુરમજ્દ, પ નામે નીવ્ ઓરેહ્ ફરીહુન્, ફરીહુન્ આથવ્યાંન્. ખોરશેદ્ અઉર્વદ્‌–અસ્પ્ યજ્દાંન. હ્વરે-ક્ષએતેમ્ અમેષેમ્ રએમ્ અઉર્વત્–અસ્પેમ્ યજ્મઇદે. તિશ્ત્રીમ્ દ્રવો-ચષ્મનેમ્ યજ્મઇદે.

(જેનાં નામથી પઢવું હોય તેનું નામ અહીયાં પઢવું. ફલાનરા ફલાનરા.)

વઝારનીરોએ ખોરેહ ફરીદુન, ફરીદુન આથવ્યાંન. ૫ માહે ચશેમ મેબશ્તે હોમ. વઝારનીરોએ ખોરેહ ફરીદુન, ફરીદુન આથવ્યાંન. વ જોએ અવાખશતરાન એ અવાખશતરાંન તન-દોરોસ્તી બાદ, અએદુન બાદ. હુજશ્ને હુનેશાન બાદ. ખુબ બાદ અએદુન બાદ. અષઓને અષેમ વોહૂ (૧).

ઉપાય ત્રીજો.



પોતાની તથા પોતાના ફરજંદની તંદરોશ્તી ચાહવાના બાબમાં, હોમ યજદની ઇજશને, દરૂનબાજ, આફરીગાન કરાવતા રેહેવું. અને દરરોજ હોમ યશ્ત પઢવી જારી રાખવી.

ફરજંદની મોરાદ બર આવવાનાં બાબમાં.



અગરજો ફરજંદની મોરાદ ચાહવી હોયતો, આવાં યજદની ઇજશને, દરૂન બાજ, આફરીગાન કરાવતા રેહેવું. અને દરરોજ આવાંઅરદવીસૂરની ન્યાએશ તથા યશ્ત પઢવી તથા પઢાવવી-જારી રાખવી.

ફરજંદો મરણ પામતાં હોય, જીવતાં ન હોય તો તેની તંદરોસ્તી ચાહવાના બાબમાં.



અગર કોઇ શખસને ત્યાં ફરજંદો થતાં હોય અને તે મરી જતાં હોય તો, તેની તંદરોસ્તી ચાહવાને માટે હોમ યજદની ઇજશને, દરૂનબાજ, આફરીગાન કરાવતા રેહેવું. અને દરરોજ મોટી હોમ યશ્ત પઢવી જારી રાખવી.

નબળા ગ્રહોથી ઉત્પન્ન થતા ફળોની સમજ.

ગ્રહો ઉપર ફરેશતાઓનો કાબુ.

ગ્રહોની નબળી અસરને દુર કરવાને પવિત્ર માંથ્રવાણીની ચમતકારીક અસર.



પૃથ્વી અને તેપર વસ્તી માણુસ જાતને સાત ગ્રહો અને તેમનાપર અધિકાર ભોગવતા અમશાસ્પંદો સાથે નીકટ સંબંધ છે. આ ગ્રહોથી માણુસ જાતની કેટલીક ખાસીયત અને ગુણોપર અસર થાય છે. અને એવી રીતે દરેક માણસના સારા અને નરસા ગ્રહો હોય છે, અને જન્મ રાશી તથા નામ રાશીથી તેના ગ્રહો શોધી કહાડાય છે. નબલા અથવા નડતા ગ્રહોની સમજ નીચે મુજબ છે:—

નબળા સુર્યનું ફળ.



૧-૨-૪-૫-૭-૮-૯-૧૨ (ટપકા માંહેલી કુંડળીના ઘરો) એટલામાં સુર્ય જન્મ રાશી તથા નામ રાશીથી હોય તો, શરીરે રોગ વગેરેની પીડા થાય; મન ચિંતાથી ઘેરાયલું રહે, અગ્ની

પેદા કરે અથવા અગ્નીથી દુ:ખ ઉભું કરે, વિદેશ વસાવે, અને કાર્યમાં દરેક રીતે હાની પોંહોંચાડે:—આ ગ્રહ ઉપર ખુરશેદ યજદ અધિકાર ભોગવે છે. તેથી એ ગ્રહની નબળી અસર તોડવાને માટે ખુરશેદ યજદની તેના રોજ પર યજશને, દરૂન બાજ, આફ્રીગાન કરાવતા રેહેવું. અને દરરોજ ખુરશેદ તથા મેહેરની નીયાએશ પઢવી જારી રાખવી.

નબળો ચંદ્રનું ફળ.



૪–૫–૮–૯–૧૨ એટલામાં જન્મ તથા નામ રાશીથી ચંદ્રમા હોય તો, ધનની તંગી રાખે, ચોરથી હાની પોંહોંચાડે, અગ્નીથી કાંઇ પીડા કરે, બંદીખાનાનો ભય દેખાડે, બીજાઓથી કલેશ કરાવે, અને જીવને અસુખી–અસ્વસ્થ રાખે.

ચંદ્રમાં સારો નરસો (નડતો) પીછાણવાની સમજ નીચે મુજબ છે:

શુદમાં જન્મ કે નામ રાશીએ ૨–૫ અને ૯ મો ચંદ્રમા હોય તે સારો જાણવો.

વદમાં જન્મ રાશી અથવા નામ રાશીએ ૨–૫ અને ૯ મો ચંદ્રમા હોય તે નબળો જાણવો.

શુદમાં જન્મ કે નામ રાશીએ ૪-૮ કે ૧૨ મો ચંદ્રમા હોય તે નબળો જાણુવો.

વદમાં જન્મ કે નામ રાશીએ ૪-૮ કે ૧૨ મો ચંદ્રમા હોય તો તે સારો એટલે લાભકારક જાણુવો.

આ ગ્રહ ઉપર મોહોર યજદ અધિકાર ભોગવે છે. તેના રોજપર ઇજશને, દરૂનબાજ, આફ્રીગાન કરાવતા રેહેવું. અને દરરોજ માહબોખ્તારની નીયાએશ પઢવી જારી રાખવી.

નબળા મંગળનું ફળ.



૧-૨-૪-૫-૭-૮-૯-૧૦-૧૨ એટલામાં જન્મ તથા નામ રાશીથી મંગળ હોય તો, શરીરે પીડા રાખે, શત્રુનો ભય બતાવે, વિદેશ કહાડે, અને સગાં તથા મીત્રોમાં વીરોધ ઉત્પન કરાવે:—આ ગ્રહ ઉપર બેહેરામ યજદ અધિકાર ભોગવે છે. તેના રોજપર ઇજશને, દરૂનબાજ, અને આફ્રીગાન કરાવતા રેહેવું. અને દરરોજ અરદીબેહેશ્ત તથા બેહેરામ યશ્ત પઢવી જારી રાખવી.

નબળા બુધનું ફળ.



૧-૩-૫-૭-૯-૧૨ એટલામાં જન્મ તથા નામ રાશીથી બુધ હોય તો, જીવને ઉદાસ રાખે, કલહ કરાવે, ધનનો ક્ષય કરાવે, શત્રુઓ વધારે, અને ભાંડુ તથા સગાઓમાં વિરોધ ઉત્પન કરાવે:—આ ગ્રહ ઉપર તીર યજદ અધિકાર ભોગવે છે. તેના રોજપર ઇજશને, દરૂનબાજ, અને આફ્રીગાન કરાવતા રેહેવું. અને દરરોજ ખોરદાદ તથા તેશ્તર તીર યશ્ત પઢવી જારી રાખવી.



નબળા બ્રહસ્પતીનું ફળ.



૧-૩-૪-૬-૮-૧૦-૧૨ એટલામાં જન્મ તથા નામ રાશીથી બ્રહસ્પતી હોય તો, શત્રુને વધારે, મીત્ર સાથે કલેશ કરાવે, અને નાણાંની ભીડ ભોગવાવે:—

આ ગ્રહ ઉપર ખુદ દાદાર અહુરમજદનો અધિકાર કેહેવાય છે. તેમદ્દા રોજપર ઇજશને, દરૂનબાજ, આફ્રીગાન કરાવતા રેહેવું. અને દરરોજ હોરમજદ યશ્ત પઢવી જારી રાખવી.



નબળા શુક્રનું ફળ.



૬-૭-૧૦ એટલામાં જન્મ તથા નામ રાશીએ શુક્ર હોય તો, કામકાજની હાની કરે, સ્ત્રી સાથે અણુબનાવ ઉત્પન કરાવે, જીવને ચીંતાતુર રાખે, શરીરને રોગ વીગેરેથી પીડા કરે, ધારેલાં કામ ધુળ મેળવે, પૈસાથી હાથ ભીડમાં રાખે, અને શત્રુઓને વધારે:—આ ગ્રહ ઉપર અમરદાદ અમશાસ્પંદ અધિકાર ભોગવે છે. તેના રોજપર ઇજશને, દરૂનબાજ, આફ્રીગાન કરાવતા રેહેવું. અને દરરોજ મોટી હપતન તથા તીર યસ્ત પઢવી જારી રાખવી.

નબળા શનીનું ફળ.



૧-૨-૪-૫-૭-૮-૯-૧૨ એટલામાં જન્મ તથા નામ રાશીથી શની હોય તો, કુટુંબ પરીવારમાં કલેશ કરાવે, જીવને ચીંતાતુર રાખે, શત્રુનો ભય ઉત્પન કરે, અને નાણાની હાંની કરાવે:—

આ ગ્રહ ઉપર અસફ્નદારમદ અમશાસ્પંદ અધિકાર ભોગવે છે. તેના રોજપર ઇજશને, દરૂનબાજ, આફ્રીગાન

કરાવતા રેહેવું. અને દરરોજ આવાં તથા મોટી હપતન યશ્ત પઢવી જારી રાખવી.

નબળા રાહુનું ફળ.



૨-૪-૫-૭-૮-૧૨ એટલામાં જન્મ તથા નામ રાશીથી રાહુ હોય, તો તે માણસને બધી વાતે ઘણું દુઃખ ઉત્પન કરે :—

આ ગ્રહ ઉપર હપતોરંગ યજદ અધિકાર ભોગવે છે. એની ઇજશને, દરૂનબાજ, આફ્રીગાન કરાવતા રેહેવું, અને દરરોજ મોટી હપતન યશ્ત પઢવી જારી રાખવી.

વી દએવાઇશ્ અઘાઇશ્, અવંઘ્હ્રૂશ્, અનરેતાઇશ્, અકો-દાબીશ્ સરેમ્ મ્રુયે; હાતાંમ્ દ્રઓજિશ્તાઇશ્, હાતાંમ્ પઓષિશ્તાઇશ્, હાતાંમ્ અવંઘ્હુતેમાઇશ્. વી દએવાઇશ્, વીદએવવત્બીશ્ વી યાતુશ્, વી યાતુમત્બીશ્, વી કહ્યાચીત્ હાતાંમ્ આતરાઇશ્, વી મનેબીશ્, વી વચેબીશ્, વી શ્યઓથનાઇશ્; વી ચિથ્રાઇશ્. વી જી અના સરેમ્ મ્રુયે, યથના દ્રેગ્વાતા રાંક્ષયન્તા.

ખરાબ, ભલાઇ વગરના, સીધે રસ્તે નહી ચાલનારા, (તથા) ખરાબ જાણનારા દેવો (જેઓ) હયાતી ભોગવનારાઓમાં ઘણાજ જુઠા, હયાતી ભોગવનારાઓમાં ઘણાજ ગંધાતા, (અથવા ઘણાજ બીગડેલા), (તથા) (જેઓ) હયાતી ભોગવનારાઓમાં ઘણાજ બુરા (છે તેઓની) સરદારીને હું કબુલ રાખતો નથી (અથવા ધિકકારૂં છું). જે પ્રમાણે જુઠા (તથા) રંજ પોંહોંચાડનારા (માણુસો) ની સરદારીને હું ધિકકારૂં છું, તેજ પ્રમાણે દેવોની, દેવને લગતાઓની (ઇઆને દેવની રાહે ચાલનારાઓની), જાદુગરોની, જાદુગરને લગતાઓની, હયાતી ભોગવનારાઓમાંના કોઇબી બુરા (માણુસ) (એ બધાઓની) સરદારીને (મારાં) મને કરીને, વચને કરીને, કાંમોએ કરીને (તથા) જાહેર રીતે હું ખરે ખર ધિકકારૂં છું.

(ઇજશ્નેનો ૧૨ મો હા.)

કા૦ એ૦ કાંગા.

પારસીઓમાં દાખલ થયલી હિંદુ ક્રિયા તથા રસમો.



જરથોશતીઓમાં ચાલતા કેટલાક જુદદીન બુત પરસ્તી રીવાજોનું વર્ણન આ નાના પુસ્તકમાં આપવામાં આવયું છે. આ રસમો જોકે હિંદુ છે ખરી, પણ તે હલકી વરણના હિંદુઓની બુતપરસ્તી છે, જે ઉંચી વેદાન્ત હિંદુ ફીલસુફી પણ સ્વીકારતી નથી. આ રીવાજો પાલીને જરથોસ્તી ધર્મ પાળનારાઓ અહુરમજદની નજરમાં કેવા ગુનેહગાર ઠરે છે તે વીચારવું સેહેલ છે. આવી રીતીઓ કોમના સારા નામને કલંક લગાડનારી છે. દરેક જરથોશતીઓએ આવા બુતપરસ્તી રીવાજો જો પોતાના કુટુંબમાં યા મીત્ર મંડળમાં જાએજ હોય તો તેમને પોતાની બનતી કોશેશથી લડત ચલાવી જડમુળથી કાઢી નખાવાને કોશેશ કરી પુણ્ય હાંસલ કરવુ જોઇએ. આ રીવાજો તતકાળ તર્ક કરાવવાને જરથોસ્તી કુટુંબો સમક્ષ ઉપદેશ કરતા રહેવાની આપણા દસ્તુર દાવરો, ભણેલા એરવદો તેમજ ધર્મ અભ્યાસીઓની ફરજ છે.

દસમાના દિવસ પર થતી વીચીત્ર ક્રિયા.



દસમાને દીવસે જેમ હીંદુઓ મુવાનું બારમું કરે છે, ત્યારે દશ બાર દોરીઆ પોતાની ક્રીયામાં લાવે છે તેમ આપણા જરથોસ્તીઓમાં પણ ગુજરેલાંની ભોય આગલ તે દીવસે કાદવના દોરીઆ ગોઠવી તે ઉપર સુખડના ટીલા કરી, તે વાંસણના ગલામાં કાચુ સુતર વીટાળે છે. અને તે દોરીઆ ઉપર કેટલીએક જાતના 'કઠોળ' તથા 'મેજ' નો છુંછો મુકે છે, અને એકાદ દોરીઆમાં "ખીચડી" અને તેમાં "દક્ષણા" તરીકે પૈસા મુકે છે. હવે એ ઉપર જણાવેલી રીતોમાં તથા હીંદુઓની બારમા તેરમાની ક્રીયામાં કાંઇ તફાવત નથી. એ ચાલ તમામ ખોટી અને જરથોસ્તી દીનની હાંસી કરવા જોગ છે.

ઉપર મુજબ હીંદુઓની રીત જરથોસ્તીઓએ પકડીને રવાનના મુબારક દીવસે તેની આરાધના અને તેને ખુશી કરવાને બદલે ઓર તે રવાનને બુતપરસ્તી જેવો દેખાવ કરી નાખુશ કરે છે. તેમજ હરકોઇ માજદયસનાનો જાણીબુજને પારકા ધર્મનો રેવાજ પોતાના ધર્મમાં તથા કુટુંબમાં ચાલુ કરવાથી મીનોઇ જેહાનમાં બહેસ્તની જગાથી બેનશીબ રહે છે.

આપણી ભલી માજદીયસની દીનના સઘળા ફરમાંનોના તરીકા યઝદાં પરસ્તી છે, માટે સઘળા દીનદાર જરથોસ્તીઓને સજાવાર છે કે પોતાની બરહક દીનના તરીકાથી કોઇબી રીતનો ઉલટો રીવાજ પકડવો નહી, કેમકે ઉલટો માર્ગ પકડવાથી ગુનાહ લાગે છે.

મુકતાદ માંડવાની ક્રિયા.



ડોસલાં અથવા મુકતાદ માંડવાની ક્રિયા કરવામાં આપણાં લોકો લોહાંની મારી અથવા આરણીઓ ઉપર પાણીનાં ભરેલાં વાસણોની ચૉર યા ખીલોરકામ ગોઠવી મુકે છે, અને તેની અંદર તરેહ તરેહનાં ફુલ ખોસે છે, તથા એક ખુમચાની અંદર લીલો તથા સુકો મેવો મુકે છે, અને કોઇ કોઇ લોકો મારીના વચલા ભાગમાં જે લોઢાંનું તાક બનાવેલું હોય છે તેને જામો પહેરાવે છે, તથા તેની અંદર સુદરો કુસ્તી મુકે છે. તથા શેરડીના બે કટકા રવાનના હાથ તરીકે અને બે સાંઠા પગ તરીકે એ મારીની સાથે ગોઠવે છે; પછી એ આકારને પવીત્ર કરી ગણે છે. અને તે મધે ગુજરી ગયલાં રવાનોએ મુકામ કીધો હોય એવો તે ઉપર ભરોસો લાવે છે, અને પછી તેનો નમસ્કાર કરે છે, અને તે આકારની સનમુખ ઉભાં રહી યા બેસીને બંદગી તથા શેતાયસ કરે છે, આવા આકારથી ડોસલાં માડવાની એ ચાલ ખરેખર ઘણી અણઘટતી, અને જરથોસ્તી દીનનાં ફરમાનથી ઉલટી છે.

જરથોસ્તી મજહબમાં એવું ફરમાવેલું છે કે માણસના હાથથી ઉભા કરેલા કોઇબી આકારને આપણે નમવું જોઇએ નહી. તોપણ આપણા લોકો પોતાના ધરમની બાબદની નાવાકફીને લીધે ડોસલાંના આકારનો સેજદો કરે છે. અને જયારે

તેઓને એ બાબેની કોઇ મનાઇ કરે છે ત્યારે તેઓ કહે છે કે "હમો કાંઇ ડોસલાંની મારી યા બેહડાંને પગે લાગતાં નથી પણ હમો તો ગુજરેલાં અશો ફરોહરોને યાદ કરીને તેઓને નમીએ છીએ."

જરથોસ્તી દીનમાં કાંઇ એવું ફરમાવેલું નથી કે રવાનોની આરાધના આપણે કરવી હોય તો બેહડાં અને મારી માંડીનેજ તેની સનમુખ ઉભાં રહીને આરાધના કરવી. જરથોસ્તી દીનમાં તો માણુસના હાથથી ઉભા કરેલા કોઇબી આકારનો કેબલો કરવાનું કામ ગુનાહ ભરેલું ઠેરવ્યું છે.

હવે જરથોસ્તીઓએ જાણવું જોઇએ કે ફુલ પાણીને એકજ વાસણમાં ભરવું નહી, તેમજ એક એક ઉપર તામડીઓ ગોઠવી બેહડાંનો આકાર કરવો નહી. તેમજ આખી શેરડી તથા નાળીએર મુકવાં નહી, ગમે તો નાળીએર ભાંગી સાફ કરીને, તથા શેરડીના કકડા કરીને ફ્રૂટ સાથે ઇજાવે તો કાંઇ પણ અડચણ નહી. પણ ઉપર જણાવેલી રીતે શેરડી અશો ફરોહરોના પગ તરીકે ગોઠવવી, અને તામડીઓ એક એક ઉપર ચડાવી બેહડાં ગોઠવવાં એ દીનનાં ફરમાનથી ઉલટું છે. કેમકે આપણા પવીત્ર ધર્મમાં જણાવ્યા પ્રણાણે એક ચોખાં પાણીથી ભરેલાં વાંસણના મોઢા ઉપર બીજું વાસણ ઢાંકે, તે વાસણ કોરૂ કાંઠા સુધી અંદરથી ચોખું કેહવાય. આપણા લોકોની ચલુ આવેલી રસમ પ્રેમાણે એક કળશીઆ પર બીજો કળશીઓ મુકવામાં આવે છે. એ ઉપરથી પેલાં નીચેનાં વાસણનું પાણી અવાવ એટલે ચોખું

ગણાય નહી, એટલુંજ નહી પણ તે પાણી ઢંકાયામાં આવેથી તેથી આપણા ધર્મ પ્રમાણે તે અશો ફરોહરોની ખશનુદીને માટે નકામુ થઇ પડે છે. માટે એક વાસણમાં પાવ પાણી ભરી રાખી તેની આગળ ફુલ-ફળ-રાખી યઝદાં પરસ્તી દીનના હુકમ પ્રમાણે આતશદાનમાં હરદમ આતશ જારી રાખી, તે ઉપર સારી ખુશ-બોદાર કાઠી બાળી અશો ફરોહરોની આરાધના કરવી વાજબી છે.

ઉપર જણાવ્યા પ્રમાણે અશો ફરોહરોની ખશનુદીને સારૂ એક જગો સફાઇદાર પવીત્ર કરી તે જગોએ ફુલ અને પવીત્ર પાણી તથા રોશન આતશ, તે જગા આગળ હરદમ હાજર રાખી તે ઉપર સારી ખુશબોઇ બાળવી અને તેજ પવીત્ર જગા આગળ આફ્રરગાન, બાજ, સતુમ અને ફરોખશી વગેરે અવસ્તાનું પઢવું તે અશો ફરોહરોની યાદ પોતાનાં દીલમાં રાખીને તે અણદીઠ ફરોહરોને બુજરગ ગણી, તેની યાદ ઉપલી પવીત્ર જગાએ કરવી વાજબી છે. અશો ફરોહરો એ ફરવરદેગાનના દીવસો રાત દીન આ દુન્યામાં પોતાના ખેશાવંદોના મકાનમાં પોતાની નઇ-અતે ભણવું ગણવું ચાહે છે અને તે દીવસમાં ફુલ, ફળ, પાણી દરરોજ બામદાદમાં તાજું ભરી કાયમ રાખવું જોઇએ.

વળાવાના ભાતીઆં.



આપણા ટોલાની ઘણીએક વહેમી અને અણસમજ સ્ત્રીઓ મુકતાદને લગતી કેટલીએક બેહુદી ક્રીયા કરે છે તેમાં ફરવરદીન મહીનો અને ખોરદાદ રોજની પાછલી રાતના, કે જે દીવસને આપણા લોકો "વળાવો" કહે છે, તે દીને બેહડાં માડેલાં હોય છે તે જગાએ રવાનોને માટે તરેહ તરેહનું ખાનું પકાવીને તે વાસણમાં બાંધીને તેમાં કેટલીએક ચીજોની સાથે રસ્તાના ખરચને માટે પઇસા તથા રૂપીઆ બાંધે છે, અને તેને "ભાતીઉં" કરીને કહે છે. એ પ્રમાણે જાણે રવાનો ખોરદાદ રોજ સુધી આ જેહાનમાં તેઓનાં ખેશાવંદોના ઘર મધે રહેતા હોય, અને એ દીને પાછલી રાતના કુચ કરીને પેલી જેહાન જતાં હોય તે વખતે મુસાફરોને મુકવા જતા હોય તેમ રવાનોને મુકવા જાય, અને મુસાફરોની પેઠે અશો રવાનોબી રસ્તામાં મુકામ કરીને પકાવેલું ખાનું ખાવા બેસ્તાં હોય તેમ રવાનોને "ભાતીઉં" બાંધી આપીને આપણા લોકો "વળાવવા" જતા હોય તેવી બેહુંદી અને અણઘટતી રસમ કરે છે, જે દીનથી તદન ઉલટી છે, અને એવી બેહુંદી રસમ ચલાવવાથી આપણા પાક મજહબને ઘણું હીણું લાગે છે. તથા આપણા પવીત્ર ધંરમની બુજોરગી તથા મોટાઇને અપમાન પહોંચે છે.

આદરનાં જશનની માનતા.



આપણા માજદયસની ટોલાના લોકો ખોદાતાલાની બંદગી કરતી વખતે આતશને પોતાનો કેબલો કરે છે, યાને આતશની સનમુખ ઉભા રહીને એબાદત કરે છે, તે આતશને સંભાલથી જાળવી રાખવાને સારૂ જરથોસ્તી મજહબમાં મજબુત હોકમ આપેલો છે. એ સંભાળને સારૂ આતશની ઉપર સુકી કાઠી, સુખડ, અગર અને એ વગેરે બીજી ખુશબોદાર ચીજો બાળવાનો તથા તેથી આતશને રોશન રાખવાનો ફરમાન જરથોસ્તી દીનની કેતાબોમાં છે. આતશ રોશન રાખવાને માટે સુકી કાઠી તથા ઉપર કહેલી બીજી ખુશબોદાર ચીજો આપણી ગુંજાસ મુજબ હાજર કરવા સીવાય આતશખાનાઓમાં બીજી કાઇબી ચીજોનો હદીઓ લઇ જવો જરૂર નથી. એવું છતાં પણ આપણા ટોલાની સ્ત્રીઓ, આદરનાં જશનને દહાડે અને તેજ પ્રમાણે બીજા દીવસો ઉપર આતશબેહેરામોમાં તથા આદરાનોમાં હર કાંઇ માનતા અથવા ખુશાલીનાં કારણ ઉપરથી પોલીનાં ફુલારાં ચડાવે છે. એ રીતી જરથોસ્તી મજહબની સાદાઇ તરફ નેગાહ પહોચાડતાં મજહબના ફરમાનથી તદન ઉલટી છે. જુદદીન લોકો જેમ પોતાના દેહર્ડી તથા દેવલો તથા કબરગાહોમાં મીઠાઇ અને બીજા પકવાનોની માનતા કરે છે, તેઓનોજ દાખલો પકડીને આપણા લોકોએ એ આતશખાનાઓમાં પોલીના ફુલારાં લઇ જવાની રસમ અખતીઆર કીધેલી જણાય છે. એવી રીતે ઘણાં ખરાં

આતશબેહરામ અને આદરાનોમાં ફુલારાંની પોલી, મેવો, અને એ વગેરે બીજી ચીજો ચડાવવામાં આવે છે. જે લોકો જરથોસ્તી દીન ઉપર એતેકાદ રાખીને એવી રસમ ચલાવે છે તેઓને ખરેખર ગુનાહ અને હીણપસ્તી લાગે છે.

અરદુઇશુરના જશનની માનતા.



આવા અરદુઇશુરના જશનને દહાડે, અને તે સીવાય બીજા દીવસો ઉપર કેટલીએક જરથોસ્તી સ્ત્રીઓ પોલી તથા લાડવા બનાવીને આવાં અરદુઇશુર તથા કુવાઓ આગલ પરઠાવવા લઇ જાય છે, અને ત્યાં રેતીની ઉપર તથા કુવાના વરા ઉપર હલદ અને કંકુનું ખરપટું કરીને તે પોલી તથા લાડવાની માનતા ચહડાવે છે. એ રસમ પણ જેમ આતશખાનાઓમાં પોલીની માનતા ચડાવવા વીશે આગલ લખવામાં આવ્યું છે તેવીજ રીતે નાલાયક અને મુર્ખાઇ ભરેલી છે. જરથોસ્તી મજહબમાં એવી માનતા યા ક્રીયા કરવાનો હોકમ ફરમાવેલોજ નથી. જુદદીનની એ સઘળી રસમો બીલકુલ તરક કરવી જોઇએ, અને એવી માનતાઓ કરીને પોતાના ધરમની ઓજોરગીને જાંખ લગાડવી નહી. આપણે આપખુદીથી જુદદીનની રાહ રસમો ઉપર ચાલીએ તો અલબતા આપણે પરવરદેગારનાં ગુનેહગાર અને તકસીરવાર થઇએ.

ઉઠમણામાં 'ગાય' પઢાવવાનો રીવાજ.



ઉઠમણાની ક્રિયા પુરી કીધા પછી તે મરનારની નઇઅતે "ગાય" પઢાવવામાં આવે છે. આપણા ધર્મની કોઇ પણ કેતાબોમાં એવું જોવામાં આવ્યું નથી કે મરનારની નઇઅતે ઉઠમણામાં ગાય પઢાવવી, પણ ફરવરદીન યસ્તના તેરમા કરદામાં મુકતાદના દીવસો ઉપર અશો ફરોહરોની આરાધના કરવા વીશે જે બયાન કરવામાં આવેલું છે તેમાં ગોસપંદનું જીવામ અને વસ્ત્ર ઇજાવા સાથે અશો ફરોહરોની આરાધના કરવી જોઇએ, તે ઉપરથી કેટલાકો ગુંચવાડો કરી ઉઠમણાની મીજલસમાં ગાય પઢાવવાનો રીવાજ લઇ બેઠા હોય. પણ ખરૂં જોતાં એ રસમ હીંદુઓની છે તે નીચેની બાબત વાંચવાથી ખાત્રી થશે.

હીંદુઓનો એવો એતેકાદ છે કે જ્યારે કોઇ શખસ ગુજરી પેલી જેહાનમાં જાય, ત્યારે સ્વર્ગમાં જતાં રસ્તામાં ઘણીએક અડચણો નડે છે તે મટાડવાને સારૂ ગોદાન આપે છે એટલે તે ગાયનું પુછડું પકડીને તે અડચણો પસાર કરી વૈતરણી નામની નદી તરીને સ્વર્ગમાં જાય છે.* એવા એતેકાદથી હીંદુઓ મરનારનાં તેરમાંને દીવસે ગાય, પાટલો, વસ્ત્ર, વાસણ વગેરે

---

* જુઓ ગરૂડ પુરાણ જે હીંદુ લોકોનાં ધર્મનું પુસ્તક છે, જે કેટલાએક હીદુઓ મરનારની પાછલ દશ દીવસ સુધી વંચાવે છે તેમાં એ હકીકત સારી રીતે બતાવેલી છે.

બ્રાહ્મણને આપે છે. કેટલાએક તેરમાને દીવસે અને કેટલાએક માસીસા, વરસી વગેરેને દીવસે આપે છે. અને કેટલાએક જીવતાં પણ ગાય આપે છે, જેને ગૌદાન કહે છે. તેમજ જો કોઇને ઉપર મુજબ ગૌદાન આપવાની શકતી નહી હોય તો પોતાને જે મલે તે રૂપાનાણું બ્રાહ્મણને ગૌદાનમાં ઉચકા તરીકે આપીને તેને રાજી કરે છે. તે રેવાજ ઉપરથી આપણા લોકોમાં એવો ચાલ પડયો હશે એમ જણાય છે.

વશુરી.



આપણા જરથોશ્તીઓમાં એવો ચાલ છે કે કોઇ માણસ ગુજરે છે તો ત્રણ દીવસ સુધી વશુરી (એટલે ખીચડી) રાંધીને કુતરાંને ખવાડે છે. પણ હીંદુઓમાં તો એવો ચાલ છે કે ગુજરે તેજ દીવસે અથવા રાત પડી ગઇ હોય તો બીજે દીવસે ખીચડી રાંધી તેના ઘરના પોતે ખાય છે, ને થોડી કાચી ખીચડી બ્રાહ્મણને આપે છે તથા થોડી રાંધી ગાય કુતરાંને ખવાડે છે. વળી એ લોકોમાં ચોકસ ટોલો કાયસ્થ નામે પ્રસિદ્ધ છે તે લોકો ખીચડી રાંધી ગાયને ખવાડે છે અને તે ગાયને મરનારની જગા આગળ ત્રણ આંટા ફેરવે છે તેથી તેઓનો એવો એતેકાદ છે કે તે જગા ઉપર ગાય ફરી જવાથી તે જગા પવીત્ર થાય છે. એ હીંદુઓના રેવાજ ઉપરથી આપણામાં વશુરીની રસમ પડી હશે એવું ધારવામાં આવે છે.

૧૦૭

પંચકનાં ઢીંગલાં.



આપણા જરથોસ્તીઓમાં કોઇ ગુજરી જાય છે, તે વેળાએ તેના ઘરની વહેમી ઓરતો તથા મરદો હીંદુઓના જોશીઓએ બનાવેલું ટીપણુ જોઇને તે દીને પંચક હોય છે તો પહેલું, બીજું, ત્રીજું, ચોથું, યા પાંચમું એ પ્રમાણે જે પંચક હોય છે તેટલી કપડાંની ઢીંગલીઓ બનાવીને મરનારની લાસની સંગાથે ગેહાનમાં મેલે છે. હવે આ રસમ કેવી અણઘટતી અને બેહુદી છે તેની શ્યાણા જરથોસ્તીઓએ પોતેજ વીચાર કરવો. એ જુદદીનની રસમ આપણી દીનથી ઉલટી અને ગુનાહ ભરેલી છે, તે છતાં આપણા ટોલાના ઘણાએક લોકો એ રસમ તરક કરતા નથી જે ઘણુંજ અફસોસ ભરેલું છે. જેઓ એ રસમને વળગી રહે છે અને છોડતા નથી તેઓ વેહેમી સ્ત્રીઓ તથા જોશીઓનો ભુલાવો ખાઇને એવું ધારતા હશે કે પોતાનાં સગાં વહાલાં યા પાર પાડોશીઓને માથેથી ભાર ઉતારવા સારૂ એ રસમ મુજબ ચાલવું જોઇએ. અગર જો એવુંજ હોય તો તેઓની અક્કલ ઉપર આપણને અફસોસ છુટે છે. તેઓએ જાણવું જોઇએ કે મોતનો અટકાવ કરવો એ કામ કાંઇ ઇનસાનના અખતીઆરમાં નથી. કજા એલાહીથી જ્યારે હરકોઇની અજલ આવી પોહાંચે છે ત્યારે માણસનો એલાજ કોઇ રીતે ચાલતો નથી, અને ઉપર કહી જણાવેલો બેહુદો ઉપાય કીધાથી મોતનો ભાર કોઇને માથેથી ઉતરી શકતો નથી. ઉપર જણાવેલી ના

લાયક ક્રીયા જે જરથોસ્તીઓ કરે છે તેઓ ગુનાહ કરે છે, એટલુંજ નહી પણ તે સાથે મરનારને અપમાન આપે છે, તથા પોતાના પાક મજહબને હીણું લગાડે છે. વાસ્તે આપણા ટોલાના દીનદાર લોકોએ એવી નાલાયક અને ગુનાહ ભરેલી રસમને બીલકુલ તરક કરવી જોઇએ.

વીધવાના માથાપર "દખોટા" તરીકે નવી સાડી નાખવાની રસમ.



આપણા લોકોમાં કોઇ મરદ ગુજરે છે તેનું રવાન એક ગમથી બહાર નીકળ્યા પછી તુરત તેની બાઇડી ઉપર (દખોટાનું નામ આપી) નવી સાડી અગત કરીને જાણે દીનનું ફરમાન હોય તેમ સમજીને નાખે છે. આ ચાલ કેવો અણઘટતો છે કે જે ઇનસાન ઉપર માહેતમ જેવું મુશકેલ આફત પડે છે તેના સબબથી એકગમથી રદનના પોકારો ઉઠે છે તે વખતે નવી સાડી નાંખવાની દોડાદોડ કરે છે. પછી ગરીબી હાલતવાલાંથી નહી બની આવતું હોવાથી તે બીચારા ફીકરમાં પડે છે. તોપણ ગમે એવી શખતી ભોગવીને બી નાંખ્યા વગર રેહતા નથી. આ રસમ પણ ઘણી અણઘટતી અને મુરખાઇ ભરેલી છે, અને તે હીંદુઓને જોઇને આપણા લોકોએ અખતીઆર કરેલી છે કે જેને તરક કરી દેવાની ઘણી જરૂર છે.

પરીઆનાં રોજા.



વધારે જુના વખતના પુરાણોકત ઇતીહાસમાં પરીઓ 'આડે મારગે જતી સુંદર સ્ત્રીઓ' તરીકે જણાયલી છે, જેઓ પહેલવાનોને લલચાવીને તેઓનો નાશ કરતી હતી. ત્યાર પછી પરીઓ સેવટે બુતપરસ્તીની ફુસલવણીના અલંકાર રૂપે લપડાઇ. અવસ્તામાં તેઓને અપાયલા સૌથી પુરાણા આકાર મુજબ તેઓ હજુ સુધી શયતાની ખવાસની સ્ત્રીઓ તરીકે ઓળખાય છે.

પરીઓને, અવસ્તાનાં લખાણોમાં, જગે જગ ધીક્કારવામાં આવી છે. જાદુગરો સાથે તેઓને સરખાવીને નાપાકીની ચીજો તરીકે તેઓને જાહેર કરવામાં આવી છે. અને તે છતાં, દલગીરી ભરેલું તો એ છે કે, અજ્ઞાન હાલતમાં રીબાતા સંખ્યાબંધ પારસી સંસારોમાં પરીઓની માનતા કરવામાં આવે છે, તેઓને આરાધવામાં આવે છે, અને 'પરીઆંના રોજા' ભરવાના નામથી ક્રીયામાં મીણબતીઓ સળગાવાને બતીની હાર લંબાવવામાં આવે છે અને તરેહવાર ફલ ફુલો અને મીઠાઇ મેવાઓના અને રાંધેલા પકવાનો મુકીને લોબાંન મુકી તેઓને માન અને ગંભીરાઇથી યાદ કરવામાં આવે છે. આ વખતે એકાદ ઓરત જે રોજો ભરવામાં કુશળ ગણાતી હોય તે કઠીયારા વગેરેની મુસીબતની અનેક ગપાં સાથની દંતકથા ચલાવે છે. જે આધારે એકઠી મળેલી મીજલશ પોતાના કુટુંબને એ મીસાલ

દરેક મુશકેલી દુર કરવા માટે પરીયાંઓની મદદ માંગે છે. અને અદબ અંદાજાવીના કાંઇ વીચીત્ર ખોલ્લા સવાલો પુછાય છે. આવી દરૂજ શકતીઓની જરથોસ્તીઓએ માનતા કરવી અને તેને આરાધવી એ ધર્મથી તદન ઉલટું અને ઘણુંજ ગુનાહ ભરેલું છે.

રાંડેલ-ચોખથાર.



આપણી ભોળી જરથોશતી ઓરતોએ હિંદુઓની સાથના વસવાટથી એ બુતપરસ્તી રીવાજ લીધેલો જણાય છે. પોતાના ફરૂઝંદના લગન પછી રાંડેલ ભરવાની માનતા લે છે અને એ કામમાં પાવરદી બનેલી કોઇ પારસી ઓરતને બોલાવીને તેની પાસે એ ક્રીયા કરાવે છે. એ ક્રીયા કરવા માટે ચોખંડ બાજત ગોઠવી કેળનું ઠડ તથા અનાજ વીગેરે મુકી રેશમી કપડું પાંથરે છે અને દરેક રીતે મુરતીનો આકાર બનાવે છે. એવા દેખાવ ઉપરાંત રાંડેલ ભરનારી ભાડુતી ઓરત જમણ થઇ રહયા પછી દેવયસની રાહ રસમના ગીતો ગવડાવે છે. એ રીવાજ હાલમાં કાંઇક શકતીવાન ઘરોમાં વધારે જોવામાં આવે છે. કારણ કે ગરીબ વરગમાં પઇસાની તંગીને લીધે બંધ પડેલો લાગે છે. અફસોસ આ બુતપરસ્તીનો દેખાવજ જરથોશતી ઓરતોને પોતાના ખાલેસ ધરમના ફરમાનો ભુલાવીને, નીતી રીતીનાં કામથી ઉલટા અને બદ વીચારો ઉતપન કરવાને પુરતો છે.

કાળી ચઉદસ.



દીવાળીના હીંગામ ઉપર મોટે ભાગે જરથોશતી ઘરોમાં કાળી ચઉદસના દીવસે બુતપરસ્તી ક્રીયા કરમો ચાલે છે. એ દીવસે મરઘાં, બકરાંનો દેવીને ભોગ આપવાનો કમકમાટ ભરેલો રીવાજ ઘણેક ઠેકાણે ચાલુ રહેલો જણાય છે. જરથોશતી ઘરોમાં મોટે ભાગે તાડી, દુધ, ઇડાં, લોબાન વગેરે ક્રીયા કરમથી ઘરનાં કાતરીયાં અથવા ઓરડાઓમાં દેવ દેવીઓને શાંત કરવાની અઘટીત ક્રીયા કરવામાં આવે છે. અને નવા કોડીયામાં દીવા કરીને લોબાન ધુપાવવામાં આવે છે. વળી એ દીને ગામડાંના ઘણાંક જરથોસ્તી ઘરોમાં સાંજનાં કાળી ચઉદસના કારીયા ભરવામાં આવે છે. એટલે કે કુંભારને ત્યાંથી કોરાં બે ચાર માટીની કાળી ઘાઘરો મંગાવી તેમાં પાણી ભરી ઉપર કોડીયાં ઢાંકે છે. અને કોરીયાં માંહે ફુલ મેવા મુકે છે. અને પાસે રાંધેલું પકવાન મુકી લોબાન મુકે છે. એવી રીતે જરથોસ્તીઓને પોતાના ખાલેસ ધરમ ઉપરથી એકીન ઓછું કરવાની દીનનાં હોકમથી શરીયામ ઉલટી ક્રીયા ઘણી ખરી ચાલુ રહેલી જોઇ આપણુને અફસોસ છુટે છે.

હોલીની માનતા.



આપણા ટોલાની ઘણી ખરી જરથોસ્તી સ્ત્રીઓ હોલીની પણ માનતા માનતી જણાય છે. અને તેઓ હોલીને દીવસે હોલીની ક્રીયાને લગતા સળગાવેલા આતશની અંદર નાલીએર, ખારક, સોપારી, ફુલ, ચીતર, અબીર, ગુલાલ, વગેરે ચડાવે છે. આવું કામ એક મજદયસ્ની ધરમ પાળનારનું નથી. એક ખરા જરથોસ્તી થઇ હોલીના સળગાવેલા આતશ માંહે માનતા તરીકે ઉપલી વસ્તુઓ નાંખવી અને તેવી ક્રીયા કરી કોઇ જાતની મોરાદ ચાહવી, એ કામ યઝદાં પરસ્ત લોકોનું નથી પણ મુરતી અને આકારની પુંજા કરનારા ખરા બુતપરસ્તોનું છે.

તાબુતની માનતા.



તાબુતનો દીવસ મુસલમાન લોકોના પેગમબર મહમદની છોકરીનો છોકરો અને તેની ઉમતનો ત્રીજો ઇમામ હોસેન બીન અલીને યજીદબીન માવીએ નામના મુસલમાનોના એક ખલીફાના હોકમથી અબીદઅલાજીઆ નામના એક મુસલમાને હીજરી સને ૩૧ ના મોહરમ મહીનાની ૧૦ મી તારીખે કરબલાના મેદાનમાં મારી નાંખ્યો હતો, અને તેની ઘોર કરબલાની અંદર કરેલી છે, તે ઇમામ હોસેનની લાસને દફનાવા સારૂ લઇ જવાનો દીવસ છે.

મુસલમાન લોકો જે મોહોરમની ૧લી તારીખથી તાબુતની ક્રીયા શરૂ કરે છે તેજ મતલબ તેઓના ઇમામ હોસેનને દફનાવા લઇ જવા સારૂ જનાજા તરીકે તાબુત બનાવવાની છે. એ શીવાય આ તેહવારની બીજી કોઇ મતલબ નથી. મુસલમાનો દર વરસે આ ક્રીયા ઉપલા બનાવની યાદગારી તરીકે પોતામાં કર્યા જાય છે તેમાં આપણને કશો વાંધો નથી. પણ આપણા જરથોસ્તીઓમાં કેટલી એક ભોલી અને અભણ ઓરતો તાબુતની માનતા કરવાનો હજી જુજવી વહેમ રાખતી જણાય છે. અને તેવી કોઇ કોઇ ઓરતો તાબુત રસ્તા ઉપરથી પસાર થાય છે ત્યારે તેની નીચે પાણી રેડાવે છે તથા પોતાના છોકરાઓને ઇમામ હોસેનની તરફ ફીદા થનાર અને તેને માટે ફકીરી અવતાર લેનાર બનાવવાની કબુલાત આપે છે. આવી રીત આપણી દીનનાં ફરમાન પ્રમાણે ઘણી નાપસંદ અને અણઘટતી છે. આપણે જરથોસ્તી થઇ પારકી દીનવાલા મુસલમાનોની ઉપલી વહેમ ભરેલી ક્રીયા ઉપર વીસવાસ લાવવો, અને તેને માનવું એ ખચીત આપણા પેદા કરનાર તથા આપણને રાહ દેખાડનાર પેગમબર જરથોસ્તની દીન ઉપર વીસવાસ નહી લાવવાનો ગુનાહ લાગુ પડી શકે છે. ઇમામ હોસેન પાણીથી પેઆસો મરણ પામ્યો, તેની પાણીની સોસ મટાડવાની મતલબથી તાબુત લઇ જતી વખતે નીચે રસ્તા ઉપર પાણી રેડવામાં આવે છે. અને ઇમામ હોસેનનાં મરણને માટે પોતાનાં બચાંને ફકીરી પોશાક આપવો એ જરથોસ્તી પાક મજહબને હીણું લગાડવા જેવું છે.

ગરણનો અપવાસ.



જે દીને ચંદ્ર તથા સુય ગરણ થાય છે તે દીવસ ઉપર પારસીઓનાં ઘણુંક વહેમી બઇરાંઓ હીંદુ લોકોની વહેમ ભરેલી ચાલ ઉપરથી અપવાસ રાખતી જણાય છે. અને ગરણ છુટતી વખતે જેમ હીંદુઓ ગરણદાન આપે છે તેમ પારસી સ્ત્રીઓ પણ કપડાં, પઇસા, અદડ, ખીલો, કોલસા, વગેરેનું એક પોતરડું કરીને હલકી જાતનાં માંગનારાંઓને બોલાવીને આપતી જણાય છે. આ વહેમી ઓરતો એમ સમજે છે કે ગરણ થાય છે ત્યારે સુર્ય મનુષ્યના પાપથી પોતાનું મહોડું ફેરવે છે અને અપવાસ રાખ્યાથી તેનો ક્રોધ ચડેલો નરમ પડે છે, તેમજ દાન આપવાથી તેવા નબળા બુરા ગ્રહોનું જોર કમતી થાય છે. આવી વહેમ ભરેલી હીંદુ ચાલ ઉપર, વીસવાસ રાખવો, અને તેની એવી નબળી ક્રીયા કરી બુતપરસ્તીને માનવું, એ આપણા પાક મજહબને હીણપરતી લગાડનારૂં છે. તેમજ અપવાસ રાખવાનું આપણા ધરમમાં ઘણું ગુનાહ ભરેલું ગણેલું છે.

ધુણવાનું ધટીંગ.



ગુજરાતના કોઇ કોઇ ગામોમાં હલકી વરણના હિંદુ ગોલા, ઢીબરા, વીગેરે ઢોંગી ધુતારાઓ પોતાને જાણે પીર કે દેવીઓનો સાહયો હોય તેમ પોતાના મકાન આગળ તેમની થાનક કાઢી

ત્યાં ધુણવા વગેરેનું ધટીંગ ચલાવી રહેલા જણાય છે. અને ત્યાં આપણી કોમની કેટલીંક અભણ વેહમી અને બુબખ પારસણો કંઇ પણ આંકોશ વગર ખુલ્લી રીતે વહેમને વશ થઇ જુદદીનની સંગતમાં ભરાઇને ધુણવા વગેરેનું ચેટક લઇ બેઠેલી સાંભળવામાં આવી છે. અને એવી રીતે આપણી નજર સામે દીવસો સુધી વગર હરકતે આ ભમાયલી પારસણોને આવી હીણ-પસ્તી ભરી દેવદરૂજ પરસ્તીપર ઉતરી પડેલી જોઇ આપણને અફસોસ છુટે છે. પારસણો ધુણે અને બુત પરસ્તીને ઉતેજન આપે એ ખ્યાલજ આપણને ઘણોજ દુઃખ ઉપજાવનારો થઇ પડે છે. વળી માત્ર સ્ત્રીઓજ આવી બદીમાં ખરાબ થાય છે એમ નથી, પણ કેટલાક મરદો પણ પોતાના ઘરની ઓરતોની ફુસલવણીને તાબે થઇ તેવા વહેમને તાબે થાય છે જે ઘણીજ અફસોસની વાત છે. આવા વહેમમાં અને વહેમમાં ચેટક લાગવાથી આખરે ધર્મથી અધર્મી બની જુદદીન એતેકાદ યા ધર્મ તરફ ઢળી જઇ પોતાનો પાક મહજબ છોડી પરકોમમાં વટલી જવાના ખેદકારક દાખલાઓ બનયા છે. અને એવી રીતે કોમમાં પસરતી જતી બુત પરસ્તી, અને જુદદીન આચાર વીચારનો વધતો જતો જોર એ પારસી કોમની ખરાબીનું ભયંકર મુળ જણાય છે:—આપણા પાક ,મહજબમાં ગુનાહ ભરી બુત પરસ્તીને કોઇબી કારણથી આધીન નહી થવાની બલકે ધીક્કારો કાઢવાની સખ્ત તાકીદ કરવામાં આવેલી છે. માટે દરેક સાચા જરથોસ્તીની ખાસ ફરજ એ છે કે, જેમ બને તેમ પેતાના મહા કદીમ અને અતી ખાલેસ મહજબને ટેકવી રાખવાને તથા

તેની સ્વચ્છતા જાળવી રાખવાને પોતાથી બનતા સઘળા ઉપાયો લેવા, અને ટોલામાં પસરતી જતી આવી દેવ દરૂજ પરસ્તીને ઉખેડી કાઢવાને પોતાથી બની શકતી ફરજ બજાવવી જોઇએ.

સેવડા-બ્રાહ્મણ.



આપણી કોમમાં કોઇ કોઇક અભણ બુબખ ઓરતો, જેઓને નીતી કે ધર્મ ફરમાનો ઉપર આસ્થા કે યકીન નહી, તેવી પાપી સ્ત્રીઓ સેવડા બ્રાહ્મણોમાં ફરી જાદુ કોટલ કરાવાનું સૌથી પાપી અને દોજખી કામ કરતી સાંભળવામાં આવી છે. આ બદકાર ઓરતો, જેઓ ધર્મ, એટલે પોતાની ફરજ, સરજત શી છે, તે જાણવાનું છોડી સંસારના ખ્યાલી તથા ફાની સુખનેજ સર્વોત્તમ માને છે, તેઓ સંસારમાં શારીરીક ઉદયોગ, કે ઉપાયોથી સુખ મેળવવાને બદલે કોઇ અણદીઠ કે ગેબી 'સાધન' વડે થોડી સગવડ કરી આપનાર વીશે ઉંચુ મત બાંધી તેના ઉપર ઇમાન લાવે છે, અને તેમ કરીને ખરા મીનોઇ માર્ગ તરફથી હાથે કરીને હડીને જાદુગરીના કીચલમાં પોતાને હોમાવે છે, કે જે ખરા ધર્મ જ્ઞાનની કોતાઇનું શોકકારક પરીણામ છે.

અને એવી રીતે પોતાના ખાવીંદ, બેટા અથવા કુટુંબના ચીકાશદાર વડાને હથેળીમાં રાખવાના પછાડામાં, જરથોસ્તી જુવાન તેમજ ઉમરે પુગેલી ઓરતોને, સેવડા, બ્રાહ્મણોની સંગતમાં, પઇસે ટકે તથા ઇજત આબરૂએ ખાલે ખુવાર થઇ જવાના અનેક દાખલા બનેલા આપણે સાંભળ્યા છે. આપણા

જરથોસ્તીઓમાં ઘણે ઠેકાણે જોઇશું તો કોઇ કોઇ ઓરતો પોતાના ધણીના ફરમાનોને માન આપી તેની તાબેદાર થઇ રહેવાને બદલે નાફરમાંન અને તુંદમીજાજ બની હર વખત કજીઆનું બી રોપે છે. અને આખરે ભારે વેરભાવ બની બોલ ચાલનો વેહવાર ન રેહતાં છુટાં પડે છે. ત્યારે ધણીઆણી પોતાના ધણીને હાથ લેવાને યા તેને વશ કરવાને સેવડા બ્રાહ્મણોમાં ફરી જાદુ કોતલ કરાવવાના ફાંફાં મારતી જણાય છે. તેમજ વળી કોઇક સાસુ, નણંદ, કે વહુને બીઆબારૂ ચાલતું હોય તો તેઓ એક બીજાનું કાટલું કહાડી નાંખવા યા તેને વશ કરવાને ફાંફાં મારતી જણાય છે. તો વળી કોઇક બીમાર આદમીને દવા દારૂથી જલદીથી આરામ ન થતાં તેને એકદમ સારૂં કરાવવાની ખાહેશમાં ધુતમ ઘાતમીઓને વશ થાય છે. તો વળી કોઇને છોકરાં થતાં ન હોય તો તેઓ છોકરાં જણવાની ખાહેશ એવા ધુતમીઓને વશ થઇ ઢકેલા ખાતી જણાય છે.

આ અભણ પારસણોની ચીવટપણે જડ ઘાલેલી વહેમીપણાનો લાભ લઇ તેમનો ભુન પુંજારી તેમને ફાવે એમ લુટી ખાય છે. તે તેઓને છોકરાં આપવાની કબુલાત આપે છે; કોઇને પૈસા ટકા તો કોઇને ધારેલી મકસદ પાર પાડવાનો વચન આપે છે, પણ આ સઘળું કરણીના કાયદાથી બનતું હોવાને લીધે, કરણીના કાયદા વચે—એટલે કુદરતી ઇનસાફ અને જગતના કાયદાની વચે—કોઇથી જવાઇ શકાતું નથી અને કાંઇ ફેરવી શકાતું નથી, અને તેથી જે બનવાનું ઠરેલું હોય છે તેજ બને છે. માટે જ્યારે કોઇ ધારેલું કામ કુદરતી રીતેજ પાર પડે

ત્યારે તે કોઇ ખાકી આદમીની મેહેરબાનીની અથવા શકતીથી બન્યું એમ માનવું ખોટુંજ છે.

ઉપર જણાવ્યા પ્રમાણે તેવી જાદુ કોટલમાં ચકચુર થયલી શયતાની ખવાસની પાપી ઓરતો પોતાના જરથોસ્તી ધર્મ અને કોમને એબ લગાડનારી, રીતી નીતીનો ખરાબો, તેમજ પારસી સંસારનું સત્યાનાશ વાળનારીઓ છે. આવી પાપી ઓરતો ટોલામાંથી દુર થયલી ભલી. આવી શેતાની ઓરતોનું જરથોસ્તી ધર્મ ઉપર એકીન તો હોતુંજ નથી, અને એવી દોજખી ઓરતોને પવિત્ર મકાનો કે ક્રિયાઓમાં સામેલ કરવી કે તેઓ પાસે પવિત્ર દરૂન કરાવવા તદન નારવા છે. તેમજ આવી નાપાક કોટલખોરી ઓરતોનાં છોકરાંઓની સાથે સગાઇનો ગાંઠ બાંધવો એ સંસારનું સત્યાનાશ વાળવા બરાબર છે.

કોમને નામોશી લગાડનારી એવી કેહેવાતી 'પારસણો' તરફ કયો જરથોસ્તી બચો ધીક્કારની લાગણીથી જોઇ નહી શકે? જરથોસ્તી કોમની ઓરતોને જુદદીની જાદુઇ માર્ગ તરફ ઢળતાં જોવું એ કોમની આબરૂ નીતીનો, તેમજ સંસારનું સત્યાનાશ વાળનારી ભયંકર ખરાબીનું મુળ જણાય છે!

પવિત્ર ક્રીયામાં મુકવામાં આવતો માંસ દારૂનો ખોરાક.



આપણા જરથોસ્તીઓમાં એવો વીચાર પસરી રહેલો જણાય છે કે ચેહારમ જેવા દીવસે તથા બાજ રોજગાર હોય તે દીને

સતુમ માટે જે ખાનુ રાંધવામાં આવે, તે ચાવલ તથા ગોસ્તની દાળ, અથવા તરકારીનુંજ હોવું જોઇએ; એટલે કે લોબાન માટેના કે સતુમ પઢાવાનાં ભાણામાં ગોસ્ત જરૂર જોઇએ. પણ એ વીચારને ધર્મનો કાંઇ પણ ટેકો નથી. અને એ "ચાલતો આવેલો રીવાજ" ધર્મ લાગણી છતાં અજ્ઞાનપણાંને લીધે, લોકોમાં એવો તો આમેજ થઇ ગયો છે કે એ રીવાજની વીરૂધ સમજાવવા જવું અથવા એ સવાલની ચારવણી કરવી એ બહુ સખત કામ છે. કારણ કે જેઓ મોજીલા છતાં ધર્મની દાજ પણ ધરાવનાર છે તેઓ મતલબસર ધર્મનાં બહાનાં હેઠળ એ ખાણાંનો ત્યાગ કેમ કરી શકશે?

હીંદુઓની માફક અસલી જરથોસ્તીઓમાં માંસ ખાવાતું નારવા સમજવામાં આવતું હતું, તેમજ જરથોસ્તીઓને માંસ વાપડવાની ધર્મની રીતે સખત મનાઇ છે જેની શાહેદત આપણને ધર્મ પુસ્તકો, અવસ્તાના દાખલાઓ કે તવારીખો ઉપરથી મળી શકે છે. આપણા ધર્મમાં ગાય-ગોસ્પંદની પરવરસી કરવા ઠેકાણે ઠેકાણે ફરમાવેલું, એટલુંજ નહી પણ તેમની માન સાથે યાદ થાય છે. કહો કે જે ધર્મ કલામો એવી મલતબના હોય કે "ગાય-ગોસ્પંદને નમાજ હોજો" તે ભલા ધર્મનું શું એવું ફરમાન હોઇ શકે કે ગોશ્પંદોને કાપી ખાવાં? દીનના એકરારનામામાં જરથોસ્તી ભાઇઓ પોતાના અશો રેહબરની રીત મુજબના હોવાનો એકરાર કરે છે, અને તોપણ પોતાના મહાપવિત્ર પેગમબર સાહેબના તરીકાથી ઉલટા જઈ તેઓ ગોસ્પંદોની કતલ કરાવવા અને તેનાં લોહી માંસને પોતાનો પલીદ ખોરાક બનાવવામાં જરથોસ્તીપણું માને છે!

સતુમ વગેરે પવીત્ર ક્રીયામાં લોહીથી ભરેલો માંસનો ખોરાક તથા દારૂ વગેરે કેફી પ્રવાહીને ક્રીયાની વસ્તુઓ મુકવામાં આવે છે, જે વસ્તુઓ તરફ દરૂજી શકતીઓ શીવાય કોઇપણ યઝદી શકતીનું ખેંચાણ થતું નથી, અને એવી રીતે જે પવીત્ર ક્રીયાઓ યઝદ અમશાસ્પંદોની આરાધના સાથ અશો ફરોહરોની યાદ તથા ખોદાની સેતાયસ કરાવાની છે, તે ક્રીયામાં જે જે ચીજો હાજર કરીએ છીએ તેમાં હાથે કરીને એહરેમની ખાસીઅતની માંસ અને દારૂ જેવી ચીજો કે જેવી રીતે હલકી વરણના લોકો ભુત પલીદ વગેરે બુરી શકતીઓને ખેંચવા સારૂ જે દારૂ અને લોહીનું બળીદાન આપે છે, તેવી અપવિત્ર ચીજો ધરમની પવીત્ર અને ભેદી ક્રીયામાં મુંકી ફરેસ્તાઓની આમદાની થવાને બદલે તેથી ઉલટી ખાસીઅતની હરતી ખેંચાઇ આવે એવું ધારવું તદન વાજબી કેહવાશે. માટે ખરા જરથોસ્તી ભાઇઓને મારી નમ્ર અરજ એ છે કે પોતાને ઘરે ચેહારમ જેવા દીવસે કે બાજરોજગારને દહાડે ખસુસ "પહરેજી" નું પાક ખાનું બનાવી અશો રવાનોને ખુશનુદ કરે. વળી "પહરેજી" ને નામે "મરઘી" પણ કપાવવી તે વેચાતાં લાવેલાં ગોસ્ત કરતાં બદતર કામ છે. કારણ કે જે દહાડે ઘરમાં પવીત્ર ભણતરો મારફતે સઘળી અશો પેદા-યશની ખુશનુદી ચાહવામાં આવે, તે દહાડે નીર્દોશ નીરાધાર પશુ પક્ષીઓ મારવાં, એ દયા અને દીનદારીના કાનુનથી તદન ઉલટું છે.
